5443

# બુદ્ધિપ્રભા

## જૈન ડાયજેસ્ટ



5518

# નૂતન વર્ષની શુભાશિષ

પ્રિય વાચક!

નૂતન વર્ષાભિનંદન!

નૂતન વર્ષારંભે મારે તમારે માટે શું ઇચ્છવું;

તમને શું મળજો એમ કહેવું?

તનદુરસ્તી?....

ઘણા ય મલ્લને દુઃખી ભાળીએ છીએ!

અઢળક લક્ષ્મી?...

...ય ચક્રવર્તીની આંખોમાં પૂર આવ્યાં છે!

...માં સુખ ભાળ્યું હતું!

# સમેત શિખર સળગે છે

દિવસો વીતતા જાય છે અને મામલો વધુ ગૂંચવાતો જાય છે.

સરકાર સાથેની આપણી મંત્રણાઓ ને તેનું નિરાકરણ છેક છેલ્લી ઘડીએ પલ્ટાઈ ગયું છે. સમેતશિખર પરના આપણા હક્કને માન્ય કરવા સરકાર તૈયાર નથી થઈ શકી. સમિતિમાં આપણા સભ્યો લેવા સરકાર તૈયાર છે પરંતુ એ ધરતી, એ પહાડ, જૈન શ્વેતાંબર મૂર્તિપૂજકોનો છે એનો સ્વીકાર આપણી સરકાર કરી શકતી નથી.

મંત્રણાઓ ચાલુ જ છે. વિરોધ પણ ચાલુ જ છે. પરંતુ મને કહેવા દો એ વિરોધ અધૂરો છે, ખરખૂણાનો એ વિરોધ છે.

વહેવાર ને વેપારને જાણનાર આપણી જૈન કોમને એ કહેવાની જરૂર ન હોય કે જ્યારે આપણા કોઈની મિલ્કત કે ઘર ઉપર કોઈ આક્રમણ કરે છે ત્યારે તેનો સામનો અને પડકાર આપણે ઘર બહાર ઊભા રહીને કરીએ છીએ, નહિ કે ઘરની અંદર રહીને.

આપણે આજસુધીમાં સમેતશિખર અંગેનો જે વિરોધ કર્યો છે તે બહુધા ઉપાશ્રયોની ચાર દિવાલોમાં બેસીને કર્યો છે. તે માટે જે ઉપવાસો કર્યાં છે તે ઘરના ખૂણામાં સૂઈ રહીને કર્યા છે. જે કંઇ વિરોધના ઠરાવો કર્યા છે તે ઘણે ભાગે આપણી સંસ્થાઓની બંધ ઓફીસોમાં રહીને કર્યા છે.

આ પ્રમાણે જો વિરોધ કર્યાનો સંતોષ માનવામાં આવશે તો મને શંકા છે, આ પ્રશ્નનો ઉકેલ ક્યારે ય પણ નહિ આવે.

આજે તો જરૂર છે, જગતના ચોગાનમાં આવીને, સંઘબળથી બુલંદ અવાજે પોકારવાની કે:—

**સમેતશિખરની ધરતી અમારી છે અને અમારી જ રહેશે.**

આ પ્રસંગે મને આચાર્ય કાલકસૂરિની યાદ આવે છે. સાધ્વી શ્રી સરસ્વતીનું ગર્દભિલ્લે અપહરણ કર્યું. અને આ નરસિંહે **'આપદ્ ધર્મ'** ને સમજીને કંથા ફગાવીને કાંટાળું બખ્તર ઓઢ્યું. દાંડાને છોડીને હાથમાં ભાલો પકડ્યો. ચોરપટ્ટો ઉતારીને એણે વીર સૈનિકનો સમર સ્વાંગ સજ્યો. અને ઘોડા ઉપર સવાર થઇ, રાજાની શાન ઠેકાણે લાવવા એણે તીરનું સંધાન કર્યું.

આ તો માત્ર એક જ દૃષ્ટાંત છે. પણ આપણો ઇતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે કે જ્યારે જ્યારે આપણા ધર્મ પર સંકટ ઉતર્યું છે ત્યારે ત્યારે આપણા પૂર્વજોએ તે સામે બહાદુરી પૂર્વકની લડત આપી છે.

આ માટે જીવનમાં ધર્મઝનૂન ઉતારીને હાથને લોહીયાળ બનાવવાનું હું નહિ કહું. પરંતુ એટલું તો જરૂરથી કહીશ કે **ધર્મનું અભિમાન** રાખીને જીવનને પોતાના જ લોહીથી રંગી દો!

દુનિયાની કે કુદરતની, સમાજની કે સરકારની કોઈ પણ આફત તમારા પર આવે તો તેને વધાવી લો! મૌન બનીને પોતાની જાત પર જ એ યાતનાઓને હસતા મોંએ સહન કરી લો!

યાદ રાખોઃ ઘોડાઓની ખરીઓ નીચે કચડાઇને બંદુકોમાંથી ધનાધન નીકળતી કાતીલ ગોળીઓને સામી છાતીએ વધાવીને આપણે આઝાદી મેળવી છે.

ગોળીનો જવાબ ગોળીથી આપીને નહિ પરંતુ એ માટે બ્રીટીશરોને આપણે કહ્યું હતું:— તમારી પાસે હોય તેટલી ગોળી છોડે જાવ, ભારતનું એકે એક સંતાન એ સામે ખુલ્લી છાતીએ ઊભું રહેશે; પરંતુ હવે એ **ગુલામ** રહેવાનું હરગીઝ પસંદ નહિ કરે, નહિ કરે.

જરૂર છે આજે એ **અહિંસક વીરતાની!**

જરૂર છે આજે એવા **મંગળ બલિદાનોની!!**

જરૂર છે આજ સમેત શિખર માટે—**મોતને પણ સસ્તું બનાવનાર મરજીવાઓની!!**

સમેત શિખરને તો આજ જરૂર છે—**મોતને મુઠ્ઠીમાં લઈ ભમનાર ભડવીરોની**

એને આજ જરૂર છે ધર્મના રક્ષણ માટે **ધનને ધૂળ ગણનાર ધનવીરોની.**

એને તો આજ જરૂર છે ભગવાનને વહાલા ગણી ભોગને ફુંકી નાંખનાર **ધગધગતા કર્મવીરોની.**

એને જરૂર છે આજ **સામુદાયિક તાકાતની.** એને જરૂર છે આજે **સંગઠનની.** એને જરૂર છે આજે **સક્રિય પ્રચંડ વિરોધની.**

સમેત શિખર તો કહે છે તમે જો મને તીર્થધામ માનતા હો, તમારા જીવનની મને આરાધ્ય ભૂમિ સમજતા હો, તમારી જિંદગીની મને મંઝિલ ગણતા હો, અને તમારા પાપોનો નાશ કરનારી મને પવિત્ર ધૂળ સમજતા હો—

તો જાગો અને ઊભા થાવ! એ મારી ધૂળનું તિલક કરો અને વિજયકૂચ માટે 'વીર' બનીને નીકળી પડો.

મારી ગોદમાં પોઢેલા એ તીર્થંકરો અને શ્રમણ ભગવંતોમાં શ્રદ્ધા રાખો અને તેઓને નમન કરીને ચાલી નીકળો.

પણ ક્યાં?

તમારા ગામની સરકારી કચેરીઓ આગળ. તમારા ગામના જાણીતા જાહેર મેદાનમાં.

સૌ ભેગા મળીને, શાંત ભાવે, અરિહંતનું નામ દઈને કૂચ કરે જાવ. તમારા ગામના સરકારી મુખ્ય અમલદારને વિરોધનું મેમોરેન્ડમ આપો.

તમારા ગામના જાહેર મેદાનમાં એ સરઘસને વિખેરી સભા ભરો. ત્યાં જનમતને કેળવો. ઇતર પ્રજાઓનો પણ સહકાર માંગો.

અને સભાના એ મંચ ઉપરથી બુલંદ અવાજે સરકારને કહો—

**સીંચી છે ધરતી સમેતની, અમારા ભાવ શોણિતથી,**
**નહિ દઈએ, નહિ દઈએ, ધરતી અમારા એ ભગવાનની.**

ગુણવંત શાહ (સંપાદક)

मित्तीमे सव्व भूएसु वेरं मज्झं न केणई।

બધા જીવો સાથે મારે દોસ્તી છે; દુશ્મની મારે કોઈ સાથે નથી.



# બુદ્ધિપ્રભા

## દીપોત્સવી અંક


| | | |
|---|---|---|
| ૧૦ નવેમ્બર ૧૯૬૪ | વરસ ૫ : સળંગ અંક ૬૦<br>લવાજમ<br>(ભારત) રૂા. ૫-૦૦ પરદેશ રૂા. ૭-૦૦<br>છુટક નકલ એક રૂપિયો | કાર્યાલય<br>C/o જે. એસ. દંતારા<br>૧૨/૧૬, ત્રીજો ભોઇવાડો,<br>મુંબઈ-૨ |

| | | |
|---|---|---|
| ઇંદિરા શાહ<br>તંત્રી | ગુણવંત શાહ<br>સંપાદક | ભગવાન શાહ<br>સહતંત્રી |


શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

પ્રીતને પ્રસવ થયો અને એણે એક બાળકને જનમ આપ્યો. એ બાળકનું નામ તે મહાબ્રહ્મ.

—૫૩—

પ્રેમનો સ્વભાવ જ ઊર્મિલ છે. તમે તેના પર લાખ બંધનો રાખોને તોય તે, બંધ હોઠોએ પણ તેની હૈયાવાત તે કહી જ દેવાનો.

—૪૦—

# પ્રેમ ગીતા

—સંસ્કૃતમાં— મૂળ

પ્રેમનું બીજું નામ છે સમર્પણ.

એને ગણત્રી ફાવતી નથી તેમજ એને મારા તારાનો ભેદ પણ સમજાતો નથી.

એ તો એક જ વાત જાણે છે, અને તે છે અદ્વૈત.

—૩૦—

ઓ પ્રેમ! મેં તને ત્રણરૂપે નીહાળ્યો છે. તારું એક રૂપ આરામ અને ભોગનું છે. તારું બીજું રૂપ અભિમાની અને તોરી છે. તારું ત્રીજું રૂપ નિજાત્મ મસ્તી ભર્યું અને નિર્વિકલ્પ છે.

હું તો બસ, ઓ પ્રેમ! તારા આ છેલ્લા જ રૂપનો ચાહક અને સાધક છું.

—૪૬—

પ્રેમ ભાવનાનો ભૂખ્યો છે; ભોગનો નહિ, એ સચ્ચાઇનો ચાહક છે; સંપત્તિનો નહિ.

પ્રેમ તો અનાસકત છે. વધુ કહું તો અલગારી આતમ છે એ તો.

—૬૦—

તમે બહુ બહુ તો દેહના રોમેરોમ જુદા કરી શકો, પ્રેમને તમે એવું કંઈ જ નહિ કરી શકો.

પ્રેમ એ એક એવું અમર ફુલ છે જેની પાંદડી સળગી ઊઠે છે પણ સુવાસ નથી સળગતી; એ તો પમરાટ જ પાથરી જાય છે.

—૬૭—

રાગ અને દ્વેષનો તું ત્યાગ કર, પ્રેમની મંગલ આશિષ તને મળશે જ મળશે.

—૭૨—

—ગુણવંત શાહ
ભાવાનુવાદક.

ચિંતન કણિકા

ઇશ્વરમાં શ્રદ્ધાવાળો કહેશે:—
દુઃખ એ તો ઇશ્વરે આપેલી ભેટ છે.”
નાસ્તિક કહેશે:—
દુઃખ એ તો સમાજે કરેલો માનવીને અન્યાય છે.”
જ્યારે આત્મનારિક્ષણ કરનાર માનવી તો એમજ કહેશે કે:—
“દુઃખ એ તો માનવ્ય દુર્બળતાએ નોતરેલું એક પરીણામ છે.”
સાચું ને સત્ય તો છેલ્લું જ છે.

*

માનવી ને પંખીમાં આટલો જ તફાવત છે.
માનવી કાલ માટે જીવે છે જ્યારે પંખી તો આજમાં જ મસ્ત છે.

*

અહિંસાને મેં પૂછ્યું:—“ તારી ભાષા શું છે ?”
અને તેણે જવાબ આપ્યો: સહનશીલતા.

*

વાગોળે તે ઢોર, વિચારે તે માનવી, પણ એ વિચારોને જે વાગોળે તે તો સંત છે સંત.

*

મેં એને પૂછ્યું:—“આત્મા અને પરમાત્મા વચ્ચે શું તફાવત છે ?”
ત્યારે તેણે કહ્યું:—“આત્મા બિંદુ છે, પરમાત્મા સિંધુ.”

*

નદી અને જિંદગીમાં કંઇ ઝાઝો ફરક નથી. પહેલી પર્વતની ગોદમાંથી નીકળી સાગરને મળે છે, બીજી માતાના ગર્ભમાંથી નીકળી મૃત્યુના મહાસાગરને મળે છે. વિલિનીકરણ એ જ જાણે બંનેનો સ્વભાવ ન હોય ?

*

લાજમાં તમે સ્રીનું સૌન્દર્ય ઢાંકી શકો છો તેના હૃદયનો ધબકાર નહિ.

—ગુણવંત શાહ

# બુદ્ધિપ્રભાનું સરવૈયું

## સંપાદકીય

દીવાળી આવતાં જ વેપારી પોતાના ધંધાનું સરવૈયું કાઢે છે અને હિસાબ લગાવે છે કે પોતે કેટલો નફો કર્યો ને કેટલું નુકશાન કર્યું.

ગઈ દીવાળીએ અમે બુદ્ધિપ્રભાનો ચોથા વરસનો પ્રથમ અંક મુંબઈથી પ્રગટ કર્યો હતો. આજે અમારા હસ્તક બુદ્ધિપ્રભા બીજા વરસમાં પ્રવેશ કરે છે. ત્યારે અમારું સરવૈયું કાઢવાનું અમને સ્વાભાવિક જ મન થાય છે.

પણ આ સરવૈયું અમે રૂપિયામાં નહિ કાઢીએ. અમે કેટલી પ્રગતિ કરી ને હજુ કેટલી પ્રગતિ કરવી બાકી રહી તે જ કહીશું.

પરંતુ અમારી પ્રગતિની પ્રશંસા અમે કરીએ એ તો નરી આત્મપ્રશંસા જ લેખાશે. છતાં પણ એટલું તો અમે ગૌરવપૂર્વક કહીશું કે પ્રાસંગિક અંકો કાઢવામાં બુદ્ધિપ્રભાએ ચોક્કસ પ્રગતિ સાધી છે. પર્યુષણ, મહાવીર જન્મ-કલ્યાણક તેમજ દીવાળી પ્રસંગે તો બધા જ પત્રો વિશેષાંક પ્રગટ કરે જ છે. તેવા અંકો પ્રગટ કરી અમે કંઈ વિશેષ પ્રગતિ નથી બતાવી. પરંતુ અમે કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય, ઉપાધ્યાયજી, શ્રી યશોવિજયજી, ચિકાગો વિશ્વધર્મ પરિષદ્‌ના વિજયી પ્રતિનિધિ શ્રી વીરચંદ રાઘવજી ગાંધી જેવી વિશિષ્ઠ વ્યક્તિઓની પુણ્યતિથિ પ્રસંગે પ્રગટ કરેલા પ્રાસંગિક અંકો એ તો બુદ્ધિપ્રભાની આગવી જ પ્રગતિ ઇતિહાસે નોંધાશે.

બાકી સાહિત્યની દૃષ્ટિએ અમે કેટલી પ્રગતિ સાધી એનો હિસાબ તો વાચકો જ કહેશે.

એ ખરું છે કે અન્ય પત્રોની જેમ અમે દળદાર અંકો પ્રગટ નથી કરી શક્યા. અમારાથી અમારી મર્યાદામાં રહી જેટલા વધુ પાના આપી શકાય તેટલા અમે પાનાં આપ્યાં છે. અને અમે એ દરેક પાના વધુ ને વધુ સાહિત્ય સભર બને એવો પ્રમાણિક પ્રયાસ કર્યો છે. એક પણ પાનું બીન જરૂરી રીતે પ્રગટ ન થાય તેનો અમે જાગૃત પ્રયત્ન કર્યો છે, અને ચિંતન કણિકા, આમને–સામને, પ્રેમ ગીતા, 'ગુરુદેવના પત્રો' ગીત મંજૂષા, ગોચરી, સમાલોચના જેવા વિવિધ

સ્તંભો આપી વાચકોનો વિવિધ શોખ સંતોષવાનો નમ્ર પ્રયત્ન કર્યો છે. અને આ વિભાગોને વાચકો તરફથી સારો એવો આવકાર પણ મળ્યો છે. ઉપરાંત નવોદિત લેખકોની સુંદર વાર્તાઓ પણ પ્રગટ કરી છે ને તે હોંશે હોંશે વંચાઈ પણ છે અને વધાવાઈ પણ છે.

અમે આ જે કંઇ પ્રગતિ કરી તેમાં અમે તો માત્ર નિમિત્તરૂપ જ છીએ. બુદ્ધિપ્રભાની પ્રગતિનો ખરો યશ તો અમારા વાચક મિત્રો, એ વાચક સંખ્યા વધારી આપનાર અમારા માનવંતા પ્રચારકો તેમજ બુદ્ધિપ્રભાને જાહેરખબર આપી આર્થિક રીતે સહકાર આપનાર વેપારી બંધુઓ તેમજ અમારા માનવંતા પેટ્રનો અને આજીવન સભ્યો અને બુદ્ધિપ્રભાને આશીર્વાદ આપનાર તેમજ પ્રસંગે સમાજના ઉદાર ગૃહસ્થોને તેમજ શ્રી સંઘને પ્રેરણા કરી તેઓ પાસેથી ઉદાર ભેટો મેળવી આપનાર પૂજ્ય શ્રમણ ભગવંતોને ફાળે જ જાય છે. આ સૌનો અમને જે ઉમળકાભર્યો સાથ ને સહકાર ન મળ્યો હોત તો અમે બુદ્ધિપ્રભાને કેટલું વિકસાવી શકયા હોત તે કહેવું મુશ્કેલ છે. આ તકે અમે તે સૌ ઉપકારીઓનો આભાર માનીએ છીએ. અને આશા રાખીએ છીએ. કે આ નવલ વરસે પણ તેઓ સૌનો તેવો ને તેવો જ સાથ ને સહકાર, પ્રેમ ને આવકાર મળી જ રહેશે.

**અંતમાં આ નવલ વરસ સૌનું સુખદાયી અને કલ્યાણપ્રદ બની રહો એ જ પ્રભોને પ્રાર્થના !**


**તમારી નકલ આજેજ નોંધાવો**

મહામાંગલ્યમયી, પરમ પ્રભાવક **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ** તેમ જ હાજરાહજૂર, મહાચમત્કારી શાસનદેવ **શ્રી ઘંટાકર્ણ મહાવીરના**

**તમામ સાઇઝના સાદા તેમજ નયન રમ્ય રંગોમાં**
ફોટાઓ અમારે ત્યાંથી મળશે.

આજે જ લખોઃ

**શ્રી અરવિંદ સી. શાહ**
ફોટો આર્ટીસ્ટ,
૪૯, જવાહર નગર, મધુકુંજ ગોરેગામ (મુંબઇ)

# અશોક

## સીલ્ક અને વેલ્વેટ



ફેશન-ડી-પારીસ
કિંગ્સ વેલ્વેટ
પદ્મિનિ
[illegible]સિનિ
અશોક બ્યુટી
સાટીન
[illegible]
[illegible]
લાઈનિંગ
ટેપેસ્ટ્રી

સેલીંગ એજન્ટસ:

**મેસર્સ વી. ચત્રભુજ એન્ડ કંપની પ્રાઈવેટ લીમીટેડ**

**કૃષ્ણ ચોક, એમ. જે. માર્કેટ, મુંબઈ-૨.**

ફોન: ઓફિસ — ૩૯૬૯૦ મીલ્સ — ૪૭૦૦૭૨ — ૪૭૧૨૭૬

ગ્રામ: [illegible]

# જૈન ડાયજેસ્ટ શા માટે?

ડાયજેસ્ટ અંગ્રેજી શબ્દ છે. તેનો અર્થ પચાવવું તેમ થાય છે. પરંતુ આ શબ્દને કોઇ સામયિક સાથે જોડવાનો શો અર્થ? એથી શું પચાવવાનું તે સુચિત કરે છે એ સવાલો થાય તે સ્વાભાવિક છે.

એનો જવાબ વિસ્તારથી જોઇએ.

ભોજનમાં ખાદ્ય સામગ્રી તો ઘણા પ્રકારની છે. પરંતુ માનવી તો તેને જે રુચે તેની પાચન શક્તિને માફક આવે તે જ ઘણું કરીને રોજ ખાય છે. સાહિત્યની ભૂખમાં પણ તેવું બને છે.

આજ અનેક પ્રકારનું સાહિત્ય પ્રગટ થાય છે. બધા જ તે બધું વાંચે છે એવું જોવા મળતું નથી. દરેક પોતાની રૂચિ પ્રમાણે જ વાંચે છે. અને આ ધમાલી દુનિયામાં દરેકને બધું જ ને બધા જ પ્રકારનું સાહિત્ય વાંચવાની ફુરસદ પણ હોતી નથી.

આથી સાહિત્યે પણ જમાનાની નાડ પારખી તેનામાં ફેરફાર કર્યો છે. બહુ લાંબી નવલ કથાને બદલે આજ નવલિકાઓ વધુ લખાય છે. સાત સાત અંકી નાટકોને બદલે આજ નાટીકાઓ વધુ લખાય છે. લાંબા લાંબા પ્રબંધોને બદલે નિબંધીકાઓ આજ વધુ લખાય છે. અને 'ગ્રંથ' (તંત્રી યશવંત દોશી) 'નવનીત' (ગુજરાતી ડાયજેસ્ટ) જેવા સામાયિકો નવલ કથાઓનો સંક્ષેપ આપે છે.

સારાય જૈન સમાજમાં અનેક સાપ્તાહિકો, પાક્ષિકો, માસિકો વગેરે પ્રગટ થાય છે. જો કે સાંપ્રદાયિકતા પર ચાલતા આ બધા પત્રો છે. છતાં પણ સાહિત્યના જ તે સંતાનો છે અને પત્રકારિત્વના જ તે વિવિધ રૂપો છે.

ગુજરાતી સાહિત્ય પણ જ્યારે ઇતર પ્રાંતિય તેમજ આંતરરાષ્ટ્રીય રીતે પોતાના સંપાદન તેમજ પ્રકાશનમાં યોગ્ય પરિવર્તન કરે છે તેવા સમયે સાંપ્રાદાયિક સાહિત્યે એવા પરિવર્તનોથી બાકાત રહેવું ન જોઇએ. આપણા સાંપ્રદાયિક પત્રોએ પણ જમાનાની નાડ પારખી આપણું સાહિત્ય આજની પદ્ધતિએ આપવું જોઇએ.

અમે છેલ્લા એક વરસથી તે જાતનો નમ્ર એનો પ્રયાસ કર્યો છે. એ પ્રયાસમાં હજી અમે સિદ્ધ નથી થયા પરંતુ પ્રારંભિક અમને જે સફળતા અને વાચકોનો આવકાર મળ્યો છે તે અમારે મન આનંદનો વિષય છે.

અને વાચકોના એ આવકારે જ અમને આ જૈન ડાયજેસ્ટ શરૂ કરવાની શ્રદ્ધા બક્ષી છે.

ડાયજેસ્ટ પત્ર માટે એક એવી રૂઢ માન્યતા સાંભળવામાં આવે છે કે ડાયજેસ્ટ એટલે વિવિધ પત્રો તેમજ માસિકોના ઉતારાઓનો ખીચડો પરંતુ આ માન્યતા ભ્રામક છે.

ડાયજેસ્ટ એ મધુસંચય છે. જેમ માખીઓ ફૂલ પર બેસી ફૂલને ઇજા કર્યા વિના મધ ચૂંટી એક જગાએ ભેગું કરે છે તેમ ડાયજેસ્ટ પત્રના સંપાદક વિવિધ પત્રોમાંથી સારૂં સારૂં ચૂંટીને ડાયજેસ્ટમાં પ્રગટ કરે છે. આમ ડાયજેસ્ટ વૈવિધ્ય સભર અને વૈવિધ્ય સાહિત્યથી વિપુલ બને છે.

બીજું આજના માનવીને એટલી બધી જંજાળ છે કે તેને બધાજ પ્રકારના માસિકો, તે વાંચવા ચાહે તો પણ તે નિરાંતે વાંચી શકતો નથી. આથી આવા એક ડાયજેસ્ટમાં આવતા વિવિધ પત્રોના સુંદર સાહિત્યથી તેને બધાજ પત્રો વાંચ્યાનો સંતોષ થાય છે. અને વિષય વૈવિધ્યતાનો તેનો શોખ પણ તેથી પુરો થાય છે.

ઉપરાંત ડાયજેસ્ટમાં પત્રોમાંથી જ ઉદ્ધરણ કરવું એવી કોઇ સીમા નથી હોતી. લેખકોની સંમતિથી તે તે લેખકોના પુસ્તકોમાંથી પણ ઉદ્ધરણ ડાયજેસ્ટમાં લેવામાં આવે છે. તેથી વાચકને વિવિધ પત્રો ઉપરાંત વિવિધ લેખકોના પુસ્તકો પણ વાંચવાના મળી રહે છે.

આમ હોવા છતાં ડાયજેસ્ટ પોતાની મૌલિકતા ગુમાવતું નથી. તેના પોતાના ધ્યેય અને ધોરણ પ્રમાણે તે વિવિધ સ્તંભો, કટારો પણ આપે છે.

ડાયજેસ્ટ બહુધા એક જ હેતુ રાખતું હોય છે. તેના વાચકને બને તેટલું વધુ ને વધુ સારૂં. ઊંચું, પ્રેરણાભર્યું અને કલ્યાણમય સાહિત્ય આપવું.

જૈન સમાજમાં આવું એક પણ ડાયજેસ્ટ નથી, અને તે હોવું જોઇએ, એ પ્રકારનો અનુરોધ થોડા મહિના અગાઉ ભાવનગરથી નીકળતા જૈન સાપ્તાહિક પત્રમાં, હું ભૂલતો ન હોઉં તો શ્રી કસ્તૂરમલ બાંઠિયાએ કર્યો હતો. અને એ અનુરોધના જવાબમાં 'જૈન'ના સામયિક સ્ફુરણમાં તેની નોંધ પણ લેવાઈ હતી.

આજ આ અંકથી અમે અખિલ જૈન સમાજની એ જૈન ડાયજેસ્ટની ખોટ પૂરી પાડવાની પહેલ કરીએ છીએ.

અમે જાણીએ છીએ કે આ પ્રકારનું ડાયજેસ્ટ સફળ રીતે ચલાવવું આપણા સમાજમાં મુશ્કેલ છે કારણ આપણા સમાજમાં વિવિધ વિષયો ને ક્ષેત્રોને આવરી લેતા એવા પત્રોની સંખ્યા પ્રમાણમાં અલ્પ છે. બીજું લેખક-વૃંદ પણ ઘણુંજ અલ્પ છે. અને જેઓ છે તે આવી બધી બાબતમાં થોડા ઉદાસીન પણ છે. તેમજ આવા ડાયજેસ્ટને અખિલ જૈન સમાજનો આર્થિક ટેકો મળી રહે કે કેમ એ પણ સંભાવના. આમ આ કાર્ય ખરેખર દુષ્કર તો છેજ, પણ અસંભવ કે અશક્ય નથી જ એવી અમને શ્રદ્ધા છે એથીજ જૈન ડાયજેસ્ટનો આ પ્રથમ અંક જૈન સમાજ સમક્ષ મૂકી અમે આશા રાખીએ છીએ કે સમાજની ડાયજેસ્ટની માંગને અમે જરૂરથી પૂરી કરી શકીશું.

આ લેખથી અમે અખિલ જૈન સમાજને અનુરોધ કરીએ છીએ કે તમે જે કોઈ ફીરકાના હો અને એ ફીરકામાં જે કોઇ પત્ર-માસિક વગેરે પ્રગટ થતું હોય તે અમને મોકલી આપવા વિનંતી છે. અને એ પત્રમાં પ્રગટ થયેલ સાહિત્ય આ ડાયજેસ્ટમાં પ્રગટ કરવાની સંમતિ મોકલી આપશે તો ઉપકાર થશે.

અંતમાં આ જૈન ડાયજેસ્ટને પોતાને જૈન કહેવાડવતો કોઇપણ જૈન ગ્રાહક સભ્ય બની સહકાર આપશે તો અમે તે સૌના આભારી થઇશું.

ઇંદિરા ગુણવંત શાહ (તંત્રી)
ભગવાનદાસ ગુલાબચંદ શાહ (સહતંત્રી)
ગુણવંતલાલ અમ્રતલાલ શાહ (સંપાદક)

વડોદરા જિલ્લાના અમારા ઉત્સાહી પ્રચારક
**શ્રી કનુભાઇ ઇન્દુલાલ શાહ**
C/o. ન્યુ ઈંડિયા ટેલર્સ,
મહાત્મા ગાંધી રોડ,
જૈન દેરાસર સામે, વડોદરા.

સ્વ. યોગનિષ્ઠ

અધ્યાત્મજ્ઞાન દીવાકર શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મ. ના

શ્રદ્ધાળુ ભક્તોને ખુશખબર

આર્ટ પેપર પર તેમજ પાકા પૂંઠા પર

રંગબેરંગી રંગોમાં

સાહિત્ય વ્યાસંગી, વડોદરા નરેશ શ્રી

## સયાજીરાવ ગાયકવાડ

અને

## શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ. ના

સંયુક્ત ભવ્ય ફોટા પ્રગટ થઈ ચૂકયા છે.

કિંમત :

આર્ટપેપર ફોટા નં. ૧ રૂ. ૧–૨૫ પૈસા

પાકા પૂંઠા પર ફોટા નં. ૧ ,, ૧-૭૫ પૈસા

લખો યા મળો :

જસવંતલાલ ગીરધરલાલ
વિદ્યાશાળા સામે,
દોશીવાડાની પોળ,
અમદાવાદ

શ્રી ઘંટાકર્ણ મહાવીર જૈન
કારખાના,
મહુડી (તા. વીજાપુર)

બુદ્ધિપ્રભા
C/o જયકુમાર એસ. કંતારા,
૧૨/૧૬, ૩ જો ભોયવાડો,
મુંબઈ ૨.

—ચિત્રભાનુ

# વામનમાંથી વિરાટ

હિંસાના ભડકાથી સળગતી દુનિયા પર, વિલાસમગ્ન દુનિયા પર, પાપથી ખદબદતી દુનિયા પર, ચૈત્ર સુદ તેરસના પુનિત દિવસે એક અજોડ બાળકે—વિભૂતિએ અવતાર લીધો.

આંખમાં અમૃત, મુખકમળ પર મધુર સ્મિત, હૈયામાં કરુણા અને આત્મામાં અખંડ વિશ્વવાત્સલ્ય ભરીને અવતરેલી આ વિરલ વિભૂતિને એક, દુનિયા દંગ બની ગઈ.

આ વિરલ-વિભૂતિના આગમનથી દુઃખિયારી દુનિયા પર સુખની શુલાબી હવાનો સંચાર થયો. વસન્તની કામણગારી કોકીલા આમ્રવૃક્ષની શાખા પર આનન્દને ઉલ્લાસથી ઝૂલા ઝૂલતી, મંજુલ-ધ્વનિથી ટહૂકા કરવા લાગી. કુંજની ઘટાઓમાંથી મનોહર પક્ષીઓ મનોજ્ઞ-ગીત ગાવા લાગ્યાં, શુભ્ર વસ્ત્રધારિણી સરિતા, પૂર્ણ સ્વાસ્થ્યથી ઝડપભેર મધુર હાસ્ય કરતી, સાગર ભણી ધસવા લાગી. વિશાળ આકાશમાં પરિભ્રમણ કરતા દીવાનાથનો કોમળ પ્રકાશ-પુંજ, ધરા પર વર્ષવા લાગ્યો, અને અવિરત નરકની યાતના ભોગવતાં પીડિત હૈયાં, આ શાન્ત અને સુખના મુક્ત વાતાવરણમાં વિહરવા લાગ્યાં, વાતાવરણ કાંઈક અલૌકિક હતું !

આ વિરલ વિભૂતિનો અવતાર થતાં, સ્વયં દેવેન્દ્રો એમના દર્શનાર્થે આવ્યા, મહાન્ ભૂપાલો અંજલિપૂર્વક એમની સામે શિર ઝૂકાવીને, નમન કરવા લાગ્યા; અનેક માનવો એમની સેવામાં હાજર થયા. અને વિશ્વનો વૈભવ એમના ચરણોમાં ખડકાવા લાગ્યો.

એ દિવસોમાં એમના યૌવનનો રંગ જામ્યો. સંસારનો રંગ પણ ખીલ્યો અને પ્રિયદર્શના જેવું સંસ્કારી સંતાન પણ જન્મ્યું, પણ આ બધું એ વિરલ વિભૂતિને મન પુણ્યરૂપી રોગને નાશ કરવા માટે ઔષધરૂપ જ હતું. આમ કરતાં ત્રીશ વર્ષના વા'ણાં તો વિજળીના ચમકારાની પેઠે વહી ગયાં. માનવીને સુખના દિવસો કેટલા સોહામણા લાગે છે !

દુનિયાના સદ્ભાગ્યના એક મનોહર પ્રભાતે, આ વિરલ વિભૂતિએ વૈભવથી ઉભરાતાં રાજમંદિરોનો અને વ્હાલસોયાં સ્નેહીઓનો ત્યાગ કરીને, મહાભિનિષ્ક્રમણ કર્યું; કારણ કે દુનિયા એમને દુઃખથી છલકાતી દેખાણી. દુનિયા જ્યારે દુઃખથી રીબાતી હોય ત્યારે આ કોમળ હૈયું સુખમાં કેમ વિલસી શકે ?

આ વિરલ વિભૂતિના વસમા વિયોગની વેધક વાંસળી વાગી અને

ક્ષત્રિયકુંડ ગામના ઉપવનમાં એક અજોડ કરુણ દશ્ય જામ્યું. આ દશ્ય આ જીવન સમર્પક વિરલ વિભૂતિનું વસમી વિદાયનું હતું. આ દશ્ય અનાથ હૈયાંઓની કોમળ લાગણીઓથી છલકાતું હતું. આ દશ્ય વચ્ચે હૃદયવિદારક ઘેરા ડૂસકા અને સાચાં આંસુ પણ હતાં. હા ! આકરી વિદાય કોમળતાપૂર્વક ભજવાતી હતી. આ વિદાયના દશ્યમાંથી વાત્સલ્ય અને કરુણાની ધારા ટપકતી હતી. આ વસમી વિદાયની વાંસળી-માંથી હૈયાને હચમચાવી મૂકે એવા કરુણ અને વેધક સૂરો વારંવાર આવી નાજુક હૈયાંઓને વ્યથિત કરતા હતા. પોતાના લઘુ બન્ધાવનું આ મહા-ભિનિષ્ક્રમણ નંદિવર્ધનના વાત્સલ્યપૂર્ણ હૈયાને વલોવી નાંખતું હતું. જીવનમાં ક્ષણ માત્ર પણ છૂટો નહિ પડનાર પોતાનો લઘુબાન્ધવ આજે સદાને માટે ગૃહ-ત્યાગ કરે છે. ખરેખર, માનવીની પ્રિય વસ્તુ જાય છે. ત્યારે એના 'જીવનનું સર્વસ્વ લેતી જ જાય છે !

ત્રીશ વર્ષ સુધી સૌરભવાળા તરુવરોની શીતળ છાયામાં વિહરનાર માનવી, અખંડ-અગ્નિ ઝરતા તડકામાં તપે, પુષ્પોની નાજુક શય્યામાં પોઢ-નાર માનવી, કંટક પર કદમ ભરે, લાખોની સલામ ઝીલનાર માનવી, રંક આર્યોના અપમાન સહે; આ કાર્ય કેટલું કપરું છે? એ તો અનુ-ભવીનું હૈયું જ વેદી શકે—તે આ વિરલ વિભૂતિનું હૈયું જ !

*　　*　　*

સ્વયં ઇન્દ્ર મહારાજે મુક્ત કંઠે પ્રશંસા કરી—"આજે ભારતવર્ષમાં એક વિરલ વિભૂતિ છે કે જે મરણથી ગભરાતી નથી અને જીવનથી હર્ષ પામતી નથી જેને સુખના મનોજ્ઞ સાધનો ખુશ કરી શકતાં નથી અને દુઃખના ક્રૂર સાધનો મુંઝવી શકતા નથી. એ મહા-વિભૂતિની દિવ્ય તપશ્ચર્યા આજે વિશ્વમાં અજોડ છે !—" આ પ્રશંસામાં કોઇ સામાન્ય માનવીના ત્યાગ, તપ અને ધૈર્યની કેવળ અતિશયોક્તિ કરવામાં આવી છે, એમ ત્યાં સભામાં બેઠેલા ઇર્ષાળુ સંગમે માની લીધું, અને સાથે સાથે નિશ્ચય કરીને ઊઠયો કે, એ પામર માનવીને ત્યાગ, તપ અને ધૈર્યમાંથી ચલિત કરીને, ઇન્દ્રની પ્રશંસાને અસત્ય બનાવું. આ નિશ્ચય કરતાં જ સંગમ દેવ મટી દાનવ બન્યો, અને વિરલ વિભૂતિ પાસે આવ્યો.

સિંહનું રૂપ ધારણ કરી માનવ-હૈયાંઓને વિદારી નાંખે એવી સિંહ-ગર્જનાઓ કરી જોઇ, પ્રલયકાળના મેઘનું રૂપ ધારણ કરી વિજળીઓના કડાકાભડાકા કરી બ્રહ્માંડના કાન ફોડી નાંખે એવા અવાજોના અખતરાઓ પણ કરી જોયા; અને છેલ્લે સર્વ શક્તિઓ કેન્દ્રિત કરી, ભયંકર રાક્ષ-સનું રૂપ ધારણ કરી, એ વિરલ વિભૂતિ પર ત્રાટકવાનો પ્રયોગ પણ કરી જોયો. પણ એ બધું નિષ્ફળ નીવડયું !

આવા પ્રલયના ઝંઝાવાત અને

ચક્રવાત વચ્ચે પણ એમનો ધૈર્ય-દીપક અચલ રીતે ઝળહળતો જોઈ, સંગમ દંગ થઈ ગયો. એના અભિમાનના ચૂરેચૂરા થઈ ગયા. અભિમાન ગળતાં જ પોતાને, આચરેલા પાપનો પશ્ચાત્તાપ થવા લાગ્યો. એ વિરલ વિભૂતિ પ્રત્યે આચરેલા અયોગ્ય વર્તનથી એના હૈયામાં પશ્ચાત્તાપનો ભડકો ભભૂકી ઉઠયો. અને પોતાની જાતને ધિક્કારતો એ વિભૂતિના ચરણોમાં પડી, અંજલિપૂર્વક દીન સ્વરે ક્ષમા માંગવા લાગ્યો.

"પ્રભો! આપ શૂરવીર છો, ધીર છો, ગંભીર છો, આપનું આત્મિક બળ અનુપમ છે, આપનો ત્યાગ તપ અને ધૈર્ય અજોડ છે! આપની જોડ આ વિશ્વમાં લાધે તેમ નથી. આપની પ્રશંસા ઇન્દ્રે કરી, પણ હું અધમ એ ન માની શકયો અને આપની પરીક્ષા કરવા માટે આવ્યો; પણ આજે મને પૂર્ણ સત્ય સમજાયું કે, મારા જેવા અધમો પોતાની મનની કલુષિતતાથી જ આપના જેવા મહામાનવના ગુણો સમજી શકતા નથી, અને ઇર્ષા અને અભિમાનથી પોતાની જાતનેજ મહાન મનાવવાનો પ્રયત્ન કરતાં પરિભ્રમણ કરે છે. આપ જગતના પિતા છો, આપ જગચ્છરણ છો, વિશ્વબંધુ છો, જગદાધાર છો, અધમોદ્ધારક છો, અને તારક છો. હે કરુણાસાગર! મારા અપરાધની ક્ષમા કરો. હું નીચ છું-અધમ છું, પાપી છું, મારો ઉદ્ધાર આપના જ હાથમાં છે, નાથ! માટે મને તારો!!!"

આવા અઘોર અને ભયંકર અપરાધ કરનારા સંગમને પણ વિશ્વ-વિખ્યાત આ વિરલ વિભૂતિએ તો પોતાની અમૃત-ઝરતી આંખોમાંથી કરુણાની વર્ષાજ આરંભી! એમની વૈરાગ્ય ઝરતી આંખોમાંથી વાત્સલ્યનું ઝરણું ઝરવા લાગ્યું. એ પુનિત ઝરણામાં સ્નાન કરી ભારે હૈયે સંગમ પોતાના સ્થાન ભણી સંચર્યો!

સંગમે કરેલા અનેક દુઃખો વેઠયા પછી ફરી એમણે આર્ય અને અનાર્ય વજ્રભૂમિ ભણી વિહાર આદર્યો. સાડાબાર વર્ષ સુધી મૌનપણે ઘોર તપશ્ચર્યા કરી. આ દિવસોમાં એમના પર અનેક વિષમ-વિપત્તિનાં વાદળાં એક પછી એક તૂટવા લાગ્યાં, છતાં એમણે ધૈર્ય, સહિષ્ણુતા અને શાન્તિપૂર્વક એમને પ્રસન્નમુખે આવકાર આપ્યો.

આમ અનેક યાતનાઓના દાવાનળમાં આ તેજસ્વી વિરલ વિભૂતિના કર્મો બળીને રાખ થયાં અને એમનો અનન્ત સૂર્યના પ્રકાશથી ચમકતો આત્મા પ્રકાશી ઉઠયો. કૈવલ્યજ્ઞાન વ્યાપી રહ્યું અને અન્ધકારનો નિતાન્ત નાશ થયો. પૂર્ણ આત્માના પ્રકાશથી દિશાઓ વિલસી રહી. આ રળિયામણા સમયે એમના મુખકમળ પર અખંડ અને નિર્દોષ આનન્દ, વિશ્વવાત્સલ્ય ને પ્રશાંત ગાંભીર્યનો ત્રિવેણી સંગમ જામ્યો!

સાડાબાર વર્ષ સુધી સેવેલા મૌનનું દિવ્ય તેજ આ વિરલ વિભૂતિના શરીરના રોમાંચોદ્વારા ફૂવારાની જેમ વસુંધરા પર પ્રકાશ પાથરી રહ્યું. વર્ષોને અન્તે એમની મેઘ-ગંભીર મંજુલ ધ્વનિ સાંભળીને શું દેવો કે શું દાનવો, શું માનવો કે શું અન્ય પ્રાણીઓ; બધા એમની નિકટમાં આવવા લાગ્યા. એમનો ઉપદેશ સાંભળવા એ બધા અધીર બન્યા.

આ વિરલ વિભૂતિએ મેઘ-ધારાની પેઠે ઉપદેશ પ્રારંભ્યો—"મહાનુભવો ! જાગો! વિલાસની મીઠી નિદ્રામાં કેમ પોઢયા છો? તમારું આત્મિક-ધન લૂંટાઈ રહ્યું છે. ક્રોધ, માન, માયા અને લોભ આ ચાર મહાન્ ધૂર્ત છે. એ તમને મોહની મદિરાનું પાન કરાવી, તમારા જ હાથે તમારી અમૂલ્ય સંપત્તિઓનો નાશ કરાવી રહ્યા છે માટે ચેતો ! સાવધાન બનો ! જાગ્રત બનો ! અને એ ધૂર્તોનો સામનો કરો."

આ સચોટ ઉપદેશ સાંભળી ભક્તો હાથ જોડી કહેવા લાગ્યા—"નાથ ! આપ શક્તિમાન છો. આપ આ ધૂર્તોનો સામનો કરી શકો છો, પણ અમે નિર્બળ છીએ, ધૂર્તો સબળ છે; અમારાથી એમનો સામનો કેમ થઈ શકે ? અમારા માટે આ કાર્ય કઠિન છે—કપરું છે—અઘરું છે. આપ તો સમર્થ છો. આપની સરખામણી અમારાથી કેમ થાય ?"

લોકોની દીનતાભરી વાણી સાંભળી, એ વિભૂતિએ વીર-ઘોષણા કરી—"મહાનુભાવો ! આવી દયાજનક વાચા ન ઉચ્ચારો. શત્રુઓ પાસે આવી નિર્બળ વાતો કરશો તો એ તમારો નાશ કરશે. હું પ્રત્યક્ષ જોઈ રહ્યો છું કે તમારો આત્મા બળવાન છે. વીર્યવાન છે. અનંત શક્તિઓનો ભંડાર છે. તમારો અને મારો આત્મા શક્તિની દૃષ્ટિએ સમાન છે. માત્ર ફરક એટલો જ છે કે તમારા પર કર્મનો કચરો છે, અને મારા આત્મા પરથી એ કચરો દૂર થયો છે. તમે પણ પ્રયત્ન કરી એ કર્મના કચરાને દૂર કરો અને પૂર્ણ-પ્રકાશી બનો. કાયરતા છોડી મર્દ બનો. ખડકની પેઠે અડગ રહો. ક્રોધ વગેરે શત્રુઓની સામે બળવો પોકારો હું તમને સમરાંગણમાં વિજય મેળવવાની વ્યૂહ-રચના બતાવું."

આ મંજુલ વાણી સાંભળી લોકો પ્રસન્ન બન્યા. જીવનવિકાસની નૂતન દૃષ્ટિ જાણવા માટે બધા ઉત્સુક બન્યા.

કદી ન ભૂલાય તેવો મનોહર સ્વર ત્યાં ગૂંજી રહ્યો—"હે દેવોને પણ પ્રિય જનો ! આ જીવન કેવું ક્ષણભંગુર છે તેનો જરા વિચાર કરો. યૌવન પુષ્પની જેમ કરમાઈ જનારૂં અસ્થાયી છે. સંપત્તિ વિજળીના ચમકારાની પેઠે ક્ષણિક છે. વૈભવો સન્ધ્યાના રંગની જેમ અસ્થિર છે. સંયોગો મંન્દિરની ધ્વજાની પેઠે અચળ છે. આયુષ્ય પાણીના પરપોટાની જેમ અશાશ્વત

છે. સંસારમાં માત્ર ધર્મ જ એક એવો છે કે જે સ્થાયી–અચલ–શાશ્વત છે. આ ઉત્તમ ધર્મ પાળવા માટે ધર્માન્ધતાને છોડવી જ પડશે. ધર્માન્ધતાને છોડયા વિના સત્ય ધર્મ મળવો મુશ્કેલ તો શું પણ અશકય છે! ધર્માન્ધતાએ સત્ય ધર્મને ગુંગળાવી નાખ્યો છે, માનવોને અંધ બનાવ્યા છે. આ અંધતામાંથી કલહ અને કંકાસનું સર્જન થયું છે. આ ધર્માન્ધતાથી મહાયુદ્ધો થયાં છે. માનવી, માનવીનો શત્રુ થયો છે. આજ અન્ધતાને લીધે જ્ઞાન પણ અજ્ઞાનમાં ફેરવાઇ ગયું છે. હિંસા, પણ અહિંસાને નામે પ્રગટી છે. પાપ પણ પુણ્યના નામે જીવતું થયું છે. અધર્મ પણ ધર્મને બહાને પ્રગટ થયો છે માટે સત્ય ધર્મ મેળવવાનો અમોઘ ઉપાય બતાવું છું તે પ્રમાદ ત્યજી સાંભળો!

જીવન–વિકાસનો અમુલ્ય ઉપાય અનેકાંતવાદ છે. અનેકાંતવાદની કસોટી પર ધર્મની પરીક્ષા સુંદર રીતે થઇ શકે છે. માટે જીવનમાં અનેકાંતવાદ કેળવો. એના વડે વિશ્વાત્મૈકય કેળવો. એક એકનો સમન્વય સાધો. અનેકાન્ત એ પૂર્ણ દૃષ્ટિ છે. એના વડે વિશ્વમાં રહેલા સત્ય તત્ત્વોનું ગવેષણ કરો. અનેકાન્તવાદ એ સાચો ન્યાયાધીશ છે! એ જ વિશ્વને નિષ્પક્ષપાત સાચો અને પૂર્ણ ન્યાય આપશે એ અસત્યના કાળા પડદાને ચીરી નાંખશે અને સત્યના દર્શન કરાવશે. આ અનેકાન્તવાદને સ્યાદ્વાદ કહો કે સાપેક્ષવાદ કહો, બધું એક જ છે. આ અનેકાન્તવાદની દૃષ્ટિ જ્યાંસુધી જીવનમાં નહિ આવે ત્યાંસુધી માનવીનો વિકાસ થંભેલો જ છે, એવો મારો સ્વાનુભવ છે!"

અનેકાન્તવાદનો આ ભવ્ય સિદ્ધાંત સાંભળી લોકોનાં હૈયા આનન્દથી વિકસી ઉઠયાં. આ નૂતન દૃષ્ટિ પ્રત્યેકને આદરણીય લાગી. તેથી જ લોકોનાં મુખમાંથી આ શબ્દો સરી પડયા. "કેવી વિશાળ ભાવના! કેવી વિશાળ દૃષ્ટિ! દેવ! આપ ધન્ય છો. આપે જે પૂર્ણ પ્રકાશ મેળવ્યો છે તે અદ્‌ભૂત છે! આપ આપની વાણીનું અમૃત–ઝરણું આ સંતપ્ત સંસાર પર અવિરત વહેતું રાખો, એવી અમારી નમ્ર વિનંતિ છે, દેવ!"

આ વિભૂતિનો રુપેરી ઘંટડીના જેવો મધુર ધ્વનિ પુનઃ ગુંજી રહ્યો– "ભાગ્યશાળીઓ! હું જે કહી ગયો તે જીવનદૃષ્ટિની વાત કહી ગયો–વિચારવાની વાત કહી ગયો હવે આચારની વાત કહું છું. વિચારમાં જેમ અનેકાંતવાદને સ્થાન છે, તેમ આચારમાં અહિંસાને સ્થાન છે.

અહિંસા એ સુંદર સરિતા છે, અનેક તૃષિત હૈયાં એના જળથી તરસ છીપાવે છે. અહિંસા એ સેતુ છે, કે જે બે વિખૂટા દ્વેષી હૈયાંઓને જોડે છે. અહિંસા એ ગુલાબનું ફૂલ છે, જે પોતાની માદક સૌરભથી જગતને

પ્રફુલ્લિત કરે છે. અહિંસા એ વસંતની કોયલ છે, જે પોતાના મધુર સંગીતથી હિંસાના ત્રાસથી ત્રસિત દિલડાંઓને પ્રમુદિત કરે છે. અહિંસા એ જ વિશ્વશાન્તિનો અમોઘ ઉપાય છે. અહિંસા વિના વિશ્વમાં શાન્તિનું સામ્રાજ્ય સ્થાપવાનો બીજો કોઈ ઉપાય નથી જ. અહિંસાની અમર ચન્દ્રિકા જ વિશ્વ પર અમૃત વર્ષાવશે.

હિંસાના પાપે જ એક માનવી બીજા માનવીને જળોની જેમ ચૂસી રહ્યો છે. હિંસાની ભાવનાએ જ એક રાષ્ટ્ર બીજા રાષ્ટ્રને કચડી રહ્યું છે. હિંસક માનસે જ વિશ્વમાં અત્યાચારની હોળી સળગાવી છે. હિંસાના સામ્રાજ્યોએ માનવીને પીડિત, વ્યથિત અને દલિત બનાવ્યો છે. હિંસક ધર્મો નિર્દોષ પશુઓના ભોગ લઈ રહ્યા છે, માટે આચારમાં અહિંસા કેળવો. ધર્મના નામે હોમાતા પશુઓનું રક્ષણ કરો. જાતિવાદના નામે ધિક્કારાતા દલિત વર્ગનો ઉદ્ધાર કરો. અહિંસા એ અમૃત છે. એનું તમે પાન જરૂર કરો ! તમે અમર બનશો. બીજાઓને એનું પાન કરાવો તો દુઃખિયારી દુનિયા પર સુખની ગુલાબી હવાનો સંચાર થશે."

આ પ્રેરણાદાયક ઉદ્‌ઘોષણાથી ભક્તોમાં જોમ આવ્યું. ચૈતન્યના ધબકારા થવા લાગ્યા. વિજળીની જેમ એમના જીવનમાં અનેકાન્તવાદ અને અહિંસાનો પ્રવાહ વહેવા લાગ્યો. દુરાગ્રહની ગાંઠો ગળવા લાગી. વૈમનસ્ય તો બળીને ખાખ થયું. નિર્બળો સબળ બન્યા. બીકણો બહાદુર બન્યા. મુડદાલો પણ મર્દ બન્યા. શું વાણીનો વિરલ પ્રભાવ ! આમ સાક્ષાત્કારની સિદ્ધિ દ્વારા જીવનમાં કોઈ અલૌકિક સર્જન-લીલા સર્જાતી ગઈ.

ત્યાંથી આ વિરલ વિભૂતિએ વિહાર કર્યો. ગામડે ગામડે ફરી વળ્યા. ગામે ગામ માનવમહેરામણ ઉભરાતો ! એમના દર્શન અને ઉપદેશથી માનવો અને ભારતભૂમિ પાવન થતી.

પૂરા ત્રણ દાયકાઓ સુધી અખંડ ઉપદેશનું ઝરણું વહાવી ભારતમાં શાન્તિનું સામ્રાજ્ય સ્થાપ્યું. અહિંસા જળનું સિંચન કર્યું. સત્યના વૃક્ષો રોપ્યાં. અસ્તેયના ક્યારા બનાવ્યા. સંયમના છોડવાઓ પર સંતોષના અનેકવર્ણી પુષ્પો વિકસી ઉઠયાં. આ ખંડેર ભારતને મોહક નન્દનવનમાં ફેરવી નાખવાનું આ ભગીરથ કાર્ય. આ વિરલ વિભૂતિએ પોતાનાજ વિદ્યમાન કાળમાં, અખંડ સાધનાઓ દ્વારા કરી બતાવ્યું—એ ભારતનું અહોભાગ્ય !

પણ દુર્ભાગ્યની એવી એક રજની આવી કે જેમાં આ લક્ષપ્રકાશી, ઓજસ્વી દીપક, પાવાપુર નગરીમાં મધ્યરાતે, એકાએક બૂઝાઈ ગયો—નિર્વાણ પામ્યો. જ્ઞાનનો સ્વાભાવિક—દીપક બૂઝાતાં વિશ્વમાં અજ્ઞાન-અંધકાર વ્યાપવા લાગ્યો. એ અંધકારને દૂર કરવા કૃત્રિમ દીપક પ્રગટાવવા પડયા, અને લોકો એને કહેવા લાગ્યાઃ— દિવાળી—

'દી—પ—આ—વ—લિ'

ઓ વિરલ વિભૂતિ વિભુ મહાવીર ! તારું મધુર નામ આજે પણ માનવ હૈયાની અમર વીણાના તારે ઝણઝણી રહ્યું છે ! (સિદ્ધચક્રના સૌજન્યથી)

# ભગવાન મહાવીર

## ( એક પ્રયોગ )

મેં એને એક જ ધડાકે બે સવાલ પૂછી નાંખ્યા :

"સૌન્દર્ય શું છે? અને તેની વ્યાખ્યા શું?"

અને તેણે પણ એવા જ ધડાકાબંધ જવાબ આપ્યાઃ—

"સૌન્દર્ય એ તો આત્માને પરમાત્મામાં ઓગાળી નાંખતું રસાયણ છે.

અને તેની વ્યાખ્યા જ જો કરવી હોય તો હું તે આ પ્રમાણે કરું.

નિત્ય નવીનતા બક્ષે, જેનો ઉપભોગ હંમેશ તાજગી જ બક્ષે તેમજ અંતઃ ચેતનાને જગાડે તે સૌન્દર્ય."

ભગવાન મહાવીરનું જીવન સૌન્દર્ય પણ એવું જ છે. આથી જ તો એમના વિષે કોઇ બોલે છે તો સાંભળવું ગમે છે, એમના વિષે કોઈ લખે છે તો વાંચવું ગમે છે, એમનું કોઇ રેખાંકન કે શિલ્પ કરે છે તો તે જોવું ગમે છે.

એવા સનાતન, નિત્ય નવીન, તાજગીભર્યા ને પ્રેરણાદાયી ભગવાન મહાવીરના જીવન સૌન્દર્યને ગુજરાતી સાહિત્યના લબ્ધ-પ્રતિષ્ઠિત સાહિત્યકાર શ્રી જયભિખ્ખુએ–ભગવાન મહાવીર નામનું જીવન કથાનક લખીને, ભ. મહાવીરના જીવન સૌન્દર્યને શબ્દોથી કંડાર્યું છે.

તે જ પ્રમાણે જૈન આલમમાં સારી રીતે જાણીતા લેખક શ્રી રતીલાલ દીપચંદ દેસાઇએ, 'જૈનયુગ' (શ્વે. કોન્ફરન્સનું ભૂતપૂર્વ મુખપત્ર) માં—'ભગવાન મહાવીરના જીવનના કેટલાક પ્રસંગો' લખીને ('પદ્મપરાગ' નામના પુસ્તકમાં શ્રી દેસાઇએ તે ગ્રંથસ્થ કર્યાં છે.) એ સૌન્દર્યને શોભા આપી છે.

તો આપણા રાષ્ટ્રના જાણીતા ચરિત્ર લેખક શ્રી અંબેલાલ નારણજી જોશીએ—'જગદુદ્ધારક ભગવાન મહાવીર' માં એ સૌન્દર્યને શણગાર્યું છે.

અહીં એ બધાયનો શણગાર તો નહિ પરંતુ એ ત્રણેય લેખકોના સર્વોત્તમ શણગારને રેખાંકિત કરી, ભગવાનની એ સૌન્દર્ય પ્રતિમાના દર્શન કરવાનો આ નમ્ર પ્રયોગ કર્યો છે.

કોઈ આને ભગવાનની સળંગ જીવનકથા ન માને. આ તો ત્રિવિધ કલાકારોનું રંગ સંયોજન મેળવીને ભગવાનનું એક રેખાચિત્ર (Pen-Sketch) આપવાનો નમ્ર પ્રયત્ન કર્યો છે. તેમાં કંઈ અણુરૂપ કે આછાશ કોઈને નજરે ચડે તો તેમાં આ સંપાદનનો દોષ હોય. કારણ એ કલાકારોએ તો પોત પોતાની કૃતિમાં ભગવાનના અપ્રતિમ સૌન્દર્યના દર્શન કરાવ્યાં છે.

અહીં તો એક પ્રયોગરૂપે વિવિધ લેખકોએ ભગવાન વિષે જે વિવિધરૂપે લખ્યું છે તે વૈવિધ્યને એક સાંકળે બાંધવી, લેખકોની સંખ્યાએ બહુરંગી ને વિષયની દૃષ્ટિએ એકરંગી ચિત્ર આપવાનો પ્રયત્ન કર્યો છે.

ભગવાન મહાવીર વિષે વિવિધ ચિંતકો અને લેખકોનું દર્શન અને ચિંતન કેવું છે તે દર્શાવવાનો આ પ્રયોગનો ઉદ્દેશ્ય છે. જો કે આમાં ચિંતન કરતાં કથા જ વધુ છે છતાં પણ કથાની આડશમાં આ લેખકો ભગવાનના જીવન વિષે ઘણું ઘણું જ ચિંતન આપી જાય છે.

ભગવાનના નિર્વાણ કલ્યાણકની સ્મૃતિમાં આ જીવનકથા સૌને પ્રેરણાદાયી બની રહો. —સંપાદક ]

# માતૃદેવો ભવ

પેટમાં ગર્ભ ફરફર થાય છે. માતાને તો ઘડી ઘડી અકળામણ થાય છે; પણ એય મીઠી મીઠી લાગે છે! ઘડીમાં દુઃખથી વીલી પડી જાય છે, વળી ઘડીમાં હસવા લાગે છે.

આનંદમાં દિવસો પસાર થાય છે. એક દિવસ ગર્ભ ફરફરતો એકાએક બંધ થયો, માના શરીરમાં અકળામણ એકદમ ઓછી થઈ ગઈ! તનની અકળામણ ઓછી થઈ ખરી, પણ મનની અકળામણ એકાએક વધી ગઈ. મનમાં ધ્રાસકો પડયો કે શું મારા ગર્ભને કંઈ અમંગળ થયું?

માતાએ તો વિલાપ કરવા માંડયો. દૂર દૂર આંબાવાડિયામાં ટહુકતો કોકિલ, કાનને કઠોર લાગ્યો. મંદ સુગંધી શીતળ પવન દેહને બાળતો લાગ્યો.

રાજાજી ઘણું સમજાવે; 'રે રાણી ત્રિશલાદેવી ! એવાં તે શા અસુખ તમને ઉપજ્યાં ?' પણ રાણીજીની આંખમાંથી આંસુ ન સુકાય, આનંદને ઠેકાણે શોક ફેલાઈ ગયો.

રાણી કહે; 'અરે, મારાં પૂર્વ-જન્મનાં પાપ ફૂટ્યાં, નહિ તો આવું બને ? આ ભવમાં તો કંઈ મેં કોઈનું આંખ-માથું દુખાડ્યું નથી, પણ પરભવમાં મેં વનને વિષે અગ્નિ લગાડ્યો હશે, કાં ભર્યાં સરોવર ફોડ્યાં હશે, કાં વહાલામાં વિરોધ કરાવ્યાં હશે, નહિ તો આમ કેમ બને ?'

રાણીજીનું મુખકમલ કરમાયેલું જોઈ રાજબાગનાં ફુલ પણ કરમાવા લાગ્યાં. ચણ ચરતાં સૂડા-પોપટે મોંમાંથી ચણ કાઢી નાંખી. આંગણાના મોર એમને એમ મોં ઢાળીને જોતા રહી ગયા. અરેરે ! ત્રિશલાદેવી જેવી રાણી રડતી હોય, ત્યારે આપણાથી કેમ ચણાય ? રાજમહેલમાં ચાલતાં નાટકો અડધે રહ્યાં. વીણાવાજિંત્ર વાગતાં બંધ થઈ ગયાં !

ત્યાં તો જાણે માતાની વેદનાની વેદના પારખી લીધી હોય એમ ગર્ભ ફરક્યો, ભર્યા સરોવરમાં માછલું ચાલે એમ !

મા હસી પડી, એની આખી નિયા હસી પડી. ગર્ભમાં રહેલાં ાએ વિચાર્યું:—

"માતાનો પુત્ર તરફ કેવો પ્રેમ છે ! એમાં દુઃખ એને સુખ લાગે છે, મૃત્યુ એને જીવન લાગે છે. સંસારમાં માતાની સેવાથી મોટો કોઈ ધર્મ નથી ! માતાને સુખ ઉપજશે તેમ હું કરીશ ! માતૃદેવો ભવ ! સંસારનો એ પહેલો પાઠ."

★

# માતૃપ્રેમ

કુમાર વર્ધમાન આમ જુદી દુનિયામાં વિહરે છે. માબાપને ડર લાગે છે કે આ બધા ચાળા ક્ષત્રિયના નહિ; સંન્યાસીના. ક્યાંક બાળક બાવો થઈ ન જાય !

ત્રિશલાદેવી વર્ધમાનના મિત્રોને સમજાવવા મોકલે છે, વર્ધમાનના મિત્રો પણ વિવેકી છે, છતાં વર્ધમાન પર મોહવાળા છે. મોહ માણસને સત્ય ભુલાવે છે.

તેઓ વર્ધમાનને સમજાવે છેઃ વર્ધમાન ! બીજા વિચારો છોડી દે ! રાજમહેલમાં બેઠાં બેઠાં તું તારે જે કરવું હોય તે કરને ! ભલા માણસ, મન ચંગા તો કથરોટમાં ગંગા."

વર્ધમાન મીઠાશથી જવાબ વાળે છે; 'મિત્રો ! હું સગવડિયો ધર્મ પાળનાર નથી. મન એવું સુખશીલિયું હોય છે કે જરા કષ્ટ સહન કરવાનું આવે કે તર્કને દલીલો કરવા માંડે.

> **હું કોઈ હંસને તીરનું નિશાન બનાવવા કરતાં તેને ઊડતો જોવાનું પસંદ કરું છું. અને કોઈ પક્ષીને ખાવા કરતાં તેને ગાતું સાંભળવાનું વધારે પસંદ કરું છું.**
>
> **—રસ્કિન**

મારો રાહ નક્કી છે. છટકબારીઓને એમાં સ્થાન નથી."

"વર્ધમાન, અરણ્યમાં આપણા માટે કંઇ કોઈ રાંધીને બેઠું હોતું નથી. ચામડાની આ ઝૂંપડીમાં આગ લાગશે ત્યારે શું કરીશ ?"

વર્ધમાન કહેઃ—"મિત્રો, તમને સહુને એક બીક છે. કે ખાધા પીધા વિના કેમ જિવાય ? મારે એ બતાવવું છે કે ખાધા પીધા વિના જીવાય છે ને સુખે જીવાય છે."

"વર્ધમાન ! ત્યાં પગે ચાલવું પડશે. સાપ વીંછીના રહેઠાણ પાસે સુવું પડશે. વાઘ-વરુ તારું માંસ ખાવા આંટા ફેરા માર્યા કરશે."

"તમે સગવડને સુખ માનો છો, હું હાથે કરીને ઉભી કરેલી અગવડમાં સુખેથી જીવીશ. આત્માના ધર્મને ઉજાળવા હું મારા દેહને તપ સંયમની ભઠ્ઠીમાં શેકીશ. એ ભઠ્ઠીમાંથી એક એવું રસાયન શોધવા માંગું છું કે જે મારું અને જગતનું કલ્યાણ કરી શકે."

આ પછી મિત્રો કંઇ ન બોલ્યા. માત્ર નમન કરીને ચાલી નીકળ્યા. માતા ત્રિશલા પાસે આવીને પોતાની હાર કબૂલ કરીને એ ઊભા રહ્યા.

દેવીએ વર્ધમાનના મિત્રોને જવાબ દેતા કહ્યુંઃ 'હું એને તમારી જેમ તર્ક કે દલીલથી સમજાવવા માંગતી નથી. માતાના હૈયાની ભાષાથી હું એનું અંતર પિગળાવવા ઇચ્છું છું."

રાણી ત્રિશલા સીડિરીથી પુત્ર પાસે પહોંચ્યા. પુત્ર તો જોગીનું જીવન જીવે છે. એણે રાગમાં વિરાગની ભાવના ખડી કરી છે. માતાને જોતાં જ પુત્ર ઊભો થઈને માતાને ચરણે પડ્યો. 'મા, તને વંદું છું.'

માતાએ જુવાન પુત્રને, નાના શિશુની જેમ પંપાળ્યા, બાથમાં લીધો, એના કેશ સુંઘ્યા. અનેક પ્રકારની આળપંપાળ કરવા માંડી. પણ માતા કંઇ બોલતી નથી. બોલવા જાય છે, પણ એનાથી બોલાતું નથી. લોચનના છેડા ભીના બની જાય છે.

વર્ધમાન પૂછે છેઃ 'મા ! મા ! આમ કેમ ? શું મારાથી કંઇ અપરાધ થયો ?'

'બેટા ! તું અને અપરાધ ? ચંદન અને ઉષ્ણ ? એવું તે બને જ કેમ ?

પણ આજે તારી પાસે બે વચન માંગવા આવી છું. આપીશ ?"

'માતા ! આ સંપૂર્ણ જીવન જ તમારું હોય, ત્યાં તમારે માંગવાનું શું હોય ? ને મારે આપવાનું શું હોય ?"

એ બાજઠ પર મા દીકરો સામ સામા બેઠા.

'બેટા ! વચન આપ, પછી કહું.'

'આપ્યું મા !'

"વત્સ ! તારા પ્રેમમાં તો કોઈ વાતની ખામી નથી; પણ અમે થોડા દહાડાનાં મહેમાન છીએ. એવું ન બને કે તું ચાલ્યો જાય ને તારા માટે અમે પાછળ ઝૂરી ઝૂરીને મરીએ, માટે બે વચન માંગુ છું !"

'મા ! તમારે વચન માંગવાનું ન હોય; તમે તો આજ્ઞા આપો ! માતૃભક્તિ એ મારું વ્રત છે ! વર્ધમાને દૃઢતાથી કહ્યું.

'બેટા ! એક વચન એ કે તું લગ્ન કર ! લીલી વેલ જોઈને અમે જઈએ.'

'આપ્યું !' વર્ધમાને લેશ પણ ખચકાયા વગર કહ્યું: જાણે એણે મન સાથે અગાઉ નિર્ણય કરી લીધો ન હોય !

'બીજું વચન એ કે અમે જીવીએ ત્યાં સુધી તારે ગૃહત્યાગ ન કરવો: અમારી આંખ સામે રહેવું.'

હૃદય રાખો તો એવું રાખો કે જે કદી નિષ્ઠુર ન બને. મિજાજ રાખો તો એવો રાખો કે જે કદી ગરમ ન બને. અને સ્પર્શ રાખો તો એવો રાખો કે જે કદી દુઃખ ન પહોંચાડે.

—ડીકન્સ

'ભલે, એમ જ થશે. મા, જળમાં કમળ રહે એમ મને જીવતાં આવડે છે.'

'વત્સ ! તારે માટે અનેક કહેણ આવ્યાં છે. પણ એમાં સર્વોત્તમ વસંતપુરના સમરવીર રાજાની પુત્રી યશોદાનું છે.'

'મા, રાજકુમારી યશોદાને કહ્યું તો છે ને, કે આ પંખી તો પરદેશી છે, ઊડવા લાગે ત્યારે અફસોસ ન કરે."

'કુમારીને બધી વાત કહી છે, એણે કહ્યું કે માતાજી ! ચિંતા ન કરશો. સાથે ઉડાડશે તો ઉડીશ, નહિંતર માળો સાચવીને બેસી રહીશ. હું તો પરાક્રમીનાં પગલાં પૂજનારી સતી નારી છું.'

'તો માતાજી ! તમારું મન રાજી રહે તેમ કરો ! મારું પહેલું તીર્થ તમે છો !'

★

# પત્ની પ્રેમ

ક્ષત્રિય કુંડગ્રામ વાજિંત્ર અને ગીતથી ગૂંજી ઊઠ્યું. ધોળ-મંગળ ગવાયા. આંગણે રંગોળી પુરાઇ. ટોડલે ટોડલે તોરણ બંધાયા ને મંદિરે મંદિરે શંખ ફુંકાયા. મણિ માણેકનાં થંભ રોપાયાં. મોતી પરવાળાની ચોરી રચાઇ.

વર્ધમાન કુમારી યશોદા સાથે રંગે ચંગે પરણી ઉતર્યા. એમનું સુખી જીવન કેવડાની જેમ મહેંકી રહ્યું ને જાસૂજાસૂની જેમ ખીલી ઊઠ્યું.

આંખ ઉઘાડીને બંધ કરીએ એટલામાં તો વર્ષો વીતી ગયાં! વર્ધમાન કુંવરને ત્યાં પારણું બંધાયું. પારણામાં નાગરવેલ જેવી દીકરી ઝૂલી રહી. પ્રિયદર્શના એનું નામ.

મહાવીરનો ગૃહસ્થાશ્રમ ધન્ય બની રહ્યો. માતા પિતા આ બધું ભરી આંખે જોઈ આનંદના ઝૂલે ઝૂલી રહ્યાં.

પણ માણસનું મન કોણ જાણી શક્યું છે? મહાવીર જળકમળનું—અંતરથી અળગું અને નિરાળું—જીવન જીવી રહ્યા હતા. બહારથી દુનિયાના રસમાં મગ્ન દેખાતા, છતાં અંતરથી સાવ અળગા હતા.

મહાવીરના દેહદાર પર યૌવન આવીને ખડું છે. પણ એ તો સાવ નિષ્કંપ છે. વંટોળિયો નાના ઝાડવાંને મુંઝાવે, પણ પીપૂર વડલાને તો અડકીને જ ચાલ્યો જાય.

વર્ધમાનના મનમાં એક અજબ સિતારી સંતત વાગ્યા કરતી. ખાતાં-પીતાં, ઊઠતાં-બેસતાં, કોઈપણ કામ કરતાં, એમને ત્રણ વાતોનો રણકાર સંભળાતો; હું કોણ છું? શું કરવા આવ્યો છું? મારે શું કરવાનું છે?

ત્રણ જ્ઞાનના ધારક વર્ધમાન જુવાનીમાં જ જ્ઞાનવૃદ્ધ બની ગયા. વર્ધમાન વિચારે છે કે આ બધાં સુખનાં સાધનો છે, છતાં દુઃખનાં નિમિત્ત બન્યાં છે. એવું કયું દિવ્ય રસાયન શોધું કે આ બધામાં પરિવર્તન આવે. ત્યાં કોઈ રંક ન હોય, રાય ન હોય, ઉચ્ચ ન હોય, નીચ ન હોય, દુઃખી ન હોય, દરીદ્ર ન હોય; ગાવાળો તે ગોવાળ-એવો ઘાટ હોય. પ્રીતિનું એક મહાઝરણ સહુને પખાળતું વહેતું હોય, એ શોધ એ મારા જીવનનો મહાન ઉદ્દેશ.

આ વિચારોમાં વર્ધમાનની નિદ્રા, નિદ્રા નથી રહેતી; એ પળો જાગૃતિ ને વિચારની પળો બની જાય છે! જગતની જે રાત્રિ, એ વર્ધમાનનો દિવસ બને છે.

વહાલસોયી પત્ની યશોદા ને પુત્રી પ્રિયદર્શના સાથે હરતા ફરતા વર્ધમાન ભર્યા જગતમાંથી જાણે એકાએક ખોવાઇ જાય છે. થોડીવારે સાવધાન બનીને બોલે છે.

"સંસારના આ ઝંઝાવાતોમાં

ભય અને દ્વેષના દોષોથી જે નિવૃત્ત છે એ જગતના સાચા મહાવીર છે! એ પોતાના વહાલસોયા જીવની જેમ અન્યના જીવને પણ વહાલો માને છે; આમ માની કોઈનો પ્રાણનો એ નાશ કરતા નથી!"

પતિની આવી વાતોને યશોદા સાંભળી રહે છે. સમજણ નથી પડતી, પણ પતિના અજંપાને એ સમજે છે. એ સ્વામીને હેતથી ઘણીવાર સમજાવે છે, નિદ્રા લેવા વીનવે છે, પણ રામ તો એના એ! હૃદયનો રંગ એમ કાંઈ છૂટે? વર્ધમાન વળી કોઈ ઊંડી અંતર-ગુફામાં પ્રવેશી જાય છે.

યશોદા એમને ઢંઢોળે છે. વર્ધમાન સાવધ થતાં કહે છેઃ "યશોદા! પાણી હોત તો રોકી લેત, જુવાની રોકી શકાતી નથી. જરા ને મૃત્યુ એના દ્વાર પર ખડાં છે. આજે ખીલેલું ફુલ કાલ સુધી નહિ રહે. સાંજના તડકાની જેમ જિંદગી અસ્ત થતી જાય છે. જીવનને નિત્ય વહેતું ઝરણુ ન માનતી! જિંદગી ચાર દિનની ચાંદની છે. યશોદા! જે રાત વીતી ગઈ, એ હવે પાછી આવવાની નથી. અધર્મની વાત એળે ગઈ સમજ! સુધર્મની રાત સફળ થઈ સમજ!"

વ્યાકુળ વર્ધમાનને નીરખી પતિ-પરાયણા યશોદા કહે છેઃ—"સ્વામી! આકાશમાં લાખ લાખ તારાઓ છે, પણ પૃથ્વી પર ચંદ્રમાનો પ્રકાશ પથરાય છે. દુનિયા પુરુષોથી ભરેલી છે પણ મારા દેવ તો તમે એક જ છો. મારો ત્યાગ આપને સુખી કરી શકે, તો એ ત્યાગ મારો ધર્મ બનશે. સીતાએ રામને ભજ્યાં એમ સદાકાળ ભજતી રહીશ."

વર્ધમાનને સુશીલ પત્ની વહાલ છૂટે છેઃ એ પ્રેમભરી વાણીમાં બોલે છે.

'કોનો ત્યાગ, યશોદા?,

'મારાનો ત્યાગ જરૂરી છે, એ કરતાં મમત્વ બુદ્ધિનો ત્યાગ વિશેષ જરૂરી માનું છું.'

"હું તારો હોઉને તારો નથી; સંસાર આપણો હોઈને આપણો નથી. એ બુદ્ધિ કરનારી છે."

"આવો માણસ સંસારમાં સાચો રાહ જોઈ શકે છે."

વર્ધમાન વળી વિચારમગ્ન બની જાય છે. યશોદા મહાન પતિની મહાન મનોભૂમિકાને સમજનારી છે. પતિ જમતા નથી; પત્ની જમતી નથી. પતિ અંગરાગને અડતા નથી, પત્ની એને જોવા પણ ઇચ્છતી નથી.

પતિ રાજવૈભવથી વિમુખ રહે છે, યશોદા આત્મીયતા કેળવે છે. એ મહાન નારી આત્મ વિલોપનનું વ્રત લઈને બેઠી છે.

વર્ધમાન પત્નીના ચંદ્ર જેવા મુખને મ્લાન થયેલું જોઇને કહે છે.

"યશોદા! સંસાર સમુદ્ર છે, શરીર નાવ છે. આત્મા નાવિક છે. મહર્ષિઓ સંસારને આ નાવથી તરે છે!"

યશોદા કહે છેઃ 'શું તમે જગતને મૃત્યુથી તારશો?'

વર્ધમાનકુમાર જવાબ વાળે છે.

"જરૂર! મૃત્યુનો જ છેદ ઉડાવી દઇશ! અજ્ઞાની જીવો પળે પળે મરે છે, જ્ઞાની જીવો એકજવાર મરે છે. મેં મૃત્યુના મારણનો માર્ગ શોધ્યો છે. મૃત્યુ મરી ગયું, પછી કોણ મરશે?"

યશોદા કહે છેઃ એ શા રીતે થશે? મૃત્યુને કોણ મારી શકયું છે?"

'મૃત્યુ ધર્મથી મરે છે!'

યશોદાનું મન તૃપ્તિ પામે છે, એ કહે છેઃ 'નાથ! તમારું સુખ જગતના સુખમાં છે, મારું સુખ તમારા સુખમાં છે!'

**શ્રી જયભિખ્ખુના સૌજન્યથી**
**(ભગવાન મહાવીરમાંથી)**

★


અહિંસા એ માનવમાત્રનો મહામંત્ર છે. તેના વ્યવસ્થિત પ્રચાર વિના સમાજનો અભ્યુદય થઈ શકે નહીં. તેમાંએ જેઓ વિષમ સંયોગોના પરિણામે ધર્મ ભૂલ્યા છે, તેમને તો અહિંસાનો મહામંત્ર અવશ્ય સંભળાવવો જોઇએ.

આ કાર્ય માત્ર શબ્દોના સ્વસ્તિક પૂરવાથી થતું નથી. તે માટે એકનિષ્ઠ બની, અખંડ–અવિરત પ્રયત્ન કરવાની જરૂર છે.

# ગુજરાતનું ગૌરવશાળી જૈન મિશન.

## પરમાર ક્ષત્રિય જૈનધર્મ પ્રચારક સભા.

જે બોડેલી અને તેની આસપાસના પ્રદેશમાં અહિંસા ધર્મનો વ્યવસ્થિત પ્રચાર કરી રહ્યું છે. અને તેનું પરિણામ ઉત્તરોત્તર સુંદર આવતું રહ્યું છે. છેલ્લા પંદર વર્ષથી કાર્ય કરી રહેલ આ સંસ્થાનો પરિચય મેળવો અને સહકાર આપો.

જો આપણે એમ ઇચ્છતા હોઇએ કે અહિંસા ધર્મનો પ્રચાર વધે અને બીજા હજારો ભાઇઓ તેના ઝંડા નીચે આવી પોતાનું કલ્યાણ સાધે તો આ સંસ્થાને છુટા હાથે પૈસાની મદદ કરવી ઘટે છે.

બોડેલી અને તેની આસપાસના દેરાસરોની **પંચતીર્થી**ના દર્શન કરવા પધારો. અને આ કાર્ય ક્ષેત્રનું નિરિક્ષણ કરો.

| મદદ મોકલવાનું ઠેકાણું : | કાર્યાલય : | માનદ મંત્રીઓ : |
|---|---|---|
| **શેઠ વાડીલાલ રાઘવજી** | ૪૫૭, સરદાર વી. પી. રોડ, | જેઠાલાલ લક્ષ્મીચંદ શાહ |
| ૬૧, ત્રાંબા કાંટા, | ૨ જે માળે, | ઇશ્વરલાલ કસ્તુરચંદ |
| મુંબઈ ૩. | મુંબઈ ૪. | સાળવી |

# સૌરભ બિચારી શું કરે?

માતા ત્રિશલા અને પિતા સિદ્ધાર્થ સ્વર્ગે સંચર્યા.

વીર વર્ધમાન તો ભારે માતૃભક્ત; કોઈ રીતે એમનું દિલ ન દુભાવવાનો એમનો દૃઢ સંકલ્પ. એમણે સંકલ્પ કરેલો કે માતા પિતા જીવતાં હોય ત્યાંસુધી ગૃહત્યાગ ન કરવો. એ નિયમ પૂરો થયો, અને સંસાર ત્યાગને માટે વર્ધમાનનું મન તાલાવેલી અનુભવી રહ્યું.

પણ મોટાભાઈ નંદિષેણનું હેત વચમાં આવ્યું, અને મહાવીર બે વર્ષ વધુ રોકાવાને કબૂલ થયા. માતા પિતાનાં હેત જાળવ્યાં તો ભાઈના હેત કંઈ ઓછાં હતાં કે એને ઉવેખી શકાય?

વિશ્વવત્સલ બનનાર કુટુંબવત્સલ બનવાનું કેમ ચૂકે?

પણ એ બે વરસનો ઘરવાસ તો કેવળ જળકમળની ક્રીડા જ બની રહ્યો. ઘરમાં રહે છતાં સદા ત્યાગી ને ત્યાગી! ખાનપાન પણ એવાં જ રસ કસ વગરનાં સેવા લાગ્યાં. જાણે ઘરને ભાવિના ઉગ્ર અને દીર્ઘ તપસ્વી જીવનની શાળા જ બનાવી દીધી!

એ બે વરસની અવધિ પણ પૂરી થઈ. હવે તો કોઈ મોહબંધન, સ્નેહબંધન કે સંકલ્પ બંધન વચમાં નહતું.

એટલે પોતાનું ગણાય એવું ધન, ધાન્ય, રૂપ્ય, સુવર્ણ, હીરા, માણેક, રથ, અશ્વ, હાથી વગેરે બધું એમણે હસ્તે મોંએ હોંશે હોંશે એક વર્ષ લગી દાનમાં આપી દીધું,

વર્ધમાનનું એ વાર્ષિક દાન અમર બની ગયું. હવે તો દીક્ષાનો દિવસ પણ આવી પહોંચ્યો. સ્વજનો સહુ ભેગા મળ્યાં.

અંગ ઉપર સુગંધી દ્રવ્યો—ચંદન આદિનાં ઘેરાં ઘેરાં વિલેપન થયાં. મહામૂલાં સુગંધી દ્રવ્યોથી સુવાસિત જળના અભિષેક થયાં.

ચારેકોર સૌરભ મહેકી રહી. અને કાયા તો જાણે મનોહારી સુગંધનો પુંજ બની ગઈ. આત્માની સૌરભના જાણે એ મંગળ એંધાણ હતાં.

વીરવર્ધમાને અલિપ્ત ભાવે, કાયાની માયા વિસારીને સ્વજનોને સંતુષ્ટ થવા દીધા. એમની ભક્તિના બહુમાન કર્યાં.

પછી દીક્ષાયાત્રા નીકળી અને સૌ ઉદ્યાનમાં આવી પહોંચ્યા. મહાવીરે સર્વ વસ્ત્ર અને આભૂષણોનો ત્યાગ કર્યો. અને ત્યાગી સંયમીનું જીવન વ્રત સ્વીકારીને એ સાવ એકાકી ચાલી નીકળ્યા.

સ્વજનો કોઈ સાથે ન આવી શક્યા. સૌ આંસુભીની આંખે એ યોગીની વસમી વિદાયને વધાવી રહ્યા.

વસ્ત્ર, આભૂષણો અને સ્વજનો બધાય પાછળ રહી ગયાં, પણ શરીરને વળગેલ વિલેપન અને અંતિમ અભિ-

ષેકની સૌરભ બચારી કેવી રીતે છૂટી શકે?

એ સાથે આવી અને ભગવાનને માટે જાણે આફત નોતરતી આવી. ચાર ચાર મહિનાઓ લગી એ ભભકભરી સૌરભના પ્રેર્યા ભમરાઓ અને બીજાં જંતુઓ ભગવાનની કાયાને ડંખ આપતાં રહ્યાં.

અને આવી ઊંચી સુગંધના ધારકને જોઈને યૌવનમાં મદમતાં નરનારી અચરજમાં પડી જતાં અને ભગવાનને કંઈ કંઈ પરેશાનીઓ અને પૃચ્છાઓ કરવાં લાગતાં.

પણ એમાં બિચારી સૌરભ શું કરે?

પ્રભુ તો એ બધા પ્રત્યે સાવ ઉદાસીન હતાં. એમને મન તો કાયાની સૌરભે નોતરેલ આ કષ્ટો આત્માની સૌરભને પ્રગટાવવાનાં અમોઘ સાધન બની ગયાં

★

# મારું કર્યું મેં ભોગવ્યું

પ્રભુને દીક્ષા લીધાને બારમું વર્ષ ચાલતું હતું.

ભગવાન જંગલમાં ધ્યાનસ્થ ઊભા હતાં. એક ગોવાળિયો પ્રભુ પાસે આવીને પોતાના બળદ સાચવવાનું કહીને ગામમાં ચાલતો થયો.

થોડીવારે પાછા આવીને જોયું તો બળદ ત્યાં ન મળે.

બળદને ત્યાં નહિ જોઈને એણે ભગવાનને પૂછ્યું, પણ ભગવાન તો સાવ મૌનભાવે ધ્યાનસ્થ ખડા હતા. એ શું જવાબ આપે?

ગોવાળિયાને તો એવો ક્રોધ વ્યાપ્યો કે–તારે તે કાન છે કે કોડિયા? 'એમ કહીને એણે બે શૂળો લઈને પ્રભુના બંને કાનમાં ખોસી દીધી! અને રખેને કોઈ એ શૂળો ખેંચી કાઢે, એમ વિચારીને એ શૂળોના બહારના ભાગ કાપી નાંખ્યા!

છતાં પ્રભુ તો અચલ જ રહ્યા. ન ઉંહ કે ન આહ!

જેમણે પ્રભુના આ કષ્ટને જાણ્યું એમણે એવું કષ્ટ આપનારની નિંદા કરવા માંડી.

પ્રભુએ એમને વાર્યા અને આ અપાર કષ્ટનો ભેદ સમજાવતાં કહ્યું: 'સૌને પોતાનાં કર્યાં ભોગવવાં પડે છે, આમાં મેં મારું કર્યું જ ભોગવ્યું છે! એમાં એ બિચારા ગોવાળિયાનો શો દોષ? ત્રિપૃષ્ઠ વાસુદેવના મારા અઢારમા પૂર્વ ભવમાં મેં ભાન ભૂલીને શૈય્યાપાલકના કાનમાં ધગધગતું સીસું રેડાવ્યું હતું, એ પાપનો જ આ વિપાક! કર્યાં કર્મ તો ભોગવવાં જ પડેને–શું ત્યાગી કે શું રાગી, શું રાજા કે શું રંક!

પ્રભુનો સૌને માટે સમાન ન્યાય

અને નિયમ જાણીને લોકો પ્રભુ મહિમાને પણ પિછાનવા લાગ્યા.

ધન્ય રે ક્ષમાશ્રમણ પ્રભુ !

—શ્રી રતીલાલ દીપચંદ દેસાઈના સૌજન્યથી

( 'જૈનયુગ' એપ્રીલ ૧૯૫૯ માંથી )

★

# પાદવિહાર અને ઉપસર્ગો

એક વખત વિહાર કરતાં કરતાં ભગવાન મહાવીર વૈભવશાળી વૈશાલી નગરીમાં પધાર્યા.

ભગવાને સાંસારિક બંધનો, માયાનાં આવરણો, સાપ કાંચળી ત્યજે તેમ ફગાવી દીધાં હતાં. વૈભવ વિલાસને એમણે તિલાંજલી આપી હતી. સુખ સગવડની તો એમને જરાય પડી નહોતી.

ભગવાને જીવન ઘણું સંયમી બનાવ્યું હતું. કોઈને ત્રાસરૂપ ન થવું, કોઈના માર્ગમાં આડે ન આવવું, કોઈના કાર્યમાં વિઘ્નો ન નાંખવા એ એમની સ્વાભાવિક નીતિ થઈ પડી હતી. કોઈ મોહમાયાનું એમને વળગણ રહ્યું નહોતું. ભગવાન સદાય પ્રસન્ન રહેતાં. અને પોતાની સાધના અને તપશ્ચર્યા માટે થોડી શી જગા મળતી તો તેનાથી ચલાવી લેતાં.

ભગવાન પોતાના માદરેવતન વૈશાલીમાં આવ્યા. ભેખધારીને મહાભિનિષ્ક્રમણ કરનાર ભગવાનને તો બધી ધરતી સમાન.

વૈશાલીમાં ભગવાન રાજપ્રાસાદોમાં ન ગયા, ન ત્યાંના શ્રેષ્ઠિઓને ત્યાં ગયાં. પણ માર્ગમાં એક લુહારનું એકાંત અને ખાલી ઘર આવ્યું તેમાં વાસ કર્યો.

એ ઘરનો માલિક લુહાર દિવસોથી માંદો હોઈ સ્થળાંતર કરી ગયો હતો.

મહાવીર પ્રભુએ એ એકાંત ઘરમાં વાસ કર્યો તેને બીજે જ દિવસે લુહાર સાજો થઈ સહકુટુંબ પોતાને ઘેર પાછો ફર્યો.

ગૃહમાં પ્રવેશતાં જ એ લુહારે નગ્નાવસ્થા અને મુંડિત મસ્તકવાળા સાધુને ધ્યાનાવસ્થામાં જોતાં પોતાને ઘરમાં આવતાં જ અપશુકન થયું સમજીને આગળ પાછળનો વિચાર કર્યા વિના ઘરમાં પડેલું ઘણ ઉપાડીને ભગવાન તરફ ધસ્યો.

એ ક્રોધના આવેશમાં એટલો બધો ઝનૂની બની ગયો હતો કે કોઈ એને આમ કરતાં રોકી શક્યું નહિ.

બધા આ દૃશ્ય જોઈ દિંગમૂઢ થઈ ગયા.

પણ સ્મિતપ્રભ તથા નિરાભિમાની ભગવાન જળકમળવત્ નિર્લેપ રહ્યા. એમણે જરા પણ માનસિક સમતુલા ન ગુમાવી.

લુહાર ક્રોધથી કંપી ઊઠ્યો. તેની કાયા ક્રોધથી, આવેશથી, ઝનૂનથી, ઈર્ષ્યાગ્નિથી કંપી રહી. જેવો તે ઘણનો ઘા કરવા જાય છે ત્યાં ઇન્દ્ર આવી પહોંચે છે અને લુહારના હાથમાંથી ઘણ ઝૂંટવીને, જે ઘણનો ઘા ભગવાન માટે નિર્માણ્યો હતો તે લુહારના પોતાના જ મસ્તક પર ઝીંક્યો.

ભયંકર માંદગીમાંથી સાજો થયેલો લુહાર આમ પોતાના ક્રોધનો જ ભોગ બની ગયો.

★

શિયાળાની ઋતુ હતી. માહ મહિનાની કડકડતી ઠંડી હતી.

ચામડી ફાટી જાય, લોહી થીજી જાય, હાડ ખખડી જાય એવી ભયંકર ટાઢ, ગમે તેવો શક્તિશાળી પણ રાંક બની જાય એવી ઠંડી.

આવી શિયાળાની ઋતુમાં ભગવાન શાલિશીર્ષમાં પધાર્યા. ટાઢથી બચવા સૌ ઘર બંધ કરી સગડી સળગાવીને બેસે ત્યારે ભગવાન ખુલ્લામાં એકાંત ધ્યાનમાં ઊભા રહ્યા.

ભગવાનનું જીવન જગતના સામાન્ય માનવીઓથી આમ સાવ નિરાળું.

સૌ ઊંઘે ત્યારે સ્થિતપ્રજ્ઞ તો જાગે. સૌ અમનચમન કરે ત્યારે સાચો યોગી અહિંસા, સંયમ, ત્યાગ, તપ અને વૈરાગ્યમાં રમણ કરે.

પ્રભુના અંગ પર વસ્ત્ર નહિ. પવનના સૂસવાટા તો સતત આવ્યા જ કરે. ત્યાં એક સ્ત્રી આવી. એણે ભગવાનને ધ્યાનસ્થ દશામાં ખેડેલા જોયા.

ભગવાન જેવા ભગવાનનું પારખું કરવાની એને સહજ ઇચ્છા થઈ. આ યોગી છે કે ઢોંગી તેની પરીક્ષા કરવા એણે કમર કસી.

એણે અતિશય ઠંડુ પાણી ભગવાનના દેહ પર આખી રાત વર્ષાવ્યા કર્યું ને એમના શરીરને ઠંડુગાર બનાવી દીધું.

પણ નિર્મોહી, નિરહંકારી તથા સ્થિતપ્રજ્ઞ એવા મહાવીર પ્રભુને આમ ઠંડુ હિમ જેવું પાણી જરા પણ અસર કરી શક્યું નહિ. ભગવાને તો આ ઠંડા જળ છંટકાવને પ્રેમપૂર્વક વધાવી લીધો. અને જરા પણ હાલ્યા ચાલ્યા સિવાય, જરા પણ ગુસ્સો કે ક્રોધ દર્શાવ્યા વિના સમભાવમાં સ્થિર રહી, ધ્યાનમગ્ન ઊભા રહ્યા.

જળ છંટકાવથી ભગવાનની સહનશીલતા અને આત્મદમન વધુ દેદીપ્યમાન થયું.

પેલી અજ્ઞાન અને અનામી સ્ત્રીની કારમી તથા ગાત્રોને પણ શિથિલ કરી નાખે એવી કારમી કસોટીમાંથી ભગવાન નિર્વિઘ્ને પાર ઉતર્યા.

**શ્રી અંબેલાલ નારણજી જોશીના સૌજન્યથી**

**(જગદુદ્ધારક ભગવાન મહાવીરમાંથી)**

# કેવલજ્ઞાન

કલકલ અવાજ કરતી ઋજુવાલુકા નામની નદી વહી જાય છે. એને કાંઠે જૃંભક નામનું ગામ વસેલું છે.

નદીના કાંઠે લીલાંછમ ખેતરો છે. આ ખેતરોમાં શામાક કણબીનું સુંદર ખેતર છે. શાલવૃક્ષોની ઘેરી ઘટા છે. ઘટામાં એક ખંડેર ચૈત્ય છે. ચૈત્યની પાછળ સંધ્યા જામતી આવે છે, ગ્રામજનો ગીત ગાતા બંસી વગાડતા ઘરભણી જઈ રહ્યાં છે. આખો દિવસ મધ જેવી હરિયાળી ચરી ગાયો ગળાની ઘંટડીઓ રણઝણાવતી ઘર તરફ ચાલી જાય છે.

વૈશાખ માસની સુદ દશમ છે. દિવસનો ચોથો પહોર છે. બેંતાલીસ–તેંતાલીસ વર્ષના ભગવાન મહાવીર અહીં આવી ઉકડુ આસને (ગોદોહાસને) તડકામાં જ ધ્યાનમાં બેઠાં છે.

આત્મયોગી મહાવીરનો સંસાર ત્યાગ પછીનો સાડાબાર વર્ષનો અરણ્ય વાસનો ને કષ્ટ સહનનો ગાળો સાંભળનારનાં રૂવાડાં ખડાં કરે તેવો હતો.

શ્રદ્ધાહીનને તો શંકા પેદા કરે એવો કઠોર હતો. આંખે જોનારા પણ આશંકામાં પડી જાય એવું હતું. અરે, માણસ જેવો માણસ ને આટલો પુરુષાર્થ! આટલી સહનશીલતા! આટલી નિર્ભયતા! અશક્ય! ન ક્યાંય દીઠી છે ન કદી સાંભળી છે!

આજ એ જીવન સાધનાની સિદ્ધિની ક્ષણ આવી પહોંચી હતી. ભરદરિયે ઘૂમતું જહાજ કિનારો ભાળે છે.

એકાએક વાયુમંડળમાં પરિવર્તન આવ્યું. ગ્રીષ્મના વાયરા વસંતના થઈ ગયાં. કોકિલ ગાન કરવા લાગ્યાં. હરણાં ભૂમિ પર ઊછળી ઊછળીને ગેલ કરવા લાગ્યાં, નજીક આવીને ઊભેલાં વ્યાઘ્રનો ભય પણ વીસરી ગયાં! અરે, આ નિર્ભય સૃષ્ટિમાં ભય કેવો? એક જીવ બીજા જીવનો મિત્ર છે!

હિંસક વાઘના દિલ પર જાણે પ્રેમની વર્ષા થઈ, એ પૂંછડાનો ઝંડો ઉઠાવી બહાર નીકળ્યો. એણે હરણાં જોયાં, ને વહાલભરી આંખડી એમના પર ઠેરવી. રે હરણાં, સુખથી ચણજો ને મનગમતાં ગીતડાં ગાજો! મુજથી ડરવા જેવું, કંઈ નથી! હું જીવનનો મૂળમંત્ર સમજ્યો છું. જીવો અને જીવવા દો.

ઘાસના જાળામાંથી નકુલ ને સર્પ બહાર નીકળી આવ્યા પણ આશ્ચર્ય તો જુઓ, બંને વચ્ચેનું પેઢી ઉતાર વેર ઉતરી ગયું; ને વહાલામાં એક બીજાને કોટી કરી રહ્યાં!

રે! સૃષ્ટિમાં આટલું પરિવર્તન ક્યાંથી? પૃથ્વીમાં આનંદ વર્તે છે; પાણીમાં પરમાનંદ લહેરાય છે. આકાશમાં હર્ષ કિરણો ફેલાય છે. નક્કી કોઈ જગપાવન પ્રસંગ બનવાનો!

હવા વાજિંત્ર જેવી બની ગઈ આકાશ જાણે દેવવિમાનોના પ્રકાશથી ઝળાંહળાં થઈ ગયું છે. દિશાઓ દર્પણ જેવી બની છે. સંતાપ-સ્વભાવી જગમાં શાંતિના વાયરા વાઈ રહ્યાં છે.

જુઓને, પેલે મહાયોગી મહાવીર બેઠા! મુખ પર હજારો ઉઘાડી તલવારો મ્યાન કરાવે તેવી પ્રસન્નતા છે. કાયા કંચનવર્ણી બની ગઈ છે. શ્વાસમાંથી સુગંધ વહે છે. આંખ ફરે ત્યાં અમીધારા પ્રગટે છે.

રે! પ્રભુને કેવળજ્ઞાન પ્રગટ્યું મહાજ્ઞાન દીપ પ્રગટ્યા!

સંસારની કોઈ ગૂંચ એમને ન રહી! સંસારની કોઈ ગ્રંથી એમને ન રહી. સર્વજ્ઞ, સવદર્શી અર્હંત્ મહાવીરનો જય! નિર્ગ્રંથ ભગવાન મહાવીરનો જય!

★

**અહિંસા એટલે આપણી વાણી કે વર્તનથી કોઈનું પણ દિલ ન દુભવવું અને કોઈનું પણ ખરાબ ન ચિંતવવું.**

—વિવેકાનંદ

# સત્ય વક્તા

એકવાર ભગવાન્ મહાવીરના ભક્ત મગધરાજે પ્રશ્ન કર્યો: 'પ્રભો! મારી શી ગતિ થશે?'

'નરકગતિ!' રાજવી શિષ્યની શેહ રાખ્યા વગર ગુરુએ કહ્યું.

'અને ગોશાલકની?'

'સદ્‌ગતિ.'

રાજા મુંઝાઈ ગયા. એમણે પ્રશ્ન કર્યો. 'પ્રભો! આપના ભક્તોને નરક અને આપના નિંદકોને સ્વર્ગ! આ તે કેવો ન્યાય?'

'અટલ ન્યાય! છેલ્લી પળે ગોશાલકને મારી શિખામણ સાચી લાગી. અને મૃત્યુની અંતિમ પળો એણે ઉજમાળ કરી. રાજન્! જીવનમાં સાધનાની હિંમત છે, સ્નેહની નહિ.' ભગવાન મહાવીરે સ્પષ્ટ કર્યું.

ભગવાનને જેવું ગોશાલકની બાબતમાં બન્યું, તેવું પોતાની પુત્રી-જમાઈની બાબતમાં બન્યું. બંને એમનાથી છૂટાં પડયાં. પ્રિયદર્શના આખરે તેમની સેવામાં આવી. પણ જમાલિ તો છેવટ સુધી વિરોધીજ રહ્યો.

એકવાર જમાલિના મરણના સમાચાર આવ્યા.

શ્રી ગૌતમે પૂછ્યું: 'ભગવન્! એ કઈ ગતિ પામ્યો?'

ભગવાન બોલ્યા:

'ગુરુદ્વેષી, સંઘદ્વેષી, લોકોને ઊંધે માર્ગે દોરનાર જે ગતિને પામે એ ગતિને એ પામ્યા. પણ એ પવિત્ર જીવનવાળા, એકાંતમાં રહેનારો, ભોગોપભોગમાં વિરતિવાળો હોવાથી છેવટે જરૂર સિદ્ધિ પામશે.'

પોતાના કટ્ટર હરીફ પ્રત્યેનો મહાવીરનો ઉદ્દાભાવ અપૂર્વ હતો.

★

# નિર્વાણ

ભગવાને બેંતાલીસમું ચોમાસું પાવાનગરીમાં કર્યું. અહીંના રાજા હસ્તિપાલના તલાટાની કચેરીમાં તેઓ ઉતર્યા. ત્રણ મહિના પૂરા વીતી ગયા ને ચોથો પણ અડધો પૂરો થવા આવ્યો. એ વખતે ભગવાને નજીકમાં આવી પહોંચેલા પોતાના નિર્વાણ સમયની સૌને માહિતી આપી.

આ ખબરથી પાવાપુરીના ડુંગરા ડોલી ઉઠયા, ઘરઘરમાં શોકની છાયા પથરાઇ ગઇ, આકાશનું નિર્મળ હૈયું રંજથી ભરાઇ ગયું, ને તળાવનાં જળમાં કમળ પણ ગંભીર બની ગયાં રે! આખરે પ્યારા પ્રભુની જુદાઇ!

જ્ઞાનીઓ કહેવા લાગ્યા: 'આનંદો, પ્રભુ આજે મુક્તિને વરશે! મુક્તિથી દેહની દીવાલ દૂર થશે. એ સર્વતંત્ર સ્વતંત્ર થશે."

**પ્રજાજનો નિઃશ્વાસ નાંખતા હતા: "હાય રે, પ્રભુની આ અલૌકિક દેહછબી હવે ફરી કયાં ને કયારે નીરખવા** મળશે? જુગ જુગ પછી સાંપડેલી આ અમૃતવાણી ફરીથી કયાં ને કયારે સાંભળવા મળશે? અરે! જ્ઞાનીઓના વચનથી શોક અને આનંદને સમાન ગણવાની અમે મહેનત કરીએ છીએ, પણ આનંદને ઠેકાણે શોક આવીને એવો બેસી ગયો છે કે કેમે હઠાવ્યો હઠતો નથી! રે, શું પ્રભુ આપણાથી દૂર થશે?'

દેવો ને ઋષિઓ તો મીઠા શંખ બજાવી રહ્યા છે. આજ ભગવાનની જીવન જ્યોત, એક મહાન જ્યોતિમાં ભળી જવાની! મુક્તિ આડે રહેલું દેહબંધન આજે છૂટી જશે, અને આપણો વહાલો વીર મુક્તિને જઇ વરશે.

પણ ભોળા ભકતજનો અને શુષ્ક સંતપ્ત મુખથી આનંદનો એક ઉદ્‌ગાર પણ કાઢી શકતાં નથી. તેઓ કહે છે. જાણે ભગવાન હજી ગઇકાલે જ તો આપણી વચ્ચે આવ્યા છે. બાર બાર વર્ષની મૌન વાદળી જાણે હમણાં જ

**અહિંસાનો અર્થ છે: અનંત પ્રેમ. અને અનંત પ્રેમનો અર્થ છે: દુઃખ સહન કરવાની અનંત શક્તિ.**

**—ગાંધીજી**

વરસી છે; બસો પાંચસો નહિ. સો–બસો નહિ, પાંચસો નહિ, હજી તો માત્ર બહોંતેર વર્ષ જ થયાં છે. એટલામાં દેહ–મુક્તિની આ મથામણ શી ? ભાઈ, તમારી વાત અમે સમજીએ છીએ; એમને માટે મૃત્યુ એ શોકનો વિષય નથી. પણ જીવનનો ઉત્સવ હોઈ શકે, મૃત્યુનો ઉત્સવ તો કયા મનથી થાય ? ભલે તેવી અજવાળી હોય, પણ રાત તે રાત જ કહેવાય !

પ્રભુએ તો ઉપદેશની વર્ષા આરંભી દીધી: જતાં જતાંય જગતને જેટલું ધર્મામૃતનું પાન કરાવ્યું તેટલું સારું, સોળ પ્રહર સુધી અખંડ ઉપદેશ આપ્યો. બારે પર્ષદા તન્મય બનીને પ્રભુવાણીના અમૃતનું પાન કરી રહી.

જાણે મેઘ અનરાધાર વરસતો હતો ને સૂકી ધરતી હોંશે હોંશે એને ઝીલતી હતી.

દિવસોથી સેવામાં રહેતો દેવોનો સ્વામી ઇંદ્ર પણ છેક છેલ્લી ઘડીએ હિંમત હારી બેઠો, સાજ તો બધા જ સજાવ્યાં, મૃત્યુ ઉત્સવની બધીય રચના કરી, પણ છેલ્લી પળે પ્રભુના અભાવની કલ્પના એને પણ પીડા કરી બેઠી.

એકત્ર થયેલાં અનેક નર–નારીઓની વતી ઇંદ્રરાજે પ્રશ્ન કર્યો. 'ભગવાન્, આપનાં ગર્ભ જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન હસ્તોત્તરા નક્ષત્રમાં હતાં, ખરુંને ?'

ભગવાને જવાબમાં કેવળ હકારદર્શક માથું હલાવ્યું.

'આપના નિર્વાણના નક્ષત્રમાં ભસ્મગ્રહ સંક્રાંત થાય છે. અનિષ્ટ ભાવની એ આગાહી કહેવાયને ?'

ભગવાને પૂર્વવત્ હકાર ભણ્યો.

'તો પ્રભુ, આપ તો સમર્થ છો, સર્વજ્ઞ છો, સર્વ શક્તિમાન છો. આપની નિર્વાણ ઘડીને થોડી લંબાવી ન શકાય ?'

ઇંદ્રરાજના મનમાં ઊંડે ઊંડે ઇચ્છા હતી કે એકવાર નિર્વાણ ઘડીને આગળ ધકેલવામાં આવે, તો પછી વળી જોઈ લેવાશે. આગાનો ચૂકયો સો વર્ષ જીવે.

ભગવાન મેઘ જેવી ગંભીર વાણીથી બોલ્યા: 'ઇંદ્રરાજ, મોહ વિવેકનો નાશ કરે છે માટે એને અંધ કહ્યો છે. મારા દેહ પ્રત્યેનો તમારો મોહ, આજે તમને આ બોલાવી રહ્યો છે. નિકટ રહ્યા છો, જ્ઞાની થયા છો, છતાં ભાખેલું ભૂલી ગયા કે આયુષ્યની એક ક્ષણ પણ સુર, અસુર કે માનવ–કોઈ વધારી શકતું નથી. દેહનું કામ, જન્મનું કારણ ને મૃત્યુની ગરજ સરી ગયાં. હવે આયુષ્યની એક ક્ષણ અને એ ક્ષણનો એક કણ પણ બોજારૂપ છે. ઇંદ્રરાજ ! જુઓ, પણે કદી ન કરમાતી વસંત ખીલી રહી છે. સત્–ચિત્ ને આનંદની કદી ન આથમતી ઉષા ઊભી રહી છે ! સ્વાગત માટે સજ્જ થઈએ !'

ભેગા થયેલા સમુદાયમાં પ્રભુના અંતેવાસીઓ પણ હતા. તેઓ

ભક્તજનોને એકઠા કરીને ખાનગીમાં આશ્વાસન આપતા, જાણે કોઈ ખાનગી વાત તેઓ જાણતા હોય તેમ કહેતાઃ 'ભલે ભગવાન તેમ કહે, પણ હાલમાં તેઓ નિર્વાણ નહિ સ્વીકારેઃ તે એકને એક બે જેવી સત્ય વાત છે. અમે એમના અંતેવાસી છીએ એટલે અંદરની વાત જાણીએ છીએ.

'કઈ વાત જાણો છો ? શ્રોતાવર્ગ પ્રશ્ન કરતો.

'અમને બરાબર યાદ છે કે ભગવાને પોતાના પ્રિય શિષ્ય મહર્ષિ ગૌતમને એકવાર કહ્યું હતું કે આપણે બંને એક સાથે એક દિવસે સિદ્ધ (ગૌતમને કેવળજ્ઞાન, પોતાને સિદ્ધિપદ) થઈશું. આજે એમણે જ મહર્ષિ ગૌતમને ધર્મબોધ દેવા બીજે મોકલ્યા છે. પ્રભુ વિના એક ક્ષણ પણ જીવી શકે નહિ, એવા ગૌતમસ્વામીના આવ્યા વગર ભગવાન કંઈ દેહ છોડી દેશે ? શાંતિ ધારણ કરો ! આ તો પ્રભુની લીલા છે, આપણી પરીક્ષા છે !'

આ વાતથી આખા સમુદાયમાં હૈયાધારણ પ્રસર્યું. પણ ભગવાન તો અંતિમ ક્રિયામાં મગ્ન હતા. પર્યંકાસને બિરાજ્યાં હતાં. બાદર મનોયોગ ને વચનયોગ રૂંધીને કાયયોગમાં સ્થિત થયા હતા. થોડીવારમાં બાદર કાયયોગમાંથી સૂક્ષ્મ કાયયોગમાં પ્રવેશ કર્યો, વાણી તથા મનના કાયયોગને રૂંધ્યા.

આયુષ્યની શીશીમાંથી છેલ્લાં કણ ઝરતા હતા, ને એ પણ હવે પૂર્ણ થવાની તૈયારીમાં હતાં. દુવિધામાં પડેલો જનસમૂહ એમની સહસ્ર સૂર્યની કળાથી તપતી મુખમુદ્રા સામે નીરખી રહ્યો હતો. સહુના શ્વાસ ઊંચા હતાં, સહુનાં મોં પર ઓશિયાળાપણું હતું.

પ્રભુએ છેલ્લો સૂક્ષ્મ કાયયોગ પણ રૂંધ્યો, સર્વ ક્રિયાઓનો ઉચ્છેદ કર્યો, ને આંખને આંજી દેનારું તેજ વર્તુલ પ્રગટ થયું, તારાગણોથી સુશોભિત અમાવાસ્યાની રાત્રિ એકાએક અલૌકિક પ્રકાશથી ઝળહળી ઊઠી. ચારે તરફ જય જયનાદ સંભળાયા.

પ્રભુ નિર્વાણ પામ્યા!

હવામાં શંખ ફુંકાયાં, વનમાં દુંદુભિ વાગ્યાં.

સંસારને ઝગઝગાવી રહેલો મહાદીપક, અંતરચક્ષુઓને ઉજમાળ કરી, ચર્મચક્ષુઓની સામેથી બુઝાઈ ગયો.

મોહની દારુણ પળો પર ઈંદ્રરાજ વિજય મેળવી હવે સ્વસ્થ થતા હતા, ને કહેતા હતાઃ

દીપક પેટાવો ! દીપાવલી રચો ! પ્રભુ નિર્વાણ પામ્યા !'

**—શ્રી જયભિખ્ખુના સૌજન્યથી**
('ભગવાન મહાવીર' માંથી)

બે વચ્ચે સદીઓનો પડદો છે.

એક જનમ્યો છે વીસમી સદીની શરૂઆતમાં જ્યારે બીજાના જનમ પર તો યુગોના કાળ થર પથરાઇ ગયા છે.

અને બીજું બંનેની નાત જુદી છે. દેશ જુદા છે. સંસ્કાર જુદા છે. ક્યાંય કરતાં ક્યાંય બંનેનો મેળ ખાય તેમ નથી.

પણ કહે છે ને ભૂખ ન જુવે રોટલો તેમ પ્રેમ પણ કંઇ જોતો નથી.

અને એક દિવસ એણે તેના વિષે સાંભળ્યું. સિરાચીત એવી તેની પરાક્રમ ગાથા વાંચી. બસ, ત્યારથી એ એનો આરાધ્ય દેવ બની ગયો છે પ્રીતનો દોર એની સાથે ગુંથાઇ ગયો છે.

ત્યારથી એ તેને હર જગાએ જુવે છે. તેના આરામ અને કામમાં, પ્રકૃતિની ગોદમાં અને ઘરની ચાર દિવાલોમાં, શ્વાસ અને ઉચ્છ્વાસમાં, ઊંઘમાં અને જાગૃતિમાં, પોતાનામાં અને બીજામાં, બસ તેને તેનાં જ દર્શન થાય છે.

આથી જ એને દીવાળી ચાર દિનની નહિ પણ રોજ રોજની દીવાળી લાગે છે અને એ ગાય છે:—

## સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

અમારે નિત્ય દીવાળી થાય, આનંદમાં દિન જાય;
અમારે નિત્ય દીવાળી થાય, આનંદમાં દિન જાય.

પટ્ચક્રોમાં મહાવીર મહાવીર, અનંત જ્યોતિ સુહાય;
વેદાય ક્ષમાય સહુ સમભાવે, પ્રભુ યશમાં ગવાય.

ધ્યાન સમાધીમાં મહાવીર જ્યોતિ, નિર્વિકલ્પ જણાય;
નય નિક્ષેપા ભંગ ન ભાસે, પ્રકૃતિ ભાન ન થાય.

ધ્યાતા ધ્યેય ને ધ્યાનની એકતા, પૂર્ણાનંદ પમાય;
આતમ આપોઆપ મહાવીર, જ્ઞેય જ્ઞાન ઐક્ય સહાય.

મહાવીર મૂર્તિ મહાવીર જ્ઞાન જ, જેનો છે આકાર;
તીર્થંકર મહાવીર રંગારંગ, તે પર પૂરો પ્યાર.

સાકાર ને નિરાકાર મહાવીર, પ્રભુનું જ દર્શન થાય;
જ્ઞાનમાં જ્ઞેય સ્વરૂપે મળો મુજ, અનંત ગુણ મહિમાય.

અસ્તિ નાસ્તિમય વિશ્વ છે તુજમાં, મહાવીર તું છે અનંત;
શાતા અશાતા યશ અપયશમાં, સમભાવે ગુણવંત.

સર્વ ધર્મોને સર્વ વેદો પણ, તુજ માંહિ પ્રણમંત;
સર્વ વેદાંતિક દૃષ્ટિઓ, તુજ ભક્તિમાં સમંત.

તુજને ગાતાં તુજને ધ્યાતાં, આવે અમીરસ સ્વાદ;
મહાવીર તુજને દેખ્યા હૃદયમાં, ટળિયા વાદ વિવાદ.

શુદ્ધોપયોગે આતમ મહાવીર, જ્યોતિ અપરંપાર;
જડ જ્યોતિથી ન્યારો નિશ્ચય, અનંત સુખ આધાર.

તુજવણ અન્ય ન મનમાં ગમતું, જોઈને જોયું તમામ;
બુદ્ધિસાગર મહાવીર પ્યારા, તું છે મારો ઠામ.

## નિત્ય દીવાળી

મહેફીલ આખી ઊઠી ગઈ છે.

પણ એ ઊઠયો નહીં.

એની આંખો તો હજી સાકી તરફ જ છે.

સુંદર પરિધાનમાં સાકી ઊભી છે. આંખોમાં મસ્તી છે અને હાથમાં સુરાહી છે. હોઠ પર મલપાતું હાસ્ય છે. અને હાસ્યમાં દિલને ઘાયલ કરતી કાતીલ છૂરી ફરી રહી છે.

પણ દીવાનો બેપરવા છે. એ તો કહે છેઃ અરે! ઓ સાકી! તું આમ મને તલસાવે છે શું? તારી સુરાહી જરા નમાવ અને મારી આ હૈયા કૂપ્પીમાં રેડ! બસ એક જ ઘૂંટ રેડ! એક જ ઘૂંટ!"

અને સાકી સુરાહી રેડે છે. રેડે છે એટલું જ નહિ, દીવાનાને ગોદમાં લઇ એ સુરાહી તેને હોઠે ધરે છે.

ગટ્ ગટ્ ગટ્ સુરા સીધી કાળજે જઈને ઠરે છે.

અને દીવાનો ઝૂમી ઊઠે છે.

એની આંખોમાં મસ્તી છવાઈ જાય છે. રોમ રોમ એનું નૃત્ય કરી ઊઠે છે. અને એની જવાની સૂર છેડી ઊઠે છે.

અમે લાલન બન્યા છૈયે,
પ્રભુ મહાવીરના નક્કી;
અમે સાકી ખરા બાખી
ખુદા મહાવીર છે સાકી.

શરીઅતથી ગયા આઘા,
તરીકતના કર્યાં વાઘા;
હકીકતના થયા લાગા,
રહ્યા નહિ દિલમાં ડાઘા.

મળી તાકાત મારફતની,
રહી ના ભક્તિમાં બાકી;
અમે સાકી ખરા બાખી,
ખુદા મહાવીર છે સાકી.

પ્રભુએ પ્રેમની પ્યાલી,
અમારા હોઠે અડકાળી;
ચઢી લાલી મઝા ભાળી,
પ્રભુ રૂપે મ્હાલી,

નથી મગરૂર બીજાના,
ઉતારે શીર શરવાહી.
અમે સાકી ખરા બાખી,
ખુદા મહાવીર છે સાકી.

પ્રભુ મહાવીરની મસ્તી,
કરીને કાળથી કુસ્તી;
ઉડાડી મોહની સુસ્તી,
કરી પરબ્રહ્મમાં વસ્તી;

કરીને ઉન્મની મુદ્રા,
મહાવીરમાં નજર તાકી;
અમે સાકી ખરા બાખી,
ખુદા મહાવીર છે સાકી.

બની બેભાન દિલ ભાળ્યા,
કપાયો ઉઠતાં બાળ્યા;
વિકારો આવતાં ખાળ્યાં,
થયા ત્યારે તમો વહાલાં.

મગર તોયે રીઝવવામાં,
જરા ના બાકી કંઇ રાખી;
અમે સાકી ખરા ખાખી,
ખુદા મહાવીર છે સાકી.

મળી લાલી પ્રભુ વહાલી,
અનંતાનંદ મતવાલી;
મળી દિલ મુક્તિની બહાલી,
નૂરેનૂર ભેળવી ભાળી;

મર્યાવણ નહિ મળે યારી,
સમાધિ યોગથી પાકી;
અમે સાકી ખરા ખાખી,
ખુદા મહાવીર છે સાકી.

પ્રભુએ પ્રેમરસ બોળ્યા,
તપાવી તાપથી તોળ્યા;
કરીને આત્મરસ ધોળ્યા,
ઘણા નરસિંહપણે ચોળ્યા;

બનાવી મસ્ત હિંચોળ્યા,
જણાતા નહિ ગયા થાકી,
અમે સાકી ખરા ખાખી,
ખુદા મહાવીર છે સાકી.

હતું તે સહુ છતું દેખ્યું,
નહોતું સર્વ ઉવેખ્યું;

ગણ્યું એક સત્યનું લેખું,
કશું ના અન્ય દિલ પેખું;
રહ્યું જે કર્મ તે છેકું,
ફિકરની ફાકિયો ફાકી;
અમે સાકી ખરા ખાખી,
ખુદા મહાવીર છે સાકી.

અભેદ એક થૈ જાવું,
પ્રભુ રસ પીવું ને પાવું;
રહ્યું ના આવવું જાવું,
નુરેનુર એક રસ પાવું;
બુદ્ધચબ્ધિ વીર મસ્તાનો,
થયો અલમસ્ત દિલ ખાકી;
અમે સાકી ખરા ખાખી,
ખુદા મહાવીર છે સાકી.

Grams : SUKESHI Phone : 334238

Please Contact For.
ALLOY TOOL STEEL
AND

- High SPeed Steel
- O. H. N. S. Steel
- Stainless Steel
- High Carbon High Chrome
- Carbon Steel
- Nickle Chrome Steel
- Hot Die Steel

**UNITED STEEL AGENCY**
(India) 92, Nagdevi Street, **BOMBAY-3.**

સુશીલ

★

# બ્યાસી દિવસની મા

[ શું કહો છો તમે ?

બ્યાસી દિવસની મા હોય કે આખા ભવની મા હોય ?

હા, ભાઈ ! હોય તો આખા ભવની મા, પણ આ મા-જનેતા તો માત્ર બ્યાસી જ દિવસની છે.

જગતના એક મહાન સપૂતની એ જનેતા છે. જનતાએ તો તેને વિસારી દીધી છે. પણ ઇતિહાસ એને અમર રાખી છે.

એ અમર જનેતા.

બ્યાસી દિવસની એ મા કોણ ?

એ માટે તો તમે આ કથા જ વાંચી જાવ. —**સંપાદક.**]

**જૈન** શાસનનાં વિસ્તીર્ણ આકાશ-પટ **ઉપર** જે કેટલીક પવિત્ર સન્નારીઓ ગ્રહ-નક્ષત્ર કે તારલિયાનો પ્રકાશ પાથરી રહી છે તેમાં જો કોઈ તારલિ ચમકદાર છતાં સંયમયુક્ત, દૂર દૂર છતાં દુન્યવી અને મનોરમ છતાં સાદી-સુરેખ હોય તો તે દેવાનંદા બ્રાહ્મણીની છે. એને પોતાના પ્રકાશનું અભિમાન નથી કે નથી એને પોતાના વિશિષ્ટ સ્થાન કે પ્રસિદ્ધિની પરવા. ત્રિશલા માતાને સૌ સંભારશે, એમને ઉદ્દેશીને ભક્તિભીની અંજલિઓ અર્પાશે. ત્રિશલા દેવી તો ભ. મહાવીરની જનની ગણાય. દેવાનંદા કોણ ? એને કોઈ શા સારુ સંભારે ? સંભારે યા ન સંભારે પણ ૮૨ દિવસ સુધી જેણે ભ. મહાવીરના ઘડાતા દેહનું લાલન-પાલન કર્યું છે તે દેવાનંદા માતાના પુણ્યનો પ્રકાશ, ભલે મંદમંદપણે પણ ચમકતો જ રહેવાનો. ભ. મહાવીરના જીવનઘડતરના એક ઉપાદાનરૂપે જ ગણાવાનો.

ભ. મહાવીર ત્રિશલા દેવીના ગર્ભમાં આવ્યા તે પહેલાં ૮૨ દિવસ સુધી દેવાનંદાના ગર્ભમાં રહ્યા હતા. પણ દેવાનંદા બ્રાહ્મણી હતી-ભિક્ષુક કુળની હતી એટલે ઇંદ્ર પોતાના હરિણગમેષી દેવને-એક દેવદૂતને મોકલી એના ગર્ભનું હરણ કરાવ્યું. ભગવાન મહાવીર બ્રાહ્મણીની કુક્ષિમાંથી ક્ષત્રિયાણીની કુક્ષિમાં આવ્યા. ત્રિશલા માતા ઇતિહાસમાં અમર અને આરાધ્ય બની ગયાં-દેવાનંદા માતા એક બાજુ રહ્યાં

અને ભગવાન મહાવીરના ભક્તો પણ જાણે કે એમને ભૂલી ગયા.

દેવાનંદાના પતિ ઋષભદત્ત બહુ સામાન્ય કોટીના બ્રાહ્મણ હતા. બ્રાહ્મણ-કુંડમાં રહેતા. દેવાનંદા પોતે જાલંધર કુળની ભાર્યા હતી. મહાવીર પ્રભુ જ્યારે દેવાનંદાના ગર્ભમાં આવ્યા અને સુભાગી માતાએ ભવ્ય ચૌદ સ્વપ્ન નિહાળ્યાં ત્યારે એ સ્વપ્નનાં અર્થ જાણી પતિપત્નીને પારાવાર આનંદ ઉપજેલો. ઘર આંગણે કલ્પતરુ ઊગ્યો હોય એટલો સંતોષ થયેલો. બ્રાહ્મણ-બ્રાહ્મણીને ઋદ્ધિ કે સમૃદ્ધિની તો શી પરવા હોય? એમનો અભિલાષ એટલો જ કે "પોતાને ત્યાં આ ચૌદ સ્વપ્નસૂચિત એક એવો પરમ પ્રભાવી પુત્ર અવતરશે કે જે વેદનો પારગામી હશે, અદ્ભૂત નિષ્ઠાવાળો હશે."

પણ એ ઉલ્લાસ ઠગારો નીવડ્યો. એમની બધી આશાઓ ધૂળમાં મળી ગઇ. પેલા ભવ્ય અને સુભગ સ્વપ્ન પણ રાત્રિએ જ્યારે ભગવાનના ગર્ભનું હરણ કર્યું ત્યારે દેવાનંદાના મુખમાંથી પાછાં નીકળતાં દેખાયાં! માતા દેવા-નંદા એકદમ ઉઠીને બેઠાં થઇ ગયાં. એમનું સર્વસ્વ જાણે કે લૂંટાઇ જતું હોય એવું દુઃખ થયું. તે દિવસથી દેવાનંદા દુર્બળ અને જર્જરિત જેવા દેખાવા લાગ્યાં. બ્રાહ્મણની આશાનાં અંકુર પણ કરમાઇને ખરી પડયાં.

પૂર્વભવનું એક પાપ આડે આવ્યું. દેવાનંદા અને ત્રિશલા પૂર્વભવમાં જ્યારે દેરાણી જેઠાણી હતા ત્યારે દેવાનંદાએ ત્રિશલાનો એક રત્નકરંડીયો ચોર્યો હતો. માગવા છતાં ત્રિશલાને પાછો નહોતો આપ્યો. એ કર્મનો બદલો દેવાનંદાને આ ભવમાં મળ્યો. એનો ગર્ભ ઇન્દ્રે હરી લીધો. અને ભ. મહાવીરે પણ પૂર્વભવમાં જાતિમદ કરેલો તેના પરિણામે એમને ભિક્ષુકની કુળવધુના ગર્ભમાં બ્યાસી દિવસ રહેવું પડયું. દેવાનંદા માતાના એ ગર્ભનું હરણ એ ઇન્દ્રનો સ્વેચ્છાચાર નહોતો કર્મ અને તેના વિપાક અથવા કાર્ય-કારણની શૃંખલાનો જ એક અંકોડો માત્ર હતો.

ચક્રવર્તીઓ અને તીર્થંકરો જેવા પ્રતાપી પુરુષોની માતાઓ જ જે સ્વપ્ન નિહાળી શકે તે સ્વપ્ન જોઇને રોમેરોમમાં હર્ષ પામેલી દેવાનંદાને એ આખી મનોરથોની સૃષ્ટિ વિલય પામતી જોયા પછી કેવો કારમો આઘાત થયો હશે? માતા દેવાનંદા જો કઠણ હૈયાનાં ન હોત તો કદાચ એ આઘાતને લીધે વિહ્વળ બની ગયાં હોત. પણ આખરે પોતાના સંચિતને જ દોષ દઇને બેસી રહ્યાં. માતા દેવાનંદાએ બહુ વલોપાત નથી કર્યો. પુત્રને બદલે પુત્રી અવતરી ત્યારે પણ એમણે સંતોષ અને તૃપ્તિ જ માણી છે.

દેવાનંદા માતા જો આટલું જાણી શક્યા હોત કે ક્ષત્રિયકુંડ ગામના સિદ્ધાર્થ ક્ષત્રીયને ત્યાં જે પુત્રનો જન્મ થયો છે તે વસ્તુતઃ પોતાનો જ બાળ છે તો કોઇક દિવસે આઘે ઊભા રહીને પણ એ પોતાના મટી ગયેલા બાળનું મોં જોઈ શકત–ગૌરવથી પોતાના અંતરને ભરી દઈ શકત.

પણ ક્ષત્રિયકુંડ અને બ્રાહ્મણકુંડ પાસે હોવા છતાં, ભગવાન મહાવીરના જન્મોત્સવથી માંડી દીક્ષા મહોત્સવ સુધીના અનેક પ્રસંગોમાં ક્યાંય દેવાનંદા માતા પ્રેક્ષક તરીકે આવ્યા હોય એમ નથી લાગતું. ગામમાં જ્યારે વર્ધમાનકુંવરને અથવા તો મહાવીરને જોવા માટે લોકોનાં ટોળાં ઊભરાતાં હશે ત્યારે પણ દેવાનંદા માતા તો ઘરનો ખૂણો ઝાલીને જ બેસી રહ્યા હોય એમ જણાય છે. ગર્ભાપહરણ પછી એમનો રસ અથવા આનંદ છેક સુકાઈ ગયો લાગે છે. બીજાના પરાક્રમી, તપસ્વી, જ્ઞાની પુત્રોની વાતો જ્યારે તેઓ સાંભળતા ત્યારે એમને ચૌદ સ્વપ્નસૂચિત પુત્રનું સ્મરણ થઇ આવતું હશે. દૈવે પોતાને ઠગી છે એ કઠોર સત્યનું ભાન થતાં એ મમતાળુ માતાનું હૈયું અંદરથી કેવું વલોવાઈ જતું હશે તે એમના સિવાય બીજુ કોણ સમજી શકે? એટલે જ એમ લાગે છે કે ગર્ભાપહરણ પછી દેવાનંદા માતાએ અંતઃશોધન પાછળ એક માત્ર લક્ષ આપ્યું હશે.

આખરે એક અકસ્માત બની જાય છે. વીર પ્રભુ વિહાર કરતાં એક દિવસ બ્રાહ્મણકુંડ ગામમાં આવે છે. ત્યાં બહુશાળ નામના ઉદ્યાનમાં દેવતાઓએ રચેલા ત્રણ ગઢવાળા સમવસરણમાં વ્યાખ્યાન આપવા પૂર્વાભિમુખે વિરાજે છે. દેવાનંદા અને ઋષભદત્ત ત્યાં આવી ચડે છે.

જેનું મોં પણ નથી જોયું, ગર્ભાવસ્થામાં પૂરો વિકાસ થાય તે પહેલાં જ જેનું અપહરણ થયું છે એવા પુત્રને માતા ઓળખી શકતી હશે? ગમે તેમ હોય, પણ વાત્સલ્યમાં અદ્દ્ભુત જાદુઇ શકિત છે. એમ માન્યા વિના નથી ચાલતું. ભગવાન મહાવીરને જોતાં જ દેવાનંદા માતાની છાતીમાંથી દૂધની સેર ઊડે છે, માતાનો દેહ રોમાંચથી ઉભરાઈ જાય છે. ગૌતમસ્વામી પણ આ દૃશ્ય જોઇને વિસ્મય પામે છે. કોઈ દિવસ નહિને આજે એવું શું બન્યું કે એક અજાણી સ્રીને પ્રભુ પ્રત્યે આટલું બધું વહાલ પ્રગટ્યું?

"પ્રભુ! આ દેવાનંદા કોણ છે? એની દૃષ્ટિ દૈવવધૂની જેમ નિર્નિમેષ કેમ થઈ ગઇ?" સંશય અને વિસ્મય પામેલા ગૌતમસ્વામીએ અંજલી જોડીને પ્રભુને પૂછ્યું.

"દેવાનુપ્રિય ગૌતમ! હું એ દેવા-

નંદાની કુક્ષિમાં જ બ્યાસી દિવસ રહ્યો હતો. દેવલોકમાંથી ચ્યવીને હું ત્યાં જ આવ્યો હતો. દેવાનંદા પોતે નથી જાણતી પણ એનું સ્વભાવિક વાત્સલ્ય છૂપું નથી રહી શકતું."

દેવાનંદા માતાને તે દિવસે પ્રથમ જાણ થઇ કે દેવોથી પૂજાતા ચક્રવર્તી જેવા રાજવીઓથી સત્કારતા અને પગલે પગલે પૃથ્વીને તીર્થસ્વરૂપ બનાવતા આ પુરુષ પોતાનો જ પુત્ર છે–વેદનો પારાગામી બનશે એવી જે આશા રાખેલી તેને બદલે આજે સંસારનો નવો સંદેશ સુણાવનાર આ પયગંબર પોતાનો જ પુત્ર છે. માતા દેવાનંદાને, ખોવાયેલી અદ્ભુત સમૃદ્ધિ અનાયસે મળી ગઈ હોય–વ્યાજ સાથે મૂળ રકમ મળી ગઈ હોય એટલો આનંદ તે દિવસે થયો હશે.

એ પછી, પ્રભુની દેશના સાંભળી માતા દેવાનંદા અને ઋષભદત્ત દીક્ષા લે છે. બંને જણ મહાવ્રતને ઉજાળતાં, વિવિધ તપ અને જ્ઞાનાધ્યન કરતાં, કેવળજ્ઞાન પામી, જીવનની છેલ્લી સિદ્ધિ મુક્તિને વરે છે.

( મહાવીરના યુગની
મહાદેવીઓમાંથી )

★

આકર્ષક અને લોકપ્રિય.............

ક્રાઉન બ્રાન્ડ

એલ્યુમિનિયમનાં વાસણો તથા એનોડાઈઝ્ડ એલ્યુમિનિયમની વસ્તુઓ

સૌ કોઈનો અભિપ્રાય છે કે 'ક્રાઉન' બ્રાન્ડની વસ્તુઓ દેખાવે સુંદર, આધુનિક ઘાટવાળી, ટકાઉ અને ખર્ચેલા નાણાનું વળતર આપી રહે તેવી હોય છે

ઘર, હોટલ, હોસ્પીટલ તથા કોઈપણ ઉદ્યોગની એલ્યુમિનિયમની જરૂરિયાતો અમે પૂરી પાડીએ છીએ.

જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ

'ક્રાઉન એલ્યુમિનિયમ હાઉસ': ૨૩, બ્રેબોન રોડ : કલકત્તા-૧

મુંબઈ ★ મદ્રાસ ★ દિલ્હી ★ રાજમહેન્દ્રી ★ એડન

# ભગવાન મહાવીરના ગણધરો

## ( ઉડતો પરિચય )

મૂળ લેખકઃ—**આ. મ. વિજયેન્દ્રસૂરિજી.**

ભગવાન મહાવીરના ૧૧ ગણધર હતા. ૧ ઇન્દ્રભૂતિ, ૨ અગ્નિભૂતિ, ૩ વાયુભૂતિ, ૪ વ્યક્ત, ૫ સુધર્મા, ૬ મંડલિક, ૭ મૌર્યપુત્ર, ૮ અકંપિત, ૯ અચલભ્રાતા, ૧૦ મેતાર્ય અને ૧૧ પ્રભાસ.

આ સૌનો ઉડતો સંક્ષેપ પરિચય આ પ્રમાણે છેઃ—

### ઇન્દ્રભૂતિ

પિતાનું નામ–વસુભૂતિ, માતાનું નામ–પૃથ્વી, ગૌત્ર–ગૌતમ, જન્મ નક્ષત્ર–જ્યેષ્ઠા, જન્મ સ્થાન–ગોબર ગ્રામ (મગધ), ગૃહસ્થ જીવન–૫૦ વરસ, દીક્ષા સ્થાન–મધ્યમ પાવા, શિષ્ય સંખ્યા–૫૦૦, છદ્મસ્થકાળ–૩૦ વરસ, કેવળી પર્યાય–૧૨ વરસ, કુલ આયુષ્ય ૯૨ વરસ, નિર્વાણ સમય–વીર પ્રભુના કેવળજ્ઞાન બાદ ૪૨ વર્ષે. નિર્વાણ સ્થળ–વૈભારગીરિ (રાજગૃહી)

### અગ્નિભૂતિ

પિતાનું નામ–વસુભૂતિ, માતાનું નામ પૃથ્વી, ગૌત્ર–ગૌતમ, જન્મ નક્ષત્ર–કૃત્તિકા, જન્મસ્થાન ગોબરગ્રામ (મગધ) ગૃહસ્થ જીવન–૪૬ વરસ, દીક્ષાસ્થાન–મધ્યમ પાવા, શિષ્ય સંખ્યા–૫૦૦ છદ્મસ્થકાળ–૧૨ વર્ષ, કેવલિ પર્યાય–૧૬ વર્ષ, કુલ આયુષ્ય ૭૪ વર્ષ, નિર્વાણ સમય–વીર પ્રભુના કેવળજ્ઞાન બાદ ૨૮ વર્ષે, નિર્વાણ સ્થળ–વૈભારગીરી (રાજગૃહી)

### વાયુભૂતિ

પિતાનું નામ–વસુભૂતિ. માતાનું નામ–પૃથ્વી, ગૌત્ર–ગૌતમ, જન્મ નક્ષત્ર–સ્વાતિ, જન્મસ્થાન–ગોબરગામ (મગધ), ગૃહસ્થ જીવન–૪૨ વરસ, દીક્ષા સ્થાન–મધ્યમ પાવા, શિષ્ય સંખ્યા–૫૦૦, છદ્મસ્થકાળ–૧૦ વર્ષ, કેવળીપર્યાય–૧૮ વર્ષ, કુલ આયુષ્ય–૭૦ વર્ષ, નિર્વાણ સમય–વીરપ્રભુના કેવળજ્ઞાન બાદ ૨૮ વર્ષે, નિર્વાણ સ્થળ–વૈભારગીરી (રાજગૃહી)

### વ્યક્ત

પિતાનું નામ–ધનમિત્ર, માતાનું નામ વારુણી, ગૌત્ર–ભારધ્વાજ, જન્મ-નક્ષત્ર–શ્રવણ, જન્મ સ્થાન–કોલ્લાગ સન્નિવેશ (મગધ) ગૃહસ્થ જીવન–૫૦ વર્ષ, દીક્ષા સ્થાન–મધ્યમ પાવા, શિષ્ય સંખ્યા–૫૦૦, છદ્મસ્થકાળ–૧૨ વર્ષ, કેવળી પર્યાય–૧૮ વર્ષ, કુલ આયુષ્ય–૮૦ વર્ષ, નિર્વાણ સમય–વીરપ્રભુના

કેવળજ્ઞાન બાદ ૩૦ વર્ષે, નિર્વાણ સ્થાન-વૈભારગીરી (રાજગૃહી)

### સુધર્મા

પિતાનું નામ-ધમ્મિલ, માતાનું નામ-ભદ્દિલા, ગૌત્ર-અગ્નિ વૈસ્યાયન, જન્મ નક્ષત્ર-ફાલ્ગુની, જન્મ સ્થાન-કોલ્લાગ સન્નિવેશ (મગધ), ગૃહસ્થ જીવન ૫૦ વર્ષ, દીક્ષા સ્થાન-મધ્યમ પાવા, શિષ્ય સંખ્યા-૫૦૦, છદ્મસ્થ કાળ-૪૨ વર્ષ, કેવળી પર્યાય ૮ વર્ષ, કુલ આયુષ્ય-૧૦૦ વર્ષ નિર્વાણ સમય-વીર પ્રભુના કેવળજ્ઞાન બાદ ૫૦ વર્ષે, નિર્વાણ સ્થાન-વૈભારગીરી (રાજગૃહી)

### મંડિક

પિતાનું નામ-ધનદેવ, માતાનું નામ-વિજયાદેવી, ગૌત્ર-વશિષ્ઠ, જન્મ નક્ષત્ર-મઘા, જન્મસ્થાન-મૌર્ય સન્નિવેશ, ગૃહસ્થ જીવન-૫૩ વર્ષ, દીક્ષા સ્થાન-મધ્યમ પાવા, શિષ્ય સંખ્યા-૩૫૦, છદ્મસ્થ કાળ-૧૪ વર્ષ, કેવળીપર્યાય-૧૬ વર્ષ, કુલ આયુષ્ય ૮૩ વર્ષ, નિર્વાણ સમય-વીર પ્રભુના કેવળજ્ઞાન બાદ ૩૦ વર્ષે, નિર્વાણ સ્થળ-વૈભારગીરી (રાજગૃહી)

### મૌર્યપુત્ર

પિતાનું નામ-મૌર્ય, માતાનું નામ-વિજયાદેવી, ગોત્ર-કાસ્યપ, જન્મ નક્ષત્ર-રોહિણી, જન્મ સ્થાન-મૌર્ય સન્નિવેશ, ગૃહસ્થ જીવન-૬૫ વર્ષ, દીક્ષા સ્થાન-મધ્યમપાવા, શિષ્ય સંખ્યા ૩૫૦, છદ્મસ્થ કાળ-૧૪ વર્ષ, કેવલી-પર્યાય-૧૬ વર્ષ, કુલ આયુષ્ય-૬૫ વર્ષ, નિર્વાણ સમય-વીર પ્રભુના કેવળ-જ્ઞાન બાદ ૩૦ વર્ષે, નિર્વાણ સ્થળ-વૈભારગીરી (રાજગૃહી).

### અકંપિત

પિતાનું-નામ-વસુ, માતાનું નામ-નંદા, ગોત્ર-હારીત, જન્મ નક્ષત્ર-મૃગશીરસ, જન્મસ્થાન-મિથિલા, ગૃહસ્થ જીવન-૪૬ વર્ષ, દીક્ષા સ્થાન-મધ્યમ પાવા, શિષ્ય સંખ્યા-૩૦૦, છદ્મસ્થ-કાળ-૧૨ વર્ષ, કેવળીપર્યાય-૧૪ વર્ષ,


જેનીથ ફાયર સર્વીસ.

૧૨૭ / ૧૨૯, મોદી સ્ટ્રીટ, મુંબઈ ૧.

ટે. નં. ૨૬૫૪૧૬.

આગ તેમજ અકસ્માત સમયે અતિ ઉપયોગી

કુલ આયુષ્ય-૭૨ વર્ષ, નિર્વાણ સમય-વીર પ્રભુના કેવળજ્ઞાન બાદ ૩૦ વર્ષે, નિર્વાણ સ્થળ-વૈભારગીરી (રાજગૃહી).

**મેતાર્ય**

પિતાનું નામ-દત્ત, માતાનું નામ-કૌડિન્ય, જન્મ નક્ષત્ર-અશ્વિની, જન્મ સ્થાન-તુંગિઅ સન્નિવેશ (કૌશાંબી), ગૃહસ્થ જીવન-૩૬ વર્ષ, દીક્ષા સ્થાન-મધ્યમ પાવા, શિષ્ય સંખ્યા-૩૦૦ વર્ષ, છદ્મસ્થકાળ-૧૦ વર્ષ, કેવળીપર્યાય-૧૬ વર્ષ, નિર્વાણ સમય-વીર પ્રભુના કેવળજ્ઞાન બાદ ૨૬ વર્ષે, નિર્વાણ સ્થાન-વૈભારગીરી (રાજગૃહી)

**અચલ ભ્રાતા**

પિતાનું નામ-દેવ, માતાનું નામ જયંતી, ગોત્ર-ગૌતમ, જન્મનક્ષત્ર-ઉત્તરાષાઢા, જન્મ સ્થાન-કોસલ (અયોધ્યા), ગૃહસ્થ જીવન-૪૮ વર્ષ, દીક્ષા સ્થાન-મધ્યમ પાવા, શિષ્ય સંખ્યા-૩૦૦ છદ્મસ્થકાળ. ૯ વર્ષ, કેવળી પર્યાય-૨૧ વર્ષ. કુલ આયુષ્ય-૭૮ વર્ષ, નિર્વાણ સમય-વીર પ્રભુના કેવળજ્ઞાન બાદ ૨૬ વર્ષે નિર્વાણ સ્થા-વૈભારગીરી (રાજગૃહી)

**પ્રભાસ**

પિતાનું નામ-બળ, માતાનું નામ-અતિ ભદ્રા, ગોત્ર-કૌડિન્ય, જન્મ નક્ષત્ર-પુષ્ય, જન્મ સ્થાન-રાજગૃહી, ગૃહસ્થ જીવન ૧૬ વર્ષ, દીક્ષા સ્થાન-મધ્યમ પાવા, શિષ્ય સંખ્યા-૩૦૦, છદ્મસ્થ કાળ-૮ વર્ષ, કેવળી પર્યાય-૧૬ વર્ષ, કુલ આયુષ્ય-૪૦ વર્ષ, નિર્વાણ સમય-વીર પ્રભુના કેવળજ્ઞાન બાદ ૨૪ વર્ષે, નિર્વાણ સ્થાન-વૈભારગીરી (રાજગૃહી).

નોંધ:—ગણધરોની જે શિષ્ય **સંખ્યા બતાવી છે તે, ગણધરોએ જે સમયે દીક્ષા લીધી હતી તે સમયની સંખ્યા છે.**

(તીર્થંકર મહાવીર
(હિંદી) ભા. ૧ માંથી)

★

## ગ્રાહકોને નમ્ર વિનંતી

'બુદ્ધિપ્રભા' દર માસની દસમી તારીખે પ્રગટ થાય છે. આપને તા. ૨૦ સુધી અંક ન મળે તે પછી જ, આપનો ગ્રાહક નંબર લખીને કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.

બુદ્ધિપ્રભા
C/o શ્રી જે. એસ. દંતારા
૧૨/૧૬, ત્રીજી ભોઈવાડા, ૧ લે માળે,
મુંબઈ ૨.

મૂળ લેખકઃ—**શ્રી સત્યભક્તજી**
અનુવાદકઃ—**મુનિશ્રી ન્યાયવિજયજી**

# વિદાય

[ ભગવાન મહાવીરના જીવનના કોઈ એકાદ પ્રસંગ કે સારા ય જીવનને મધ્યબિંદુ રાખી ઘણા લેખકોએ વાર્તા, નવલકથા, નાટીકા વગેરે લખ્યાં છે. મનનાત્મક નિબંધો—લેખો પણ લખ્યાં છે.

વાર્તા—નવલકથા જેમ સાહિત્યના સ્વરૂપો છે તેમ ડાયરી (રોજનીશી—નોંધપોથી) પણ સાહિત્યનું જ સ્વરૂપ છે. લીયો ટોલ્સટોયની ડાયરીઓ જગ વિખ્યાત છે. તેવી જ રીતે સ્વ. મેઘાણીની ડાયરીઓ (પરિભ્રમણ રૂપે પુસ્તક આકારે તે પ્રગટ થયેલ છે. પણ ગુજરાતી સાહિત્યમાં જાણીતી છે.

અહીં શ્રી સત્યભકતજીએ "**મહાવીરકા અંતઃસ્તલ**" નામે મહાવીર પ્રભુની ડાયરી લખી છે.

ડાયરીના આ પ્રકારમાં **ભ૦** મહાવીરના મનોમંથનો, સંવેદનો જાણવા મળે છે. —**સંપાદક.** ]

કાલે સંધ્યા વખતે મેં ભાઈ-સાહેબને નિષ્ક્રમણના નિશ્ચયની વાત કરી અને આજ ત્રીજા પહોરે ગૃહ-ત્યાગ કરવાનો કાર્યક્રમ સૂચિત કરી દીધો. એથી ખળભળાટ જેવું મચી ગયું. દોડયાં દોડયાં ભાભીજી આવ્યાં. દાસીઓ પણ આવી. બધીએ મને ઘેરી લીધો. પણ બધી ખમચાતી રહી. થોડીવાર પછી ભાભીએ મારા ખભા ઉપર હાથ રાખતાં કહ્યું: માતાજીને માટે તમે કેટલાંય વર્ષ રોકાયા દેવર! પોતાના ભૈયાને માટે પણ એક વર્ષ રોકાયા. હવે શું પોતાની ભાભીને માટે છ મહીના પણ ન રોકાઈ શકો? શું ભાભીનો એટલો પણ અધિકાર નહિ?

મેં હસતાં કહ્યું: તમને ભૈયાથી જુદાં સમજવાનું પાપ પણ નથી કરી શકતો ભાભી!

મારી વાત સાંભળી દાસીઓ સુદ્ધાં હસી પડી. ભાભીએ કહ્યું: બીજા-ઓનું મોં બંધ કરવું ખૂબ જાણો છો દેવર!!

> ઇશ્વર કહે છે તું ભલે મને છોડી દેજે પરંતુ ચાલજે તો મારા કહ્યા જ પ્રમાણે.
>
> —તાલમુદ

વચમાં ભૈયા બોલી ઊઠયા વર્ધમાનકુમાર બધી વાતોમાં અસાધારણ છે, અન્યથા કોઇ ભાભીનું મોં બંધ કરી શકવાવાળો કોઇ દેવર તો આજ સુધી દેખ્યો–સાંભળ્યો નથી.

ફરી એક હળવી સરખી હાસ્યની લહેર બધાંની વચ્ચે રેલાઇ ગઈ.

એ પછી ભૈયાએ કંઇક ગંભીર થઈને કહ્યું: હવે તમને રોકી શકવાનું કોઈ શસ્ત્ર અમારી પાસે નથી રહ્યું વર્ધમાન અમે હાર્યાં છીએ, માટે કાલે તમે જે પ્રકારે વિદાય ચાહશો તે પ્રકારે તમને વિદાય કરી દેવા પડશે.

એને માટે તો કોઇ વિશેષ યોજના તો કરવી નથી ભૈયા ! હું કાલે ત્રીજા પહોરે મારાં વસ્ત્રાભૂષણો ગરીબોને દાન દઇ ફકત એક ચાદર લપેટીને વન તરફ એકલો ચાલી નીકળીશ.

ભાભીએ અચરજથી કહ્યું: પગપાળાજ !

પગપાળા નહિ તે, શું ? પરિવ્રાજક સાધુઓ હાથી–ઘોડા–પાલખીઓ પર ઘૂમ્યા કરે છે ? હવે તો મારે જીવનના અંત સુધી પગપાળાજ ભ્રમણ કરવાનું છે.

મારી વાત સાંભળી ભાભી ક્ષણભર સ્તબ્ધ બની ગયાં. પછી પાલવથી પોતાની આંખો લૂછીને બોલ્યાં: જીવનભર તમે ચાહો તેમ ઘૂમજો દેવર ! પણ હું એવી અભાગણી ભાભી બનવા નથી ચાહતી કે જેનો દેવર સાધારણ ભીખારી જેવો બની ઘરથી નીકળી જાય. અગર મારો દેવર સાધારણ યુદ્ધ–વિજયને માટે પણ જાત તો ગામભરની સીમન્તિનીઓ એની આરતી ઉતારત, અશ્વારૂઢ હોત, એના રસ્તામાં ફૂલ બિછાવેલાં હોત; પણ કાલે તો મારો દેવર વિશ્વવિજયને માટે જઇ રહ્યો છે, લોકોના શરીર પર નહિ, આત્માઓ પર વિજય પ્રાપ્ત કરવા માટે જઇ રહ્યો છે, તો એનો સમારોહ એને અનુરૂપ જ થશે.

ભૈયાએ કહ્યું: હા ! હા ! કેમ નહિ થાય ? આ બાબતમાં વર્ધમાને કંઇ નહિ બોલવાનું. હું અત્યારથી જ બધી તૈયારી કરાવું છું.

એમ કહીને ભૈયાજી ઊઠી ચાલ્યા ગયા. હું પણ ઊઠીને ચાલ્યો આવ્યો. પ્રાસાદની આગળ રાતભર ઠકઠક ચાલ્યા કરી. રાજમાર્ગ સ્વચ્છ અને સજાયેલો કરવાની ધમાધમ ચાલતી રહી. અશ્વારોહીઓના આમતેમ જવાના અવાજો આવતા રહ્યા. માલુમ પડતું હતું કે જેટલા દૂરના સામન્તો અને પ્રજાજનોને ખબર આપી શકાતા હતા. તેટલાને આપી દેવાયા.

કંઇક તો આ પ્રકારે રાત્રિની નિઃસ્તબ્ધતાનો ભંગ થવાના કારણે, કંઇક નિષ્ક્રમણના ઉલ્લાસના કારણે, કંઇક આગળના કાર્યક્રમના વિચારના કારણે મને નીંદ ન આવી. વચમાં વચમાં હું ઓરડાની અંદર ફરવા લાગ્યો ત્યાં સુધી કે મધરાતનો સમય થઇ ગયો; એટલામાં હું ચોંક્યો. દેવીના ઓરડામાંથી ડૂસકાંનો અવાજ આવ્યો. સમજી ગયો કે દેવીને પણ નીંદ આવતી નથી અને એથી જ પ્રિયદર્શના પણ સૂઈ રહી નથી, એને સુવાડવા માટે તેઓ થાબડી રહ્યા છે.

યદ્યપિ પાછલા એક વર્ષથી હું કંઇક અલગ જેવો જ રહું છું; એક પ્રકારે મારો વખત મારી સાધનામાં લાગ્યો રહ્યો છે; છતાં મળવા–હળવા અને વાત કરવાનો સમય તો મળતો જ રહ્યો છે. પણ આજ એમના અને મારા જીવનના મિલનની અન્તિમ રાત્રિ છે. આ પછી ઉપરનું દામ્પત્ય પણ વિચ્છિન્ન થઇ જશે.

કાલે એ લૌકાન્તિક રાજયોગીઓની વાતો સાંભળીને દેવીએ મને નિષ્ક્રમણની અનુમતિ આપી દીધી; છતાં એ ત્યાગનો બોજો એમને ઠીકઠીક ભારે પડી રહ્યો છે. એમના વિવેકે, એમની વિશ્વહિતૈષિતાએ અનુમતિ આપી છે, પણ મન તો વ્યથાભારથી આહ આહ કરી રહ્યું છે. પણ એનો ઉપાય શો? દુનિયાના તમામ વજ્રોને દૂર કરવા માટે આ મહાન્ સાત્ત્વિક યજ્ઞ કરવો જ પડશે.

એક વાર ઇચ્છા તો થઇ આવી કે દેવીના ઓરડામાં જઇ એમને સાન્ત્વના દઇ આવું, જેથી એમને નીંદ આવી જાય; પણ અટકી ગયો. આ વખતે એમને સાન્ત્વના આપવાનો અર્થ હતો એમને રાતભર રોવરાવવાં. માટે ન ગયો.

હું ચાહું છું કે મારા જવા પછી એઓ વૈધવ્યની યાતનાનો અનુભવ ન કરે, કિન્તુ ત્યાગના મહાન્ ગૌરવનો અનુભવ કરે.

આ બધા વિચારોમાં રાત નીકળી જવા આવી. હરવા ફરવાથી કંઇક થકાવટ જેવું લાગ્યું અને સૂઇ ગયો. થોડી વારમાં નીંદ પણ આવી ગઇ; પણ કંઇ મુહૂર્તભર સૂવા પામ્યો હતો કે હું ચોંકી ગયો. આંખ ખુલતાં જ જોયું કે દેવી શય્યાની નીચે બેઠાં બેઠાં એકીટસે મારા મોં તરફ જોઇ રહ્યાં છે. મને આશ્ચર્ય ન થયું. છતાં પ્રેમલ

---

**દર્શન શાસ્ત્રના દશ ગ્રંથ લખવા સહેલા છે પણ એક સિદ્ધાંત પ્રમાણે જીવવું મુશ્કેલ છે.**

—ટોલસ્ટોય

---

સ્વરમાં મેં પૂછ્યું; આટલી રાત સુધી શું તમે સૂતાં નથી દેવી?

દેવીના હોઠ કાંપવા લાગ્યા. માલૂમ પડ્યું કે બન્ને હોઠો ઉભરાઈ રહેલા રુદનના ધક્કાને સહન નથી કરી રહ્યા. ઘણી મુશ્કેલીથી રૂંધાયેલ ગળાથી એમણે કહ્યું: સૂવા માટે તો આખું જીવન પડ્યું છે દેવ!

હું બેઠો થઈ ગયો. દેવીનો હાથ પકડી મેં એમને શય્યા પર બેસાડી લીધાં અને હળવું સરખું હાસ્ય લાવીને કહ્યું: આ પ્રકારે એકીટશે શું જોઈ રહ્યાં હતાં દેવી!

દેવી: આપના રૂપને પી રહી હતી દેવ! વિચાર કર્યો કે જીવનભર તો તરસથી તરફડવું જ છે, આ અન્તિમ રાત્રિ છે, જેટલું પી શકું તેટલું પી લઉં.

મેં કહ્યું: મોક્ષના સિવાય શું ક્યારેય કામથી પ્યાસ બુઝાઈ છે ખરી દેવી!?

દેવી ચૂપ રહ્યાં.

મેં કહ્યું—

આમ ધીરજ ખોવાની જરૂર નથી દેવી! તમારે તો પોતાની દાનવીરતાનો અનુભવ કરવાનો છે. લાખો સુવર્ણ-મુદ્રાઓનું દાન કરવાવાળાઓની દાન-વીરતા, તમારી આ દાનવીરતાની આગળ કંઈ હિસાબમાં નથી. તેઓ સુવર્ણના ટુકડાઓનું દાન કરે છે, પણ હૃદયના ટુકડાઓનું યા પૂરા હૃદયનું દાન તેઓ નથી કરવા પામતા. તમે તો આજે પોતાના હૃદયનું દાન કર્યું છે, જીવનમાં તે સુખોનું દાન કર્યું છે કે જેમને માટે લોકો ન જાણે કેટલાં પાપ કરે છે; અને એ બધું કોઈ સ્વર્ગની લાલસાથી નહિ, પણ વિશ્વકલ્યાણને માટે કર્યું છે. આ મહાન્ ગૌરવને પ્રાપ્ત કરવાવાળી સીમન્તિની મને કોઈ દેખાતી નથી. જ્યારે ત્યારે યુદ્ધો ફાટી નીકળે છે, હજારો યોદ્ધા માર્યા જાય છે, લાખો મહિલાઓનાં આંસુઓનાં વહેણ વહેવા માંડે છે, તે વહેણને રોકવું છે, આંસુ વહાવીને તે વધારવું નથી. દુર્દૈવથી લૂંટાયેલી એ અભાગણી મહિલાઓમાં તમારે પોતાની ગણત્રી નથી કરાવવાની. કંગાલિયત અને ત્યાગને એક નથી બનાવવાં. એવી તે કોણ સ્ત્રી હશે જે વિશ્વકલ્યાણને માટે સર્વસ્વનો ત્યાગ કરવાવાળી યશોદાદેવીની સામે શીર ઊંચું કરીને ચાલી શકશે? પણ અગર તમે દીનતાનો અનુભવ કરી સ્વયં જ પોતાનું શીર નીચું કરી લો તો બીજાઓનું શીર સ્વયંમેવ ઊંચું રહી જશે. આ તો વિલાસની સામે ત્યાગની હાર થશે. આ બધું વર્ધ-માનની પત્નીને યોગ્ય નથી.

દેવીએ પોતાનાં આંસુ લુંછી નાંખ્યાં. ક્ષણભર વિરામ લઇને બોલ્યાઃ ક્ષમા

કરો દેવ! મારું કોમળ હૃદય થોડાસા જ તાપથી પીગળીને આંસુ બનવા લાગે છે. હું તો સમજું છું કે નારીમાં આ કોમળતા, જેને દુર્બળતા જ કહેવી જોઈએ, સહજ છે. પણ હું નારીની આ સહજ પ્રકૃતિ ઉપર વિજય મેળવવાનો પૂરો પ્રયત્ન કરીશ. આપની પત્નીને યોગ્ય ભલે ન બની શકું, પણ એના ગૌરવની રક્ષા તો કરવી જ છે.

હું—

નારીના હૃદયની કોમળતાને હું દુર્બળતા નથી કહી શકતો દેવી! તે કોમળતા જ તો ધર્મોનું, સભ્યતાઓનું મૂળ છે. નારીનું આ પીગળતું હૃદય જ્યારે પોતાની અસંખ્ય ધારાઓથી દશે દિશાઓને વ્યાપ્ત કરી લે છે ત્યારે તે જ તો "**सत्त्वेषु मैत्री**" બની જાય છે; તે જ તો ભગવતી અહિંસાની ત્રિપથગા મૂર્તિ બની જાય છે; અને જ્યારે તેને કોઈ પુરુષ પામી જાય છે ત્યારે તે દેવતા કહેવાવા લાગે છે. માટે એને દોષ સમજી એના ઉપર વિજય મેળવવાની કોશિષ ન કરો, કિન્તુ એને ફેલાવો એટલું ફેલાવો કે સંસા-


# મીઠાલાલ સોહનલાલ જૈન

માહીમ હલવાવાળા

પ્રો. ગોદીલાલ ડી. શાહ

સ્પેશીયલ ચેવડો તેમજ સુરતી ફરસાણ માટે અમને યાદ કરો

આપના શુભ અવસરો, લગ્ન પ્રસંગ માટે, શુદ્ધ ઘીની મીઠાઈઓ અને હલવાના એક માત્ર વેપારી.

શ્રીખંડ અને બાસુદી ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.

દુધપાક
બાસુદી
શ્રીખંડ

તેમજ

મલાઈ બરફી
મલાઈ હલવા
પિસ્તા હલવા

અને બંગાળી મીઠાઈઓ પણ મળશે.

—: મળો :—

૨, ઘોડબંદર રોડ, ફુવારા સામે,
અંધેરી ચોક, મુંબઈ.

ટેલીફોન : ૫૭૧૨૦

રહો પ્રત્યેક પ્રાણી તમને પ્રિયદર્શના સમો માલૂમ પડવા લાગે અને મારું નિષ્ક્રમણ અસંખ્ય પ્રિયદર્શનાઓની સેવામાં લાગેલું દેખાય.

દેવીએ એક ઊંડો શ્વાસ લીધો અને બોલ્યાં:

એમ જ કરીશ દેવ! હું આપનું અનુસરણ તો નથી કરવા માગતી, પણ થોડું ઘણું અનુસરણ કરવાનો પ્રયત્ન જરૂર કરીશ. આ જન્મમાં અનુસરણ જો ન થઈ શક્યું તો આગામી જન્મમાં જરૂર થશે.

એટલામાં કૂકડાનો સ્વર સંભળાયો. મેં કહ્યું: ઉષાકાળ થઈ ગયો છે દેવી!

દેવી હસ્યાં, બોલ્યાં: તો જાઉં છું, પ્રિયદર્શના જાગીને રોવા ન લાગે. એમ કહીને તેઓ આંસુ લૂંછતા ચાલ્યાં ગયાં.

પ્રાતઃકાળ થતાં જ જ્યારે મેં રાજમાર્ગ પર નજર નાંખી ત્યારે માલૂમ પડ્યું કે આજે સવારથી જ ઠીકઠીક ભીડ છે. આસપાસનાં ગામોની જનતા સવારથી જ એકઠી થઈ રહી છે. બીચારી ભોળી જનતા નથી સમજતી કે હું શું કરવા જઈ રહ્યો છું. જનતા ફક્ત એ કુતૂહલથી એકઠી થઈ રહી છે કે એક રાજકુમાર વૈભવને લાત મારીને જઈ રહ્યો છે. મૂલ્ય ત્યાગના ઉદ્દેશનું નથી, પણ રાજકુમારપણાનું છે.

પ્રસાદની અંદર પણ ઘણી ધામધૂમ હતી. હા! ઉલ્લાસ નહોતો. સુગન્ધિત ચૂર્ણોથી મારું વિલેપન કરવામાં આવ્યું. ભોજનમાં વ્યંજનોની ભરમાર હતી બધું હતું. પણ હાસ્યની–વિનોદની બધી જગ્યાએ કમી હતી.

ભોજનના પછી મારો ઘણો વખત ગરીબોને દાન દેવામાં ગયો. ત્યાં સુધીમાં રાજમાર્ગ પર બન્ને બાજુએ હજારો નર–નારીઓની ભીડ એકઠી થઈ ગઈ. ભાઈસાહેબે શિબિકાને જે પ્રકારે સજાવી હતી તેવી સજાવટ મારા વિવાહના વખતે પણ કરવામાં આવી નહોતી, છતાં એમ માલૂમ પડતું હતું કે ખૂબ સજાવ્યા છતાં શિબિકા હસી નથી રહી.

દિવસનો ત્રીજો પહોર વીતી રહ્યો હતો. એથી મારે વિદાય લેવા માટે શીઘ્રતા કરવી પડી. પુરુષવર્ગ તો જ્ઞાતખંડ સુધી સાથે ચાલવાવાળો હતો. દાસી–પરિજનોથી ભાભીથી અને દેવીથી વિદાય લેવાની હતી.

**જેણે આત્માને ઓળખ્યો છે તે બીજાને સમજાવવા ન [illegible]**

**—ધમ્મપદ**

બધાએ અશ્રુ નેત્રોથી વિદાઈ આપી. બધી આંસુઓથી મારા પગ ધોતી ગઈ અને પાલવથી લૂછતી ગઈ. ભાભીએ આંસુ લઈને અને મારી ભુજા પર પોતાનો હાથ રાખીને કહ્યું. દેવર ! અમે લોકો ક્ષત્રિયાણીઓ છીએ, જન્મથી જ પોતાના ભાગ્યમાં એ લખાવી લાવ્યાં છીએ કે મોતના મોંમાં જવા વખતે પોતાના પતિ, પિતા, પુત્ર, ભાઈ અને દેવરની આરતી ઉતાર્યા કરીએ અને આંસુ લાવ્યા વગર વિદાય કર્યા કરીએ, પણ આજના જેવી વિદાય દેવાનું પણ પોતાના ભાગ્યમાં લખાવી લાવ્યાં છીએ એની અમને કલ્પના સુદ્ધાં નહોતી, માટે આ અવસર ઉપર અગર અમે પોતાના હૃદયને પત્થર ન બનાવવા પામીએ તો અમને ક્ષમા કરજો.

મેં કહ્યું: ભાભી, હું એ માટે વિદાઈ લઈ રહ્યો છું કે ભવિષ્યમાં પણ બહેનો–પુત્રીઓ–પત્નીઓ–ભાભીઓને પોતાના હૃદયને પત્થર બનાવવાનો અવસર જ ન આવે. આશીર્વાદ આપો કે હું મારી સાધનામાં સફલ થઈ શકું.

એ પછી વિદાય આપી દેવીએ. એમના મુખથી કંઈ બોલી શકાયું નહિ. પહેલાં તો એમણે પાસે ઊભેલી પ્રિયદર્શનાને મારા પગો પર ઝુકાવી દીધી, પછી સ્વયં ઝુકીને મારા પગો પર શીર રાખીને રડી પડ્યાં. એમનાં

> **ઇન્દ્રિયો ઘણી સૂક્ષ્મ છે, તેનાથી વધુ સૂક્ષ્મ મન છે, મનથી પણ વધુ સૂક્ષ્મ બુદ્ધિ છે, અને બુદ્ધિથી એ વધુમાં વધુ સૂક્ષ્મ આત્મા છે. આ આત્મા જ બધું છે. —ગીતા**

આંસુઓથી મારા પગ ભીંજાવા લાગ્યા. મેં એમને ઉઠાડતાં કહ્યું: ધીરજ રાખો દેવી ! મોતીઓથી પણ અધિક સુંદર અને બહુમૂલ્ય આંસુઓનો આ પ્રકારે ખર્ચ ન કરો. દુઃખથી જલતા સંસારની આગ બુઝાવવા માટે આ આંસુઓને સાચવી રાખવાનાં છે.

દેવીએ ગદ્ગદ સ્વરમાં કહ્યું: ચિન્તા ન કરો દેવ ! નારીઓ ધીરજમાં ભલે કંગાલ હોય, પણ આંસુઓમાં કંગાલ નથી હોતી. આંખોનું પાણી જ તો એમના જીવનની કહાની છે.

હું: તો તમે પણ આશીર્વાદ આપો દેવી, કે તમારાં આંસુઓમાં હું સંસારભરની નારીઓની કહાની વાંચી શકું.

દેવી પાસે ઊભેલાં ભાભીજીના ખભા પર શીર રાખી એમનો ખભો ભીંજવવા લાગ્યાં.

ક્ષણભર હું સ્તબ્ધ રહ્યો. પછી ભાભીને કહ્યું: હવે જાઉં છું ભાભી ! સાહસ ભેગું કરવાનું કામ તમને સોંપી જાઉં છું. આશા છે કે એનો મોટો હિસ્સો તમે દેવીને પ્રદાન કરશો.

હું પ્રાસાદની બહાર નીકળ્યો. મને

દેખતાં જ હજારો કંઠો બોલી ઊઠયાં—"વર્ધમાનકુમારની જય !" હું શિબિકામાં બેઠો. હજારો આદમી આગળ અને હજારો આદમી પાછળ ચાલી રહ્યા હતા. ગવાક્ષોમાંથી સીમન્તિનીઓ લાજા (ચોખા) વરસાવી રહી હતી. વસતીની બહાર જ્યારે વરઘોડો પહોંચ્યો ત્યારે મારી દૃષ્ટિ રસ્તાથી દૂર ઊભા રહેલા એક માનવસમૂહ પર પડી તેઓ ચાંડાલ કુટુંબના હતા. શિવકેશીની ઘટના બન્યા પછી મારા વિષયમાં તેમનો આદર ઠીક ઠીક વધી ગયો હતો. તેઓ ચાહતા હતા કે વરઘોડામાં આવીને મારી શિબિકા ઉપર લાજા વરસાવી જાય પણ એ એમને માટે આગમાં કૂદવા કરતાંય ભયંકર હતું. એથી ચાંડાલ બંધુઓએ પોતાના અંચળમાં રાખેલ લાજા મારી તરફ લક્ષ્ય કરીને પોતાની જ સામે વરસાવી લીધા હતા. આ જોતાં જ મારું હૃદય ભરાઇ આવ્યું. જે આંસુઓને હું દેવી અને ભાભીની આગળ રોકી શકયો હતો તે હવે ન રોકાયાં એને લૂછીને મેં મારું ઉત્તરીય પવિત્ર કર્યું.

ક્ષણભર ઇચ્છા થઇ કે શિબિકામાંથી ઊતરીને હું એ ચાંડાલ બન્ધુઓને સાન્ત્વના આપી આવું; પણ પછી એ વિચારીને અટકી ગયો કે આથી જનતામાં એટલો ક્ષોભ ફેલાશે કે રસ્તાથી દૂર ઊભા રહેવાના અપરાધમાં પણ જનતા એ ચાંડાલોને મારા ગયા પછી પીસી નાંખશે. આથી રોકાઇ ગયો.

નૂતન વર્ષના નવા પ્રભાતે અમારી શુભ કામનાઓ.




ચશ્મા અને તેની જરૂરીયાત માટે

મનસુખલાલ એન્ડ કું.

(ચશ્માવાળા)

૩૫૬, કાલબાદેવી રોડ, મુંબઇ—૨.

ટે. નં. ૨૯૫૦૩.

આંખના નિષ્ણાત ડાક્ટરનો ટાઇમ સાંજે ૫ થી ૭

જ્ઞાતખંડ પહોંચીને હું શિબિકામાંથી ઊતરી ગયો. જનતા એક સમૂહમાં ઊભી રહી ગઇ. મેં બધાને સંબોધન કરતાં કહ્યું:

હવે હું આપ લોકોથી વિદાય લઉં છું—એ માટે નહિ કે આપ લોકોથી કૌટુંબિકતા તોડવા ચાહું છું, કિન્તુ એ માટે કે હું તે સાધના કરી શકું જેથી આપ લોકોના સમાન મનુષ્યમાત્ર સાથે યા પ્રાણી માત્ર સાથે એક સરખી કૌટુંબિકતા રાખી શકું. તૃષ્ણા અને અહંકારે આત્માની અંદર ભરેલા અનન્ત સુખના ભંડારનું જે દ્વાર બંધ કરી રાખ્યું છે એ દ્વારને ખોલાવી શકું અને બતાવી શકું કે તૃષ્ણા અને અહંકારનો ત્યાગ કરી પરમ વીતરાગતા અને પરમ સમભાવની સાથે અપરિગ્રહમાં પણ મનુષ્ય કેટલો સુખી રહી શકે છે. એને માટે એકાન્તમાં રહી મારે વર્ષો સુધી નાના પ્રકારના પ્રયોગો કરવા છે અને એ પ્રયોગોની સિદ્ધિનું ફળ જગતને પીરસવું છે. હું આજ એ પ્રયોગોની બાબતમાં કોઈ સ્પષ્ટીકરણ કરી શકતો નથી, કિન્તુ તે સમય આવશે કે જ્યારે તે પ્રયોગો મૂર્તિમન્ત રૂપ ધારણ કરશે.

આ કહીને મેં એક એક આભૂષણ ઉતારી ફેંકી દીધું; પછી વસ્ત્રોનો વારો આવ્યો. એક દેવદૂષ્ય ઉત્તરીયને છોડી બાકી વસ્ત્રો પણ બધાં અળગાં કરી દીધાં.

આ બધું જોઇને ભાઈ નન્દિવર્ધનની આંખોમાં આંસુ આવી ગયાં અને સેંકડો ઉત્તરીય વસ્ત્રો પોતપોતાની આંખો લૂછતાં દેખાવા લાગ્યાં. મેં કહ્યું:

આપ લોકો આનો શોક ન કરતા. અપરિગ્રહતા દુર્ભાગ્ય નથી, સૌભાગ્ય છે. કોઇ પશુ પર લદાયેલો બોજો ઊતરી જાય તો એ એ પશુનું દુર્ભાગ્ય હશે કે સૌભાગ્ય? માટે પ્રસન્નતાથી હવે આપ લોકો ઘેર પધારો. હું મારી સાધના માટે વિહાર કરીશ.

આમ કહીને હું ચાલી નીકળ્યો, અને ફરી મુખ ફેરવીને એમની તરફ જોયું પણ નહિ. ઠીકઠીક રસ્તો ચાલ્યા પછી જ્યારે રસ્તાનો વળાંક આવતાં મારે વળવું પડ્યું ત્યારે મારી નજર વિદાયની જગ્યા પર પડી. બધી જનતા જેમની તેમ ઊભી હતી. સંભવતઃ તે મને ત્યાં સુધી દેખાતી રહેવા ચાહતી હતી કે જ્યાં સુધી હું દેખાતો રહું. ખરેખર જ સ્નેહનું આકર્ષણ બધાં આકર્ષણોથી તીવ્ર હોય છે. પણ હું આજ એના ઉપર વિજય મેળવી શક્યો, એનું બન્ધન તોડી શક્યો. હા, એ બન્ધન તોડવા માટે નથી તોડ્યું. પણ વિશ્વની સાથે નાતો જોડવા માટે તોડ્યું છે.

—'મહાવીરદેવનો ગૃહસ્થાશ્રમ'માંથ

— ડાયરી રૂપે —

# મશીનરી

ટીનના ડબ્બા
બાલ્દીઓ
પીપો–ટ્રન્કો–કબાટો
તથા
તીજોરીઓ બનાવવાના

**મશીનો**

# લાકડાની મશીનરી

સોમીલો માટે
ફરનીચર માટે
રમકડાં વગેરે માટેની મશીનરી
વર્કશોપ અને ગેરેજો
માટે

# મશીનરી

**માણેકલાલ એન્ડ સન્સ**

૨૭૭, નાગદેવી સ્ટ્રીટ
મુંબઈ ૩

Our Associate
**Maneklal & Sons.**
[ Calcutta ]
**CALCUTTA 13.**

Our Agents
**Maneklal & Sons**
29. Thambu Chetry Street
**MADRAS 1.**

—શ્રી અંબેલાલ ના. જોશી
બી. એ. એલ. એલ. બી.

# ભગવાન મહાવીરે સર્જેલ મૌલિક ક્રાંતિ

**[ ક્રાંતિ શબ્દ એ આઝાદી યુગની એક અમર ભેટ છે. ભ. મહાવીરના સમયમાં એ શબ્દ ન હતો એ હકીકત છે. આથી ભ. મહાવીરની સાથે ક્રાંતિ સબ્દ જોડવાથી કોઇ ભડકે તો તેઓને એટલું જ કહેવાનું કે ક્રાંતિ એટલે જુની ખોટી રૂઢિ, પ્રણાલિકાઓને તોડી તેના બદલે સાચી પ્રણાલિકા સ્થાપવી તે છે. અને ભ. મહાવીરે જુની અને ખોટી એવી હિંસા સામે પડકાર કરી સાચી અને આદર્શ એવી અહિંસાના સ્થાપના કરી હતી.**

**અરે ! આવી તો અનેક નવ પ્રણાલીઓ શરૂ કરી તે સમયમાં તેઓશ્રીએ ક્રાંતિનો વિક્રમ સર્જ્યો હતો.**

**આવી ક્રાંતિની યશોગાથાની ચર્ચા કરતો આ લેખ અવશ્ય વાંચો.**

**—સંપાદક ]**

જૈનધર્મ એક રીતે જોઇએ તો કોઈ નવો ધર્મ નહોતો. જો હતો તો ફક્ત નવદર્શન રૂપ હતો. એ જ ભારત દેશ, એ જ એના લોકો, એ જ એનો ધર્મ. પણ બ્રાહ્મણોની હિંસક યજ્ઞયાગાદિકની પ્રવૃત્તિઓ સામે ભગવાન મહાવીરે—"હિંસામાં કદી ધર્મ નથી, એવા યજ્ઞોથી કદી સ્વર્ગ મળતું નથી, હિંસાથી સુખ શાંતિ મળતી નથી." એમ બુલંદ ઘોષણાઓ દ્વારા હિંસક પ્રવૃત્તિઓનો પ્રચંડ વિરોધ કર્યો હતો. અને વિશેષમાં જણાવ્યું કે અહિંસામાં ધર્મ છે. અહિંસાથી જ સ્વર્ગ અને મોક્ષ મળે છે, અહિંસાથી જ વ્યકિત, સમાજ કે રાષ્ટ્ર સુખ, શાંતિ ને આબાદી ભોગવી શકે છે. ભગવાન મહાવીરની આ ઘોષણા સહુને ગમી ગઈ.

વળી, રોજ-બ-રોજના જીવનમાં ગૂંથાયેલો સામાન્ય બ્રાહ્મણ ધર્મની લાંબી, વિકટ, મોંઘી અને ગૂઢ એવી ધર્મવિધિઓ આચરતાં અચકાતો. વળી તેની પાસે તે વિધિઓને આચરણમાં મુકવા જેટલો સમય કે ધન પણ કયાં હતાં ? તથા ઉપનિષદમાં સંઘરાયેલી

દ્વૈત-અદ્વૈત, આગમ-નિગમ વગેરેની રહસ્યમયી ફિલસુફીને સમજવાની એનામાં તાકાત પણ ક્યાં હતી ?

આથી સમય જતાં આ બ્રાહ્મણ ધર્મ અને આમજનતા વચ્ચે અંતર વધતું ગયું. સાદા સીધા માનવીની ભાવનાઓ અણુસંતોષાયેલી રહેવા લાગી. અને તેણે અંધકારમાં કોઈ અવલંબન શોધવા માંડયું અને આખરે આ અવલંબન ભગવાન મહાવીરે અને ભગવાન બુધ્ધે આપ્યું.

જૈનધર્મ શા માટે આ અપૂર્વ સ્થાન મેળવી શકયો ? મહાવીર પ્રભુએ આપેલું નવું દર્શન આર્ય સંસ્કૃતિથી ભિન્ન ન હતું. છતાં એમણે જૈનધર્મને એક રાષ્ટ્રવ્યાપી ધર્મ બનાવ્યો. આમ થવાનું પ્રધાન કારણ મહાવીર પ્રભુએ યોજેલી આધ્યાત્મિક, ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક ક્રાંતિઓને આભારી છે: ભ. મહાવીરે સર્જેલી આ વિરલ ક્રાંતિઓ જરા વિગતે તપાસીએ.

ભગવાન મહાવીર પ્રભુના પ્રાણી માત્ર પછી તે માનવ હોય કે પશુ હોય, પક્ષી હોય કે ક્ષુદ્ર જંતુ હોય એ બધાયને માટે કરેલા સ્વાર્પણ અને કુરબાનીની તથા ભવ્ય ત્યાગ અને તપની ભારત વર્ષની જનતા ઉપર વિશેષ અસર થઈ હતી એ નિર્વિવાદ છે.

ભગવાન મહાવીરની સાધના પૂર્ણ થતાં એમનાં ભવોભવનાં બંધન છેદાઈ ગયાં. એમને લાધેલો પરમ સત્યનો સંદેશો સારા દેશમાં ફેલાવવા ભગવાન શહેરે શહેર અને ગામે ગામ ફર્યા. એમના ઐતિહાસિક પાદ વિહારે એ સંદેશાને ફેલાવવામાં ઘણો સારો વેગ આપ્યો.

મહાવીર પ્રભુ વર્ષના આઠ માહિના વિહાર કરતાં અને ચાર મહિના યોગ્ય સ્થળે સ્થિર થઇ જઈ જનતાને કેળવવામાં તથા શ્રી સંઘ, સમાજના કલ્યાણ, અને સુધારણાનો ઉપદેશ આપવા 'ચાતુર્માસ' પસાર કરતા. અને તેમના પટ્ટશિષ્યો તે ઉપદેશને શ્રી સંઘમાં અમલી બનાવવા સતત પ્રયત્નશીલ રહેતા.

ભગવાને અનંત સુખની પ્રાપ્તિનાં બે પ્રકારનાં ધર્મો પ્રરુપ્યા. પહેલાનું નામ હતું સર્વ વિરતિ ધર્મ. અને અને બીજાનું નામ હતું દેશવિરતિ ધર્મ.

સર્વવિરતિ ધર્મ એટલે સર્વથા પાપમય હિંસક પ્રવૃત્તિઓનો ત્યાગ, જેને આપણે દીક્ષાનો સ્વીકાર એમ કહી શકીએ. અને દેશવિરતિ ધર્મ એટલે અલ્પ કે આંશિક ત્યાગ. જેઓ સાધુપણાનો સર્વ વિરતિ ધર્મ ન સ્વીકારી શકે એવા ગૃહસ્થાશ્રમીઓ માટે પાપની પ્રવૃત્તિઓનો અલ્પ કે આંશિક ત્યાગ જેને આપણે શ્રાવક ધર્મ કે ગૃહસ્થાશ્રમીઓનો ધર્મ કહી શકીએ.

સર્વવિરતિ ધર્મમાં પાંચ મહાવ્રતોનું પાલન અને ષટ્કાય જીવોનું રક્ષણ એ મુખ્યત્વે હોય છે.

પાંચ મહાવ્રતોનાં નામ અનુક્રમે:- ૧ અહિંસા, ૨ મૃષા, ૩ અદત્તાદાન, ૪ મૈથુન અને ૫ અપરિગ્રહ, આ પાંચે પાપના જીવન પર્યંત વ્યાપારો ન કરવાની પ્રતિજ્ઞા તેને પાંચ મહાવ્રતો કહેવાય છે. ષટ્કાય એટલે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ (હાલતા ચાલતા જીવો) આ છએ પ્રકારનાં જીવોથી સમસ્ત બ્રહ્માંડ ભરેલું છે. એ તમામ જીવોની મન-વચન કાયાથી હિંસા કરવી નહિ, કરાવવી નહિ અને કોઇ કરતો હોય તો તેને અનુમોદન આપવું નહિ, તેને ષટ્કાયની રક્ષા કહેવાય છે, તે ઉપરાંત રાત્રિ-ભોજનનો સર્વથા ત્યાગ, ઇંદ્રિયોની વાસના પર દમન, ઉપવાસ વગેરે તપોમાર્ગમાં પ્રવૃત્તિ, પગપાળો વિહાર, સખત દેહદમન, શારીરિક સુશ્રૂષાનો ત્યાગ, કોઇપણ આપત્તિનો કે વિપત્તિનો સમભાવે સ્વીકાર ઇત્યાદિ ધર્મ માર્ગમાં ખૂબ જ પ્રવૃત્તિ કરવી.

આ પાંચે મહાવ્રતોની વ્યાખ્યા નીચે પ્રમાણે છે:—ગૃહસ્થાશ્રમને છોડીને યાવજ્જીવન પર્યંત જે મનુષ્ય જૈન સાધુપણાનો સ્વીકાર કરે છે તેઓ

CLOTH MERCHANT & TAILORS

WITH BEST COMPLIMENTS

FROM

Gunbow

—: Phone :—
262531

Dassa House,
5, Gunbow Street,
Fort, BOMBAY-1.

આત્મ સાક્ષીએ પાંચે મહાવ્રતોના પાલનની દૃઢ પ્રતિજ્ઞા કરે છે.

પહેલાં મહાવ્રતની પ્રતિજ્ઞામાં કોઈ પણ નાના મોટા જીવની પછી તે મનુષ્ય હોય, પશુ હોય કે ક્ષુદ્ર જંતુ હોય તેને કદી હું મનથી-વચનથી કે કાયાથી મારીશ નહિ તથા દુઃખ આપીશ નહિ, બીજા પાસે હું મરાવરાવીશ નહિ અને કોઈ તેવા પ્રકારની હિંસા, ત્રાસ કે દુઃખ આપતો હોય તો તેને ઉત્તેજન આપીશ નહિ.

બીજા મહાવ્રતની પ્રતિજ્ઞામાં ગમે તેવા પ્રસંગે, મનથી-વાચાથી, કાયાથી હું કદી અસત્ય બોલીશ નહિ, બોલાવરાવીશ નહિ અને કોઈ બોલતો હોય તો તેને હું ઉત્તેજન આપીશ નહિ.

ત્રીજા મહાવ્રતની પ્રતિજ્ઞામાં નાની કે મોટી કોઈપણ પ્રકારની ચોરી, મનથી-વચનથી કે કાયાથી કરીશ નહિ, કરાવીશ નહિ અને કોઇ કરતો હોય તો તેને ઉત્તજન આપીશ નહિ.

ચોથા મહાવ્રતની પ્રતિજ્ઞામાં કોઈ પણ (નારી જાતિ) સ્ત્રીની સાથે મનથી-વચનથી, કાયાથી મૈથુન સેવીશ નહિ, બીજા પાસે સેવરાવીશ નહિ અને કોઈ સેવતો હોય તો હું તેને ઉત્તજન આપીશ નહિ.

આ પ્રમાણે આ પાંચે મહાવ્રતોની પ્રતિજ્ઞાનો ભગવાન મહાવીરે જીવનપર્યંત સ્વીકાર કર્યો અને પંચમહાવ્રતરૂપ ધર્મની સ્થાપના કરી. ભગવાનનાં પાંડિત્ય કરતાં તેમનાં ચારિત્ર્યે જનતા ઉપર ચિર સ્થાયી અસર કરી. મહાવીર પ્રભુ જડ માન્યતાને વળગી રહેનાર નહતા. તેઓ તો જનતાને પોતાના અનુભવને જે પ્રમાણભૂત જણાય તેનેજ સ્વીકારવાનું કહેતા. આમ જડરૂઢિને ન વળગતાં તેઓ જે બુદ્ધિગમ્ય હોય, અનુભવજન્ય હોય તેને જ પ્રામાણ્ય ગણવાનો આગ્રહ રાખતાં. આમ મહાવીર પ્રભુ સ્વતંત્ર અને મૌલિક વિચારસરણીનાં એક અગ્ર પુરસ્કર્તા છે, આમ જનતાના જીવનમાં મહાવીરપ્રભુએ આમૂલાગ્ર ક્રાંતિ કરી. તેમને નવીન જીવન દૃષ્ટિ આપી.

ભગવાન મહાવીરે જનતાની વિચાર સરણીમાં બીજી પણ મૌલિક ક્રાંતિ કરી. એમણે જગતમાં ઈશ્વરનો ઇન્કાર કરી પુરુષાર્થની પ્રતિષ્ઠા સ્થાપતા પ્રતિપાદન કર્યું કે સૃષ્ટિમાં કોઇપણ એવી દિવ્ય શક્તિ નથી કે જે મનુષ્યોનાં કર્મોને અવરોધી શકે. એમણે વિશેષમાં એ પણ જણાવ્યું કે આત્મા પોતાના પુરુષાર્થના પ્રતાપે ઇશ્વર બની શકે છે.

ભગવાન મહાવીરે ઇશ્વરપદ અને પરમાત્મપદનો સર્વથા સ્વીકાર કર્યો છે પરંત જગતના કર્તા કે સૃષ્ટા તરીકે ઇશ્વર કે પરમાત્મા છે એ વાતનો સર્વથા વિરોધ કરે છે. તેઓએ કહ્યું કે જગન્નિયંતા તરીકે ઇશ્વરને માનવાની કોઈ જરૂર નથી. જો આપણે જગતના કર્તા

તરીકે ઇશ્વરને માનીએ તો પછી ઇશ્વર જેવી લોકોત્તર, પવિત્ર, દૂરદર્શી ને મહાન વ્યક્તિ જગતમાં હિંસકો, પાપીઓ વગેરેને શા માટે ઉત્પન્ન કરે ? મહાન વ્યક્તિએ તો દરેક જીવોને પવિત્ર, ઉત્તમ અને એક કોટીના જ પ્રાણીઓ બનાવવા જોઇએ પરંતુ વસ્તુસ્થિતિ જોઇએ તો આપણને એ રીતે જોવા મળતું નથી ત્યારે ઇશ્વરને મોટામાં મોટો ગુનેગાર બનવાનો દોષ ઉપસ્થિત થશે. વળી, જગતની તમામ ઉપાધિઓથી વિરક્ત થઇને ઇશ્વરપદ પ્રાપ્ત કરનારને જગત બનાવવાની, ચલાવવાની વગેરે વિધિઓ પણ શા માટે હોઇ શકે ? તો અનેક આપત્તિઓ આપણી સમક્ષ ખડી થશે. માટે ઇશ્વરને સૃષ્ટા નહિ પણ દૃષ્ટા તરીકે સ્વીકારવો એજ યુક્તિયુક્ત છે. આજે આપણા ઘણા વિદ્વાનો, લેખકો, દેશ નેતાઓ જૈન ધર્મને અનીશ્વરવાદી માને છે, જૈનો ઇશ્વરને માનતા નથી એવું લખે છે અને બોલે છે અને આમ કરી જૈન ધર્મને ભારોભાર અન્યાય કરે છે. પણ જૈનોનાં પહાડો ઉપર થતાં અનેક શહેરો અને નગરોમાં ઠેર ઠેર જૈન મંદિરોની વિશાળ સંખ્યા જોવા મળે છે એજ સ્પષ્ટ સુચવે છે કે જૈનો ઇશ્વરમાં તથા ઇશ્વરભક્તિમાં સંપૂર્ણ રીતે માને છે અને વધુ કહું તો જૈનો ઇશ્વર પ્રત્યેની ભક્તિ નિર્દોષ, સાત્વિક રીતે અને અસાધારણ પ્રકારે કરે છે. તેમનામાં ઇશ્વર પ્રત્યેની શ્રદ્ધા અનન્ય જોવા મળે છે. આમ છતાં જૈનો ઇશ્વરને માનતા નથી એમ કહેવું તે તેમને ખોટી રીતે વગોવવા બરાબર છે. હા, એ વાત ખરી છે કે તેઓ જગતના કર્તા તરીકે ઇશ્વરને માનવા હરગીઝ તૈયાર નથી. પણ એટલા માટે જ તેમને અનીશ્વરવાદી કહેવા એ નરી મૂર્ખતા છે.

વળી, બીજી વાત એ પણ સમજવા જેવી છે કે વૈદિક ધર્મમાં અથવા હિંદુ ધર્મમાં, ઇશ્વર થવાનો અધિકાર એકને એક જ વ્યક્તિને આપવામાં આવે છે. જેનો અર્થ એમ થાય છે કે ઇશ્વરપદની પ્રાપ્તિ માટે બીજા કોઇનો અધિકાર રહેતો નથી. જ્યારે જૈન ધર્મની અંદર ઇશ્વર થવાનો અધિકાર હરકોઇ વ્યક્તિને આપવામાં આવ્યો છે. એમને ત્યાં એકને એક જ વ્યક્તિ અવતાર ધારણ કરે છે એમ માનવામાં આવતું નથી પરંતુ પ્રત્યેક યુગના ચોવીશે ચોવીશ ઇશ્વરો ભિન્ન ભિન્ન વ્યક્તિરૂપે હોય છે. આ છે જૈન ધર્મનો ઉદારતાભર્યો સિદ્ધાંત. આથી જૈન ધર્મમાં પુરુષાર્થ કરી જીવનમાં આગળ વધવાનો બધાને હક્ક અને અધિકાર મળે છે. અને એથી જ સૌ કોઇ આધ્યાત્મિક માર્ગમાં ઉત્સાહપૂર્વક પુરુષાર્થ કરવા માટે હંમેશા પ્રયત્નશીલ થાય છે. જૈન ધર્મ કેવળ પ્રારબ્ધવાદી નથી પણ પ્રખર

પુરુષાર્થવાદી છે એની પ્રતીતિ આપણને ઉપરના પ્રસંગથી થાય છે.

ભગવાન મહાવીરનું ધ્યેય સુખ–શાંતિનું હતું. આવી વિચારસરણીથી પ્રેરાઈ એમણે જીવનની દૃષ્ટિ જ બદલી નાંખી, જૂના પ્રવર્તમાન ખ્યાલોને તિલાંજલિ આપી. ભગવાને શ્રી સંઘ અને સમાજ પ્રગતિ કરે, સમાજમાં સુખ અને શાંતિ વધે એવા માર્ગો ઉપદેશ્યાં.

સમસ્ત સૃષ્ટિ (માનવ પશુ વગેરે) સર્વ કોઈ જીવવાને ઇચ્છે છે, સુખ વાંછે છે અને કોઈ પણ વ્યક્તિને કોઈનું સ્વતંત્ર સુખ છીનવી લેવાનો કે કોઈના જીવનનો નાશ કરવાનો અધિકાર નથી એમ જાહેર કરી, ભગવાન મહાવીરે સમાનતા અને ન્યાયના ભવ્ય પાયા પર સમાજની પુનઃરચના કરી.

ભગવાન મહાવીરે આમ તે સમયમાં વિરલ કહી શકાય એવી આધ્યાત્મિક અને ધાર્મિક ક્રાંતિઓ કરી જનતામાં અપૂર્વ કહી શકાય એવી જાગૃતિ આણી.

મહાવીરપ્રભુની આ ક્રાંતિ પાછળનું પ્રધાન કારણ અહિંસાની જ્વલંત ભાવના જ કહી શકાય. અહિંસા એટલે મૈત્રી ભાવના, પ્રેમાનુભૂતિ અને જ્યાં જ્યાં પ્રેમ હોય ત્યાં ત્યાં વેર-વિરોધની ભાવના, અસહિષ્ણુતા, અસામનતા કે અન્યાય હરગિજ નહિ હોય. આમ સમાજને પૂર્ણ અહિંસક બનાવવા ભગવાને પોતાનાથી શકય તેટલું બધું કર્યું અને ભગવાન શ્રી પાર્શ્વનાથ પ્રભુની ભવ્ય પરંપરામાં સમય સંજોગનાં પરિવર્તનને અનુસરીને તેમાં થોડાં મહત્ત્વનાં સુધારા કરીને ભગવાને જેમ ધાર્મિક ક્રાંતિ કરી તેમ સાથે સાથે સામાજિક, સાંસ્કૃતિક ક્રાંતિ પણ કરી.

મહાવીર પ્રભુએ સંસ્કૃત ભાષાને બદલે, ધર્મનો બોધ જનતા સમજી શકે એવી પ્રાકૃત ભાષાને વેગ આપ્યો જેથી એમનો ભવ્ય સંદેશ, ઉપદેશ સમાજના દરેક ઘરને પહોંચી શક્યો. ભગવાને આમ જ્ઞાન ગંગાના દ્વાર સર્વને માટે ખુલ્લાં કર્યાં. જ્ઞાન પ્રાપ્તિ એ હવે એકજ વર્ગનો–ઇજારો ન રહ્યો પણ એ શૈક્ષણિક દૃષ્ટિએ આ ઘણી અગત્યની ક્રાંતિ હતી.

ભગવાન મહાવીરે પુરુષોની જેમ રાજરાણીઓ, રાજકુમારીઓથી લઈને રંકકોટાઓની સ્ત્રીઓને પણ ભિક્ષુણીઓ બનાવી એમને પરાધીનતા અને પોતાનો આત્મ વિકાસ સાધવાની સુવર્ણ તક આપી.

ભગવાને એક અન્ય સામાજિક ક્રાંતિ કરી સમાનતા સ્થાપી અને તે

એ કે એમણે શુદ્રોને પણ ધર્મબોધ આપ્યો, ધર્માચરણનો હક્ક આપ્યો એટલુંજ નહિ પણ વિદ્વાન પંડિતોની સાથે તેમને ભિક્ષુ બનાવીને એક હરોળમાં બેસાડ્યાં. અસ્પૃશ્યતાને પણ આમ દૂર કરી અને આમ કરીને લાભાલાભની દૃષ્ટિ રાખીને એમણે સમાનતાની સ્થાપના કરી.

મહાવીર પ્રભુએ સ્થળે સ્થળે યજ્ઞના નામે ધર્મપ્રચાર ચાલતા જાતજાતના પશુબલિ બંધ કરાવ્યા. આમ એ હિંસા બંધ કરાવી, નિર્દોષ પ્રાણીઓના વધ થવામાં કારણભૂત માંસાહાર ઘટાડ્યો. આમ અહિંસાના પયગામનો સર્વત્ર જયજયકાર થઈ રહ્યો.

મહાવીરસ્વામીએ વર્ણભેદને મહત્ત્વ ન આપ્યું. તેઓએ–ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. ૧. સાધુ, ૨. સાધ્વી, ૩. શ્રાવક, ૪. શ્રાવિકા–આવું નામ-કરણ કર્યું. એમણે વર્ણ નહિ પણ ગુણને મહત્ત્વ આપી વર્ણની અસમાનતાએ ઊભી કરેલ કૃત્રિમ ઊંચનીચનાં ભેદભાવની દીવાલ તોડી.

ભગવાને લોક કલ્યાણ અને જીવનનાં ઉત્થાનમાં બ્રહ્મચર્ય મહત્ત્વનો ભાગ ભજવતું હોય તેની રક્ષા બરોબર થવી જોઈએ એટલે એના રક્ષણ માટે વિવિધ નવ નિયમોની વાડ બનાવી. વિષય માત્ર પાપ છે એવું એમણે જાહેર કર્યું અને આમ કરી બ્રહ્મચર્યનું મહત્ત્વ સારી પેઠે વધાર્યું. અહિંસાના પાલનમાં બ્રહ્મચર્ય અનિવાર્ય હોઈ ભગવાને એના પાલન પર ભાર મૂક્યો હતો.

મહાવીર પ્રભુના ધર્મનું મુખ્ય લક્ષણ અહિંસા છે. એમની અહિંસા કેવળ માનવ પૂરતી જ મર્યાદિત નથી પણ સૃષ્ટિના નાનામાં નાના જીવો સુધી પથરાયેલી છે. સત્ય જ કહેવાયું છે કે:—

**"વિશાળે જગ વિસ્તારે નથી**
**એક જ માનવી,**
**પશુ છે, પક્ષી છે ફૂલાં છે**
**વનોની વનસ્પતિ."**

એટલે કે ભગવાનની અહિંસા કેવળ માનવ જ નહિ, પશુ જ નહિ, પક્ષી જ નહિ, નાના મોટા કીટકો જ નહિ પણ પૃથ્વી, પાણી તથા વનસ્પતિનાં પાંદડાં ને પુષ્પો સુધી પાંગરેલી છે. આટલી વિશાળ અને વ્યાપક હદે કોઈ પણ ધર્મમાં અહિંસાનો વિચાર થયો નથી. મહાવીર પ્રભુની જગતને આ મહાન દેણગી છે.

ભગવાન મહાવીરના સ્યાદ્વાદના

સિદ્ધાંતને જગતના તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે મહામૂલો ફાળો આપ્યો છે. એમણે અનેક મતમતાંતરો વચ્ચે માનવજાતને સમન્વય કરવાની કળા શીખવી અને ક્ષુલ્લક ક્રિયાને કારણે વેરઝેરથી, ઈર્ષ્યા અસૂયાથી તથા મેરાતેરાથી સળગતા સંસારમાં નંદનવન ઉતારનારી ભવ્ય સંકલ્પની વિદ્યાનું પ્રદાન કર્યું, સ્યાદ્‌વાદ એટલે એક જ વસ્તુને જુદાં જુદાં દૃષ્ટિકોણથી નીહાળવાની અલૌકિક કળા. ભારતીય તત્ત્વજ્ઞાનમાં આ સ્યાદ્‌વાદન સિદ્ધાંતે સારી કહી શકાય એવી ક્રાંતિ કરી.

આમ ભગવાન મહાવીરે પોતાનાં પ્રતિભાશાળી વ્યક્તિત્વથી, પાંડિત્યથી ચારિત્ર્યથી, તથા આદર્શ જીવનથી જનતાના જીવનમાં સમૂળગી ક્રાંતિ કરી, તેમના જીવનમાં શાંતિ અને સ્થિરતા આણી, નવી જીવન દૃષ્ટિ આપી અને માનવ જીવવા જેવું છે તેનું જગતની પ્રજાને ભાન કરાવ્યું.

**(જગદુદ્ધારક ભગવાન મહાવીરમાંથી લેખકશ્રીના સૌજન્યથી.)**

Phones : 331775 335161
BOMBAY-2.
[Resi. Tel. : 881249.]

Gram :
"MEERA STEEL"

—: Office :—
94, Kansara chawl

—: Resi. :—
Sarvoday Nagar
G. 15
1 st Pangrapole Lane,
BOMBAY-4.

MEERA BRAND STAINLESS STEEL

# K. Ratilal & Co.

Manufacturers of :—
" MEERA " Stainless Steel Wares

આને વિધિની વક્રતા કહીશું કે સમાજ–વ્યવસ્થાની, જેમાં ક્યારેક માણસ અતિ યોગ્ય હોવાને કારણે જ નોકરી માટે અયોગ્ય ઠરે છે !

# દાઝ્યા પર ડામ !

## પ્રવીણચંદ્ર રૂપારેલ

કેવું એ વાતાવરણ હતું ! ચોવીસે કલાક તન–મનને જાગ્રત રાખતું. ઊંઘવાયે ન દે–ન જ દે !

૧૯૪૯ ના એપ્રિલની વાત છે.

હોસ્પિટલમાં માની હાલત અત્યંત ગંભીર હતી. ‘એનકેફેલિટિસ’ માંથી તો બચે છે પણ કેટલાં ? બાપુજીને બંને આંખે મોતિયા, ને થોડાં અઠવાડિયાં પહેલાં થયેલો લકવાનો હુમલો ! મોટી બહેન સાસરેથી માની સારવાર કરવા આવી હતી. એકવાર, હોસ્પિટલમાંથી ઘેર આવતાં કોઈના ધક્કાથી રસ્તામાં પડી ગઈ, ખૂબ વાગ્યું; ચાલવાનું યે મુશ્કેલ થઈ પડ્યું. બીજી બહેનને દોઢેક માસમાં બાળક આવવાનું હતું. ત્રીજી બહેન સતત માંદી ને કમજોર; આઠ–નવ વર્ષથી ખોરાક બંધ હતો—ખવાતું જ નહોતું. દાંતમાં સડો ને ક્યારેક તાવ પણ આવી જતો. ઈશ્વરકૃપાથી હું ને સૌથી નાની બહેન હજુ હાલી, ચાલી, ફરી શકીએ એવાં હતાં.

ને આ સૌની ઉપર, આ બધાને આંટી જાય એવી હતી અસહ્ય આર્થિક ભીંસ ! આવક નહિ જેવી, ને આ માંદગીઓ, દવાદારૂ, હોસ્પિટલ વગેરેનો ખર્ચ ! લટકતી તલવારની જેમ સતત ડરાવ્યા કરે !

આ સ્થિતિમાં, નાનાંમોટાં જે કંઈ કામ મળતાં તે સાભાર સ્વીકારાઈ જતાં. આઠ આના, રૂપિયો આપતા, નાની જાહેરાતો વગેરેના અનુવાદો પણ કબૂલ !

એવા એ દિવસો હતા !

દરમિયાન દર છ મહિને લેવાતી હિંદુસ્તાની પરીક્ષાઓ આવી. હંમેશની જેમ એક કેન્દ્ર સંભાળવાની જવાબદારી મારે માથે આવી. પણ તે દિવસે એક બીજી ચિંતા ઊભી થઈ હતી. ત્રીજી, ખાતી નહોતી તે બહેનને દાંતમાં ફોલ્લી થઈ હતી, તાવ પણ હતો. તાવ ઊતર્યા પછી દાંત કઢાવી નાખવાની ડૉક્ટરે સલાહ આપી.

સમયસર પરીક્ષા કેન્દ્ર પર પહોંચી ગયો ને બધું રાબેતા મુજબ ચાલવા માંડ્યું. બપોરે ખબર મળ્યા કે બીજા એક કેન્દ્રના વ્યવસ્થાપકની અચાનક તબિયત બગડી હતી ને મારે એ કેન્દ્ર સંભાળી લેવાનું હતું. સાથીઓને

અહીંનું કામ સમજાવી સોંપી બપોરની રજામાં હું ત્યાં જવા નીકળ્યો.

રસ્તો ઓળંગવા જતાં હું બે વાહનો-ટેક્સી અને બસ વચ્ચે ફસાઈ પડયો ને એક ટેક્સી નીચે આવી ગયો. બંને પગ પરથી પૈડાં ફરી ગયાં હતાં. એક પગનાં હાડકાં છૂટાં પડી ગયાં હતાં. હોસ્પિટલ, એક્સરે, પ્લાસ્ટર વગેરે શરૂ થયાં. પણ ઈશ્વરકૃપાથી હું બચી ગયો હતો. ઉપર મા હતી, નીચે હું.

બીજે દિવસે ખબર મળી કે ડૉક્ટર જોડે માથાઝીક કરીને પેલી બહેને દાંત કઢાવી નાખ્યો હતો. હવે એમાંથી વહેતું લોહી બંધ થતું નહોતું; થોડા જ કલાકની મહેમાન હતી!

માને ખબર આપી શકાય એવું નહોતું. સુપ્રિન્ટેન્ડન્ટની ખાસ રજા મેળવીને એમ્બ્યુલન્સ ગાડીમાં, પ્લાસ્ટર સહિત ઘેર પહોંચ્યો ને બાજુમાં પથારી કરાવી બરફ મૂકવા માંડયો.

મારા બીજા પગને પણ વાગ્યું હતું. તે પર લગાડવા, કંઈક વાટવા જતાં સૌથી નાની બહેનના પગ પર વાટવાનો પથ્થર પડયો ને એ પણ પથારીમાં! આખું કુટુંબ લાચાર થઈ પડયું હતું. પાણી પીવા યે કોઈથી ઉઠાય એમ નહોતું! કોણ કોને પાય?

પણ મિત્રો, સ્નેહીઓ ને પડોશીઓ કોઈ એમ મરવા દે? અમારામાંથી કોઈ જ ન મર્યું! વખત જતાં બધાં જ પાછાં બેઠાં થઈ ગયાં!

× × ×

સતત રહેતી પૈસાની ખેંચ ખૂબ મૂંઝવતી. માગીને કે માગ્યા વગર પણ મળતી રકમ પર ક્યાં સુધી નિભાવવું! મારા પગની રામાયણ પણ સારી એવી લાંબી ચાલી મહિનાઓ સુધી સરખું ચલાયું નહિ! હવે?

હિંદુસ્તાની પ્રચારસભાનાં કર્ણધાર, સ્વ૦ દાદાભાઈ નવરોજીનાં દૌહિત્રી ને મારી માના અંગત મિત્ર શ્રીમતી (હવે સ્વ.) પેરિનબહેન કેપ્ટન આ બનાવથી ખૂબ જ વ્યાકુળ રહેતાં. એક મોટી કેમિકલ કંપનીમાં કર્મચારીગણના હિંદી વર્ગ ચલાવવાનું મને સોંપવાની એમણે ભલામણ કરી. અઠવાડિયે ચાર કલાક લંગડા લંગડા જવાનું; પણ 'દારુ'ઝલાક ફરી ડોકાતાં હતા ને! મેં સ્વીકારી લીધું.

વર્ગનું ઉદ્ઘાટન મુ. પેરિનબહેન કરવાનાં હતાં. એ ન આવી શકયાં એટલે પ્રારંભિક પ્રવચન કરવાનું પણ મારે માથે આવ્યું. ભાષણ કરવાનું

દુનિયાની નિંદા-સ્તુતિથી ડરીને ચાલીશ તો મોત છે; તું તારા હૃદય પર હાથ મૂકીને ચાલ.

—અજ્ઞાત

કંઇ નવું નહોતું, પણ મૂંઝવણ જુદીજ હતી. આ મોટા મોટા અધિકારીઓને તેમાં પરદેશી યે ઘણા. હિંદી કોઇ ખાસ સમજે નહિ ને એમ. એ. થયેલો હું, અંગ્રેજીમાં બોલી નથી શકતો એવું કહેતાં શરમ લાગતી હતી!

પણ છૂટકો હતો? અંગ્રેજી ન આવડવા માટે માફી માગી, આવશ્યું એવું બોલ્યો ને વર્ગો શરૂ થયા. આવક શરૂ થઇ એમ જ કહું ને!

ત્રણ ચાર અઠવાડિયાં પછી ત્યાંના એક યુરોપિયન અધિકારી સજ્જને મને એક અંગ્રેજી શાળામાં હિંદી શીખવવા જવાનું સૂચવ્યું. પાર્ટ ટાઇમ માટેના શિક્ષકની જગા ત્યાં હતી ને એમણે જાતે ત્યાં મારે માટે ભલામણ કરી હતી. વિગતો મેળવી એમનો અંતઃકરણપૂર્વક આભાર માની હું નિયત સમયે ત્યાં પહોંચી ગયો.

આ અંગ્રેજી કન્યાશાળાનાં આચાર્યા ખ્રિસ્તી સાધ્વી હતાં. ક્ષણેક મારી સામે જોઇ લઈ એમણે અંગ્રેજીમાં કહ્યું; 'માય સન! (મારા દીકરા!) તારાં હિંદી જ્ઞાન અને શિક્ષણનાં વખાણ અમે સાંભળ્યાં છે. અમારે તારા જેવા શિક્ષકની જરૂર છે. પણ દીકરા, તારાં ક્વોલિફિકેશન્સ (યોગ્યતાઓ)?'

'કયા પ્રકારનાં?' મેં પૂછ્યું. ચાલુ શિક્ષણના, હિંદીના, ઉપાધિઓ, અનુભવ? મારા મનમાં એવું જ કંઈક હતું.

> કીર્તિ એ છે કે લોકો આપણા માટે વિચારે છે, જ્યારે ચારિત્ર એ છે કે પ્રભુ ભગવાન આપણા માટે વિચારે છે.
>
> —પેન

એમણે અત્યંત સહાનુભુતિપૂર્વક કહ્યું: 'બેટા, કંઈ નહિ તો તારે શાળાંત પરીક્ષા તો આપી દેવી હતી! મેટ્રિક તો થઈ જવું હતું!'

'હું મેટ્રિક થયો છું, મધર!' મને આ પ્રશ્નથી જરા આશ્ચર્ય થયું.

'તો તો સારું! તારા જેવા યુવાને તો કોલેજ શિક્ષણ પણ લેવું જોઇતું હતું. ગ્રેજ્યુએટ થયો હોત તો અત્યારે કેટલું કામ આવત!'

'હું ગ્રેજ્યુએટ પણ છું, મધર!' મારા આશ્ચર્યમાં વધારો થતો જતો હતો–ને મારી આશામાં પણ!

'એમ! સરસ! ત્યારે...તું કેટલું ભણ્યો છે?'

'હું એમ. એ. થયો છું, મધર!' હવે કંઇક પ્રકાશ પડતો હતો. પેલી કંપનીમાં 'અંગ્રેજી નથી આવડતું' એમ કહ્યું હતું તે પણ પેલા સજ્જનની ભલામણ જોડે અહીં સુધી પહોંચ્યું લાગતું હતું.

'એમ! ત્યારે, હમણાં શું કરે છે?' એમણે જરા આશ્ચર્યથી પૂછ્યું.

'એલ. એલ. બી. નો અભ્યાસ કરું છું !'

એ વિચારમાં પડી ગયાં, કંઈ બોલ્યાં નહિ. થોડી વારે કહ્યું; 'બેટા, હું દિલગીર છું. પણ મને નથી લાગતું કે તારા જેવા સુશિક્ષિત માણસને અહીં જગા મળી શકે !'

મારા આશ્ચર્યનો પાર ન રહ્યો ! કારણ જાણવા હું ઉત્સુકતાપૂર્વક એમની સામે જોઈ રહ્યો.

એમણે કહ્યું : 'આટલી ઊંચી યોગ્યતા ધરાવનાર તારા જેવા શિક્ષક રાખવાનું આ શાળાને પોસાઈ શકે એમ નથી. હિંદી શિક્ષક માટે અમે એટલો ઊંચો પગાર ખરચી શકીએ એમ નથી !'

હું ખૂબ જ નિરાશ થઈ ગયો. લાચારીપૂર્વક મેં એમને મારી પરિસ્થિતિ સમજાવી એમણે કહ્યું : 'યોગ્યતાથી ઓછું વેતન આપવાનું અમને ઠીક લાગતું નથી ને વધારે વેતન અમે આપી શકીએ એમ નથી !

શાળા કેટલું આપી શકે એમ છે એ પૂછી જોઈ, મેં ઓછા પગારે પણ કામ કરવાની તૈયારી બતાવી. એમણે કહ્યું : તમે અરજી મૂકી જાઓ હું સમિતિ પર મોકલી આપીશ. પણ મને બહુ આશા નથી. અલબત્ત, તમારી પરિસ્થિતિ વિશે જણાવીને ભલામણ તો કરીશ જ !'

થોડા દિવસમાં જવાબ આવી ગયો. ઓછા પગારે કામ કરવાની મારી તૈયારી માટે આભાર માની એમણે જણાવ્યું હતું કે, યોગ્યતા કરતાં ઓછા વેતને શિક્ષકો રાખવા એ એમની નીતિ વિરુદ્ધ હતું.

મને નોકરી ન મળી !

[નવનીતના સૌજન્યથી]

Gram : ORIENTOOLS. Phone : 323524.

Oriental Machinc Tools Co.

Importers & Suppliers of :

ENGINEERING TOOLS & HARDWARE

130, Nagdevi Street,

BOMBAY-3.

# અધૂરી અહિંસા

પ્રવક્તાઃ—**મુનિશ્રી લાભચંદ્રજી મહારાજ.**

[ પૂ. મુનિશ્રી સ્થાનકવાસી સંપ્રદાયના એક અજોડ વક્તા છે. ૨૫૦૧ મી બુદ્ધજયંતિ પ્રસંગે નેપાલમાં કાઠમંડુ ગામમાં તા. ૧૪–૫–૫૬ ના રોજ તેઓશ્રીએ **'શક્તિનું અનંત ઝરણું–અહિંસા'** એ વિષયપર મનનીય પ્રવચન આપ્યું હતું. અત્રે તેમાંથી સંક્ષેપ પ્રવચન રજુ કરવામાં આવ્યું છે—**સંપાદક.** ]

અહિંસાના બે રૂપ છે અને તેને જાણી લેવા જરૂરી છે. એક તો નિષેધાત્મક છે અને બીજુ વિધેયાત્મક. અહિંસાનો સામાન્ય અર્થ અથવા તેનો વિવિધ હેતુ–પ્રયોગ એ સુચવે કે કોઇને પીડા ન પહોંચાડો, કોઇની હિંસા ન કરો. આ તો અહિંસાનું કેવળ નિષેધાત્મકરૂપ થયું પણ અહિંસાનું એક વધારે ગહન અને રહસ્યભર્યું રૂપ છે. જેનો આશય છે કે તમારા જીવનને એવી રીતે ઘડો કે તમારી શારીરિક, માનસિક કે આધ્યાત્મિક ક્રિયાઓ વડે, કોઇપણ પ્રાણીને, કોઇપણ પ્રકારે અશાંતિ, વિક્ષોભ અને વિષાદની અનુભૂતિ થવાનો સંભવ નષ્ટ થઇ જાય!

હવે આપણે એની વિશદ ચર્ચા કરીએ.

**નિષેધાત્મક અહિંસાઃ**—આ તત્ત્વ સ્વરૂપના પણ અનેક પ્રકારો છે; જે મનનીય તેમજ વિચારણીય છે તે કોઈ એક ગુણના પ્રતીકરૂપે નથી પણ એક સર્વોપરિ આધ્યાત્મિક અનુશાસનનું પ્રતીક છે. વધુ વિચાર કરવાથી આપણને તેમાં અનેક ગુણોનો સમાવેશ થઇ જાય છે.

"કોઇને પીડા ન પહોંચાડો!" એ નાનું સરખું વાક્ય હોવા છતાં તેની અપેક્ષા એટલી જ વિસ્તૃત છે. એની વિશાળતા ત્યાં સુધી છે કે કોઈ તમને પીડા આપે તે છતાંયે તમે કોઇને પીડા ન પહોંચાડો. આનો અર્થ એ થયો કે તમારો ક્રોધ ઉપર વિજય મેળવવાનો છે; પ્રતિ હિંસાને ત્યાગવાની છે અને ઉત્તમ ક્ષમાને ધારણ કરવાની છે એટલું જ નહિ તમારી સહિષ્ણુતાની ચરમ સીમા રૂપે અપકાર કરનાર સાથે પણ ઉપકાર કરવો એ રીતે તમારે એના એ અજ્ઞાનપૂર્ણ વર્તાવને માફ કરી તેને

પ્રેમપૂર્વક બોધ આપવાનો છે. અને આ સાધનાની મંઝિલ બહુ ઊંચે રહેલી છે. ત્યારે જ ગુનેગારોના ગુનાઓ માટે મહાત્માઓ કહી શકે કેઃ—પ્રભો! એમને ક્ષમા કરજે! કારણકે તેઓ જાણતા નથી કે તેઓ શું કરી રહ્યાં છે?"—ક્ષમાનું સહુથી વિકસીત રૂપ જ આ છે.

વિચાર કરતાં જાણી શકાશે કે ક્ષમાના આ ક્રિયાત્મક રૂપમાં જ અહિંસાનો આધાર રહેલો છે. એક વ્યક્તિ ક્રોધ કે આવેશમાં આવીને જાતે ભાન ખોઇને બળી રહ્યો છે, તેની સાથે એવો વર્તાવ કરવાથી તો ક્રોધાગ્નિમાં ધૃતસિંચનનું કામ થશે. આમાં પરસ્પર કલેશની અભિવૃદ્ધિ સિવાય કંઇપણ મળવાનું નથી. આવા સમયે અહિંસાની ભાવના રાખવાથી જાતે તો ક્રોધ વિગેરેથી બચી જવાય છે તેમજ બીજા માટે પણ માર્ગદર્શન થઇ શકે છે.

"તને જે ડાબા ગાલે તમાચો મારે તેને જમણો ગાલ ધરજે." એ વાક્યમાં અહિંસાની પ્રચંડ શક્તિને આવરી લેવામાં આવી છે. બુરાઇનો બદલો બુરાઇથી નહિ પણ ભલાઇથી વાળવામાં આપણે આત્મસંયમ કેળવીએ છીએ એટલું જ નહિ, સામાના હૃદય મંથનને હચમચાવી તેના વિવેકી આત્માને જાગૃત કરીએ છીએ. આ બધા સ્વરૂપો નિષેધાત્મક અહિંસાના પક્ષમાં આવે છે. અને તે આત્માની મહાનતાના દર્શન કરાવે છે.

**વિધિયાત્મક અહિંસાઃ**—અહિંસાનું સ્વરૂપ કેવળ નિષેધાત્મક રહેતાં તે પૂર્ણ થતું નથી. અહિંસક જીવનનું ઊંડુ અને રહસ્યપૂર્ણ તત્વ એ છે કે પોતાનું જીવન બીજાને ત્રાસ રૂપ ન થાય તે રીતે કેળવવું. એ આપણને સુસંસ્કૃત, સુવિકસિત અને સમુજ્જવળ જીવન જીવવા માટેનો આદેશ આપે છે. વેર, હિંસા, લડાઈ, કલેશ અને યુદ્ધો જો જીવનમાં સંસ્કારી રૂપો હોત તો આજે બધા વેર—ઝેર પ્રચ્છન્ન પણ તેના બદલે સતત શાંતિને શોધતી દુનિયાને જોઇને લાગે છે કે તે ઇચ્છવા યોગ્ય તત્વો નથી. પ્રેમ, દયા, દાન, ત્યાગ વિગેરે પ્રવૃત્તિઓની શા માટે પ્રશંસા કરવામાં આવે છે? કારણકે જીવનમાં એ સંસ્કારિતા આણવાની સાથે વિકાસને પણ સાધે છે. "તું હિંસા ન કર!" એ તો હજુ પણ કંઇક અંશે સરળ રૂપ છે પણ "બીજાના હિત માટે ત્યાગ કર!" એ ઘણા ગુણોનો વિકાસ માંગી લે છે. એ ત્યારે જ બની શકે છે જ્યારે પ્રેમ હોય, દયા હોય, દાનની ઇચ્છા હોય! આ બધું હોય ત્યારે જ એ ત્યાગ સંભવી શકે છે.

આ વિધિયાત્મક અહિંસા એટલે

જીવનને સતત અને અવિરત પ્રમાર્જન અને ઘડતર કરવાનું છે. તે માટે નિરંતર અધ્યવસાય, સ્વ આત્માનુ-શાસન અને સંયમની આવશ્યકતા રહે છે. તે કંઈ જલ્દી અને ઉતાવળે થઈ જનારી વસ્તુ નથી. એ અંગે સર્વ પ્રથમ શ્રદ્ધા અને તે મુજબ સહનશીલતા હોવાં જરૂરાં છે.

એકવાર અહિંસા પ્રગટ થઈ કે, ઓછા વિચારો, અધીરતા કે ક્ષુલ્લકતાનો લોપ થઈ જાય છે. મહાકવિ મિલ્ટને પોતાની એક કવિતામાં કહ્યું છે કેઃ અહિંસા અને ક્ષમા અપૂર્વ ગુણો છે. એના વડે માનવ સર્વોત્તમ સિદ્ધિઓને પ્રાપ્ત કરી શકે છે. માનવ ગુણોના આવાગમનના મુખ્ય દ્વાર નિર્વૈર અથવા અહિંસા જ છે.”

અહિંસા આણવા સર્વ પ્રથમ પ્રેમ થવો જરૂરી છે. અહિંસાનું એ ઉદ્‌ગમ સ્થળ છે એમ પણ કહી શકાય. પ્રેમનો જન્મ થાય છે, પોતાપણાની ભાવનાથી એટલે કે પોતાની બરાબર બધાના આત્માને જુઓ અને આત્મા ઉપરથી દરેક આત્માને સમાન માનો. આપણે જાણીએ છીએ કે આપણે જાણી કરીને—આપણાઓને દુઃખ આપતા નથી. એ રીતે સમસ્ત જીવ સૃષ્ટિને સમજવી જોઈએ. જ્યારે બીજાનાં દુઃખદર્દને આપણે પોતાના માનીએ છીએ ત્યારે તે કેવળ તેમનાં પ્રતિ આપણામાં રહેલ પ્રેમભાવને કારણે થાય છે અને અહીં જ અહિંસાનો પ્રારંભ થાય છે. તેજ આપણને જીવનનો ઉત્તમ વહેવાર આદરવાનું સમજાવે છે. એના જ કારણે આપણે એક બીજાને પારખી શકીએ છીએ. આવી અહિંસાના રાજ્યમાં કોઈને કોઈનાથી ડરવાની જરૂર નથી. બધા નિર્ભય થઈને રહે છે.

આજે માનવ-જીવનમાં આપણે આ પ્રેમમયી અહિંસાને જોતાં નથી. તેમના હૃદયમાં સ્વાર્થે અડ્ડો જમાવ્યો છે. પરિણામે પોતાના સ્વાર્થ માટે આજે માનવ બીજા માનવ માનવને જેટલો ભય—ત્રાસ અને વિટંબના પહોંચાડે છે તેટલો તો સિંહ કે સાપ પણ નથી પહોંચાડતા. કદાચ સાપ અને સિંહ તો એક જ વારમાં માનવને મારી નાખે છે પણ સ્વાર્થી માણસ તો બીજાને રીબાવી રીબાવીને મારે છે એટલે જો આપણે અહિંસક બનવું હોય તો સર્વ પ્રથમ સ્વાર્થનો ત્યાગ કરવો જોઈએ. તેથી પ્રેમ પ્રગટ થશે અને બધા સાથે સમાન વહેવાર થશે.

અહિંસા માટે જેમ પ્રેમ જરૂરી છે તેમ સાથે જ દયા અનુકંપાની ભાવના પણ જરૂરી છે. કેવળ પ્રેમ કરવાથી કંઈ નથી વળતું પણ એ પ્રેમની સાથે જો દયા—બીજાની લાગણીઓમાં ભળી જવાની ભાવના મળે તો જ એ અહિંસ ભાવના બને છે.

ત્યારે જ પોતાની વસ્તુને બીજા માટે દાન કરવાની ઇચ્છા જાગે છે અને ત્યાગ ભાવના વડે તે પરિપૂર્ણ થાય છે—આ છે વિધેયાત્મક અહિંસાનું સ્વરૂપ !

આ જીવ ભૂખ્યો છે. એનો જીવ મારા જેવો છે એને પણ ટકી રહેવાની જરૂર છે. મારી પાસે જરૂર કરતાં પણ વધારે ભોજન છે કે હું થોડાકથી ચલાવી શકું છું. માટે મારે એને આપવું જોઇએ અને આપીને જો કૃત કૃત્યાનો આનંદ થાય તો એ અહિંસા છે. પ્રેમમૂલક અહિંસા છે. જેણે આ જગતના આચરણને એક પ્રકારની સંસ્કારિતા આપી છે તેના અભાવમાં સ્વાર્થવશ પર—પીડા અને હિંસાત્મક જે આચરણ નજરે પડે છે તે પાશવિક છે. વિવેકને કારણ માણસ માણસ છે જ્યારે તે એને વસારે છે તો કેવળ માનવ દેહે પશુ જાય છે અને હિંસા યુકત આચરણ કરતો રહે છે. એની વિરુદ્ધ અહિંસાના આચરણથી માનવ પ્રકૃતિમાં દિવ્યત્વની પ્રતિષ્ઠા થાય છે.

ભગવાન મહાવીરે કહ્યું છે કેઃ—

**એવં ખુ નાણિણો સારં જનં હિંસઈ કિંચણં.**

**જ્ઞાનનો સાર એટલો જ છે કોઈ પણ પ્રાણીની હિંસા નહિ કરવી.** બીજા શબ્દોમાં સમસ્ત પ્રાણીઓને આનંદ પહોંચાડવામાં જ જ્ઞાનની સાર્થકતા રહેલી છે. આ સૂત્રમાં નિષેધાત્મક અને વિધેયાત્મક બંને રૂપોની પરિભાષા આવી ગયેલી છે. એ સૂત્રની પૂર્તિરૂપે દશવૈકાલિક સૂત્રમાં કહેવામાં આવ્યું છે કેઃ—

**અહિંસા નિઉણા દિટ્ટા.**

**દૃષ્ટા એ જ છે જે અહિંસામાં નિપુણ છે.** જીવનને જાણનારો અને જોનારો એને જ કહી શકાય જે અહિંસામાં નિપૂણ છે. કેટલી વિશાળ વ્યાખ્યા અહિંસાની એમાં કરવામાં આવેલી છે ? તેની સાથે એ કેટલી વિચારણીય, મનનીય અને અનુકરણીય છે ?

હિંસા શા માટે ન કરવી જોઇએ. એ અંગે ઘણા દાખલા દલીલો રજૂ કરી શકાય. ઉત્તરાધ્યયન સૂત્રમાં કહેવામાં આવ્યું છે કેઃ—

**સવ્વે પાણા પિયા ઉવા.**

**બધા પ્રાણીઓને જીવિત રહેવું પ્રિય છે.** કોઈ પણ ભોગે મૃત્યુ કે દુઃખને કોઈ ચાહતું નથી. એટલે કોઇને પણ દુઃખ આપવું એ ઠીક નથી. અહિંસક વર્તાવ એટલા માટે બધાને પ્રિય છે તેમ જ શ્રેયસ્કર પણ છે અને આ પ્રમાણે પણ કહેવામાં આવેલ છે કેઃ—

**પાણે વ નાઈવાએજ્જા...નિજ્જાઈઉણં વ થલાઓ.** ઉ. ૮-૯.

જે વ્યક્તિ પ્રાણીઓનો વધ કરતો

નથી તે હિંસાદિ કર્મોથી એક પ્રકારે મુકત થઇ જાય છે. જેમકે ઢોળાણવાળી જગ્યા ઉપરથી પાણી વહી જાય છે. તેને જન્મ-મૃત્યુની વચ્ચે જીવનમાં હિંસાત્મક કૃત્યો કરવા પડતા નથી અને તેનો આત્મા વિકસિત થતો રહે છે. એ જ માટે ભગવાન મહાવીરે શાંતિનો રાજમાર્ગ બતાવતાં આ પ્રમાણે કહ્યું છે કેઃ—

**પ્રાણી માત્ર ઉપર દયા કરવી એ આત્મ શાંતિનો માર્ગ છે.**

આમ અહિંસા તત્ત્વની જો વ્યાપક પરિભાષા કરવામાં આવે તો આધ્યાત્મિક દૃષ્ટિએ અહિંસાનું વહેવારિક સ્વરૂપ આ પ્રમાણે થાયઃ—રાગ-દ્વેષ, ક્રોધ-માન, માયા-લોભ, ભય, શોક વગેરે હલકા ભાવો ઉપર વિજય મેળવો. વિષય અને કષાય નિમિત્તે હિંસા કે પ્રતિહિંસાના જે ભાવો જનમે છે તેને દાબવા જોઇએ. કેવળ કોઇનું ખૂન કરવું એ જ હિંસા નથી પણ જીવનની પ્રત્યેક ક્ષણે કષાય અને ક્રોધ નિમિત્તે આપણે જે ખરાબ વહેવાર કરીએ છીએ તે પણ એક પ્રકારની હિંસા છે. જ્યાં સુધી બુરાઇઓથી આપણું મન ડગે નહિ અને બુરાઇઓ તરફ પણ જો આપણે ભલાઈ ન કરી શકીએ તો આપણી એ અહિંસા પૂરી નહિ ગણાય.

**( માનવતાના પંથે પાન નં. ૪૯ થી ૫૫) સાભાર**


Wish You Happy New Year

# R. M. Shah & Company

CHEMISTS & MANUFACTURER'S REPRESENTATIVES

136, Musjid Bunder Road,
BOMBAY-3.

ઓફિસ : ૩૨૪૩૩૪ ઘર : ૫૭૨૫૮૫

આર. એમ. શાહની કું.

દવાવાળા.

# સ્વ. શ્રી વીરચંદ રાઘવજી ગાંધીની સ્મૃતિમાં

**માહે ઓગસ્ટ ૧૯૬૪ માં સ્વ. શ્રી વીરચંદભાઈની પુણ્ય સ્મૃતિમાં અમે 'બુદ્ધિપ્રભા' નો સદ્‌ગતની યાદમાં એક ખાસ અંક–ગાંધી સ્મૃતિ અંક–પ્રગટ કર્યો હતો. તેમાં પાન નં. ૪૯ ઉપર શ્રી પન્નાલાલ રસિકલાલ શાહનો–શ્રી વીરચંદભાઈની પત્ર પ્રસાદી લેખ પ્રગટ કર્યો હતો. એ પત્ર તો માત્ર વાનગીરૂપ જેવો જ હતો. આ અંકમાં તે પત્ર નોંધો જેના આધારે લખાઈ છે તે પત્ર અમને મળી આવ્યો છે. તે આખોય પત્ર અમે અત્રે રજુ કરીએ છીએ.**

**આ પત્ર આપણને શ્રી વીરચંદભાઈ કેવા ચુસ્ત શાકાહારી હતા તેનાં દર્શન કરાવી જાય છે.** **—સંપાદક.**

ચિકાગો,

તા. ૨૯ જાન્યુ. ૧૮૯૪

રા. રા. મહેરબાન શેઠજી સાહેબ,

**દયાચંદભાઈ મલુકચંદની સેવામાં,**

**મુંબઈ.**

મુંબઈનું બારૂં તા. ૪ ઓગસ્ટ ૧૮૯૩ ના રોજ છોડયા પછી આપના ઉપર સવિસ્તર પત્ર લખી શક્યો નથી. કારણ માત્ર એ જ કે આ દેશમાં કંઇપણ સંગીન સ્તુતિ પાત્ર કામ કર્યા પછી આપને પત્ર લખું તો જ આપને આનંદ પ્રાપ્ત થાય. આ શહેરમાં હું પાંચ મહીના થયા છે. અને તે દરમિયાન આપ સંતોષ પામો એટલું હું કામ કરી શક્યો છું. માટે હવે આપને સવિસ્તર પત્ર લખું છું.

તા. ૪ ઓગસ્ટના રોજ સ્ટીમર પર જતાં પહેલાં મેસર્સ થોમસ એન્ડ સન્સ, મુંબઈની પેઢી તરફથી સ્ટીમરના કપ્તાન ઉપર એક પત્ર મેં લખાવી લીધો હતો તેની નકલ નીચે આપું છું.

Bombay 4th August, 1893

The Commanding

Officers of the

S. S. Assam and

the S. S. Himalaya

DEAR SIRS,

The bearer of this, Mr. Gandhi, a Hindu Gentleman of this city is enroute to Chicago and is going to

observe hindu rights and customs on board so as not to interfere with his caste. He will feel very much obliged, if you will be so kind as to give him a certificate on leaving your ships to the effect that he has not eaten food prepared by the ship's cook, but by his own cook. Thanking you in anticipation,

Yours Faithfuly,
Thos Cook & Sons.

ઉપર મુજબનો પત્ર લઈને હું પર લઈ જવામાં આવ્યો હતો. એકલા ચૂલા માટે સો રૂપીયા મોટી રકમ છે પણ તેનો ખુલાસો પી. ઍ. કંપની નીચે પ્રમાણે આપે છે. (એક પેરેગ્રાફ બાદ છે.)

મારી સાથે મી. નથુ મંછાચંદ હતો, અને રસોઈ વિગેરે કામ માટે તેની જરૂર હતી. એક બે દિવસ સુધી નથુને ફેર આવ્યા. તેથી અમે રસોઇ કરી શકયા નહીં. પરંતુ અંતે તંદુરસ્તી સારી રહેવા લાગી. પહેલાં બે દિવસ સુધી અમારી સાથે મીઠાઈ વિગેરે ખાવાના પદાર્થો ઘણા હતા તેનાથી

# આવતા અંકે

ઓગસ્ટના ગાંધી સ્મૃતિ અંકમાં–આપે **શ્રી વીરચંદ રાઘવજી ગાંધીનું જૈન સમાજે કરેલું સન્માન**–એ માનપત્ર વાંચ્યુંજ હશે.

આગામી અંકમાં વાંચો.

સદ્દગત જસ્ટીસ મહાદેવ ગોવિંદ રાનડેના પ્રમુખપણા હેઠળ હિંદની સર્વ કોમ તરફથી અપાયેલ સન્માન પત્ર.

---

સ્ટીમર પર ગયો. તેની સાથે પી. ઍન્ડ ઓ. કંપની સાથે બંદોબસ્ત કર્યો હતો કે સ્ટીમરના અલાયદા ભાગ ઉપર એક લોઢાનો ચુલો રાખવો. એ ચૂલા માટે મેં સદરહુ કંપનીને એકસો રૂપીયા જુદા આપ્યા હતા. એડનથી બીજી સ્ટીમરમાં જવાનું હતું, અને એ ચૂલો પણ અમારે માટે ખાસ બીજી સ્ટીમર અમે ચલાવ્યું. ત્રીજા દિવસથી રસોઈ શરૂ કરી. એડન પછી દરિયો શાંત હતો તેથી રસોઈ કરવામાં અમને કંઈ અડચણ પડે નહીં. એડનથી સ્ટીમર "હિમાલય" નામની હતી, તેમાં અમે બેઠા. પહેલી સ્ટીમરના કપ્તાને અમને અમારા ખોરાક સંબંધી સર્ટી-

ફીકેટ આપ્યું છે તેની નકલ નીચે પ્રમાણે.

Bombay, 3rd August, 1893
Messrs Thos Cook & Sons,
Bombay.
Dear Sirs,

In reply to your letter of date. I beg to inform you that a stove has been Placed on board the "Assam" for the use of Mr. Gandhi and friend, and I have written to the commander of the connecting ship at Aden to See that it is kept for their exdusive use.

I note that they considered Rs. 100/– a high charge, but you will doubtless have explained to them that the stove is conveyed at some inconvenience to the ship and has to transhipped at Aden, carried to London and brought back again.

Yours Faithfully,
Superintendent.
Peninsular & Oriental Steam Navigation Co.

S. S. Assam, Aden 11th August, 1893

I hereby certify that Mr. Gandhi, second saloon passenger on board this steamer has travelled from Bombay to Aden, during which time he has had no food prepared by any one on board but his own Private cook.

T. F. Creery,
Commander.

એજ પ્રમાણે સ્ટીમર હિમાલયના કપ્તાને નીચે મુજબ સર્ટીફીકેટ આપ્યું છે.

S. S. Himalaya,
18th August, 1893

This is to certify that Mr. Gandhi embarked on board this ship at Aden Ex Assam on the 11th August, 1893 and disembarked at Brindisi on the 18th August, 1893, during which time he only had meals cooked by his own cook, receiving nothing cooked by any of the ship's company.

Fred Bucklahl
Purser.

તા. ૧૮ મીના રોજ અમે બ્રીંડીઝી પહોંચ્યા, સ્ટીમર પરથી ઉતરી અમે શહેરમાં ગયા. લંડન પહોંચતા, રેલ ગાડીમાં બે દિવસ બેસી રહેવું પડે છે તેથી રસ્તામાં ખાવા માટે, મેવો તથા ફળ ખરીદ કર્યાં.

રસ્તામાં કોઇ જગાએ રોકાયાં નહિ. ફકત ઈટાલીના ટયુરિન શહેરમાં, ગાડી બદલવી પડી તેથી ત્યાં બે ચાર કલાક રોકાવું પડ્યું. તા. ૨૦ ઓગસ્ટના રોજ અમે લંડન પહોંચ્યાં, બ્રીંડીઝીથી મારા એક મિત્રને લંડનમાં અગાઉથી તાર મૂકીને જણાવ્યું હતું કે અમારે માટે એક અલાયદુ મકાન ભાડે રાખે. લંડન પહોંચ્યા એટલે અમને ઘરે પહોંચ્યા હોઇએ તેમ લાગ્યું. અમેરિકાની સ્ટીમરને જવાને છ દિવસની વાર હતી તેથી તેટલા સમય સુધી અમારે ત્યાં રોકાવું પડ્યું.

તા. ૨૬ ઓગસ્ટના રોજ લંડનથી અમે સાઉધાંપટન ગયા. ત્યાંથી 'પારીસ' નામની સ્ટીમરમાં બેઠાં. આ સ્ટીમરમાં અમને સારો સંગાથ મળી ગયો. લંડનની થીયોસોફીકલ સોસાયટીના પ્રમુખ **મીસીસ એની બેસન્ટ,** તથા સેક્રેટરી **મીસ મૂલર,** અલહાબાદની કોલેજના ગણિત શાસ્ત્રના પ્રોફેસર **મી. જ્ઞાનેન્દ્રનાથ ચક્રવર્તી,** બૌદ્ધ ધર્મ સભાના સેક્રેટરી **મી. ધર્મપાલ**—આ બધા જ ચીકાગો ધર્મ સભા માટે પ્રતિનિધિ તરીકે જતા હતાં.

રસ્તામાં તેઓની સાથે અમારે ઘણી જ સારી રીતે વાતચીત થઇ જૈનધર્મ સંબંધી તેમને કશી જ માહિતી નહતી. જ્યારે મેં જૈન ધર્મ સંબંધી તેમને ટુંકાણમાં માહિતી આપી ત્યારે જૈનધર્મમાં આવું ઉત્તમ તત્ત્વજ્ઞાન છે તે જાણી તેઓને ઘણું જ આશ્ચર્ય થયું હતું. અને તેઓએ કીધું પણ ખરૂં કે જૈનો આવા ઉત્તમ તત્ત્વજ્ઞાનને અંગ્રેજીમાં છપાવતા નથી તે ઘણી જ દિલગીરીની વાત છે.

સાઉધાંપટન અને ન્યુયોર્કની વચ્ચે સ્ટીમરમાં મીસીસ એની બેસન્ટે કર્મ એ વિષય પર બે વખત ભાષણ આપ્યાં હતાં. તા. ૨ જી સપ્ટેમ્બરના રોજ અમે સવારના આઠ વાગતાં ન્યુયોર્ક આવી પહોંચ્યા. ગંજાવર કદની સ્ટીમરો બંદરમાં દોડાદોડ કરતી હતી. એક બાજુએ બ્રુકલીન નામનું ન્યુયોર્કનું પરું હતું. બીજી બાજુએ ન્યુજર્સી નામનું પરું છે. અને એ બેની વચમાં ન્યુયોર્ક શહેર છે. આપણા દેશની કીનારા પર સફર કરનારી સ્ટીમરોમાં મુસાફરી કરનારા ઉતારૂઓને પોતાનો સામાન સાથે લઈ કીનારા પર ઉતરવું

પડે છે તેવું અહીં કરવું પડતું નથી. તમારી દરેક પેટી પર તમારું નામ લખી સ્ટીમરના માણસને સોંપી દો એટલે કીનારા ઉપર તમારી દરેક ચીજ બનતી ઉતાવળે તમને સોંપી દેશે.

અમારો કુલ સામાન અમે સ્ટીમરના માણસોને સોંપી દીધો. અને અમે સ્ટીમર ઉપરથી **અમારા દેશી પોશાકમાં** કાંઠા ઉપર ઉતર્યા. કાંઠા ઉપર મુંબઈની આપણી જાણીતી ટોમસ કુકની પેઢીની અત્રેની શાખાના પ્રતિનિધિ મી. હેમીલટન હાજર હતા. ઘણા વિવેક સાથે તેમણે અમને કહ્યું અમારું કોઇપણ કામકાજ કરવા તેઓ હાજર છે.

અમે અમારો સામાન તપાસી લીધો. ન્યુયોર્ક યુનાઇટેડ સ્ટેટસનું બારૂં છે. તેથી જકાતનો કાયદો બરાબર અમલમાં મુકવામાં આવે છે. જકાતના દશ વીસ ઈન્સ્પેકટરો ત્યાં હાજર હતાં. તેમને અમારો સામાન બતાવ્યા સિવાય આગળ જવાય તેમ ન હતું. છતાં મુંબઈમાં ગ્રાંટરોડના સ્ટેશન ઉપર કસ્ટમ ખાતાના સીપાઇઓ લોકોને અપમાન ભરી રીતે સતાવે છે તેવું અહીં નહોતું. તેઓએ અમને પૂછ્યું કે જકાત આપવી પડે તેવો સામાન અમારી પાસે હોય તો જણાવવું. અમે કહ્યું કે અમારી પાસે તેવો કોઇ સામાન નથી. ઉપર ઉપરથી તેઓએ અમારો સામાન તપાસ્યો. પછી અમને જવા દીધા.

ચીકાગો ધર્મ સભા તરફથી તેના સેક્રેટરી મી. વીલીયમ પાઇપ અમને લેવા માટે બંદર પર આવ્યા હતા. તેઓ અમને મળ્યા. મી. વીલીયમ પાઇપ ફક્ત બત્રીસ વરસની ઉંમરના ઉત્સાહી ગૃહસ્થ છે. શરીર અને તનદુરસ્તીની દરકાર કર્યા વિના તેઓએ પાર્લામેન્ટ ઓફ રીલીજીયન્સ માટે અથાગ મહેનત લીધી છે.

અમારો વિચાર ન્યુયોર્ક શહેરમાં બીલકુલ રોકાયા સિવાય સીધા જ ચીકાગો જવાનો હતો. પરંતુ મી. પાઇપે કહ્યું કે:—તમે ૧૨૦૦૦ માઇલની મુસાફરી કરતાં અહીં આવ્યા છો માટે બે દિવસ આરામ લો. અને આજે શનીવાર છે. સોમવારે સાંજે આપણે ચીકાગો જઇશું.

તેમણે અમારા માટે અગાઉથી જ મકાનનો બંદોબસ્ત કરી રાખ્યો હતો. મેં તેમને જણાવ્યું કે:—ખોરાકની બાબતમાં તમે અમારા રિવાજ જાણતા નહિ હો. અમે ઉત્તમ હિંદુ તથા જૈન લોકોના હાથ સિવાય બીજા કોઈના હાથનું જમતા નથી. મી. પાઇપે કહ્યું કે:—તમારા રિવાજને અનુકૂળ પડશે તે પ્રમાણે તમારી મરજી મુજબ બંદોબસ્ત કરી આપીશું.

બેજ દિવસ ન્યુયોર્કમાં રહેવાનું હોવાથી અમે વિચાર કર્યો કે ફુળ

**ઉપર રહેવું** વધારે ઠીક રહેશે. **જો કે** **મી.** પાર્ઇપ ચીકાગોની ધર્મસભાને ખર્ચે અમારા માટે બધો બંદોબસ્ત કરવા તૈયાર હતા. પરંતુ મેં વિચાર કર્યો કે **જૈન ધર્મની ઉન્નતિ માટે હું અહીં આવ્યો છું. તેવે પ્રસંગે અમેરિકાના લોકોને મારા માટે ખર્ચ કરવા પડે એ તેમના માટે પ્રશંસનીય છે પરંતુ એ મારી શક્તિશાળી જૈન કોમ માટે નામોશી ભર્યું છે.** તેથી મી. પાર્ઇપને આભાર તેમજ ધન્યવાદ આપતાં કહ્યું કે મારો તમામ ખર્ચ હું પોતે જ આપીશ.

મી. પાર્ઇપ ન્યુયોર્કની પ્રખ્યાત બ્રન્સવીક હોટલમાં ગયા અને હું તથા મી. નથુ ઓડવે સેન્ટ્રલ હોટલના મેનેજરને મળવા ગયા. મેનેજરને અમે જણાવ્યું કે ન્યુયોર્કમાં અમારે માત્ર બેજ દિવસ રહેવું છે. માટે એક અલાયદો રૂમ અમને ભાડે આપો તો સારૂં તેણે અમને તેવો એક રૂમ આપ્યો. ઓરડામાં સામાન મુકી અમે બજારમાં ગયા. અને **સફરજન, કેળાં, દ્રાક્ષ, નારંગી; જમરૂખ, વગેરે ફળ ખરીદ કરી હોટલ ઉપર આવ્યા.**

**સાંજના ફળાહાર કરી** મી. પાર્ઇપને મળવા માટે હું બ્રન્સવીક હોટલમાં ગયો. ધર્મ સભા સંબંધી તેમની સાથે ઘણી વાતચીત થઇ. પાંચ સાત ન્યૂઝ પેપરના રીપોર્ટરો ત્યાં હાજર હતાં. તેઓએ જૈન ધર્મ સંબંધી તેમજ જૈન કોમ વિષે ઘણાં ઘણાં સવાલ મને પૂછ્યાં. ન્યૂયોર્કના પ્રખ્યાત વર્તમાન પત્ર '**ધી વર્લ્ડ**' મારા માટે નીચે પ્રમાણે લખે છે:—

મી. ગાંધીને કોઇપણ જાતનું માંસ નહિ ખાવાનો નિયમ છે. તેટલું જ નહિ માંસના સ્વાદ કે ગંધની પણ તેમને જાણ નથી. તે ખરેખર એક અદ્વિતિય પ્રતિભાશાળી માનવી છે. ને તેઓ પોતાના ધર્મને ચુસ્ત રીતે વળગી રહે છે!

બીજે દિવસે રવિવાર હોવાથી, તેમજ બીજું કંઇ અમારે ખાસ કામ ન હોવાથી અમે શહેર જોવા નીકળ્યા.

તા. ૪ ઓગસ્ટના સોમવારની સાંજે અમે ચીકાગો તરફ ગયા. તા. ૬ ઓગસ્ટના રોજ અમે ચીકાગો પહોંચ્યા. ૬ ઓગસ્ટથી તે આજસુધી મેં ઘણી જગાએ ભાષણો આપ્યાં છે. અને હજુ પણ ભાષણો આપવા એક માસ સુધી રહીશ. વિશેષ હકીકત બીજા પત્રમાં લખીશ.

લી. આજ્ઞાંકિત સેવક,
**વીરચંદ રાઘવજી.**

Phone : 321925

Gram : KIRTIRAJNI
Bombay-Mandvi.

# MANEKLAL & SONS

WORK SHOP,
SHEET-MAETAL AND
WOOD-WORKING
MACHINERY MERCHANTS.

★ SHOW ROOM & SALES DIVISION ★
277, Nagdevi Street, BOMBAY-3-BR.

# ગુરુબોધ

વિક્રમની ૧૯૬૭ ની સાલની એક વહેલી સવાર હતી. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીજી ધ્યાનમાં બેઠા હતા. ધ્યાનમાં તેમને પોતાના દિવંગત ગુરુદેવના સદેહે દર્શન થયાં.

ગુરુદેવે અમૂલ્ય એવો બોધ આપ્યો. એ બોધને શિષ્યે ગ્રંથમાં કંડાર્યો. એ ગ્રંથ શિષ્ય તે ગુરુબોધ.

લગભગ અઢીસો પાનાનો આ ગ્રંથ છે. સુજ્ઞ વાચકો એ ગ્રંથનો થોડો આસ્વાદ માણી શકે તે હેતુથી અહીં તેનો સંક્ષેપ રજુ કરવામાં આવે છે.

આવતા અંકે વાંચો—

'તીર્થયાત્રાનું વિમાન' નો સંક્ષેપ

સંક્ષેપકર્તા : ગુણવંત શાહ

પ્રભાતનાં પ્રહરનાં ચિહ્નો જણાતાં હતાં. અર્ધનિદ્રા અર્ધજાગ્રત જેવી અવસ્થા હતી. જગત શાંત દેખાતું હતું. કોઈ સંસ્કારના વશથી તેમજ પુણ્યબળે પ્રેરાયેલ શ્રી સદ્દગુરુની (તેમના ગુરુદેવ પૂ. શ્રી સુખસાગરજી મ. હતા. તેનો અહીં ઉલ્લેખ છે.) મૂર્તિ આંખો સામે દેખાઈ.

જેમ જેમ ટગર ટગર જોઉં છું તેમ તેમ તે મૂર્તિ દેહ પાસે આવવા લાગી. ને મૂર્તિમાં આનંદપ્રદ આંખોનો ચળકાટ હતો. તે પ્રતિમામાં મુખવસ્ત્રિકા અને રજોહરણથી અલંકૃત તેમજ તે સર્વ અવયવમાં શાંતિ દેખાતી હતી. રાગદ્વેષ વિનાનું શાંત વદન, અપ્રતિમ આનંદનું ભાન સૂચવતું હતું. જાણે સાક્ષાત્ સદ્દગુરુ આવ્યા હોય તેવી સ્થિતિ દેખાવા લાગી.

હું ગુરુની સ્તુતિ વંદન કરી તેમના સામું બે હસ્ત જોડી ઊભો રહ્યો. તેઓશ્રીએ મારા મસ્તક પર કૃપામય હાથ મૂક્યો અને પ્રસન્નવદને કહ્યું:—હે શિષ્ય ! જગતમાં સારભૂત એવા હું તને તેર રત્ન આપું છું. આ તેર રત્નો અલૌકિક છે. દેવતાઓને પણ દુર્લભ છે. અનેક ભવ્ય જીવો આ તેર રત્નના મહિમાથી પરમાત્મ સ્વરૂપમાં લીન થાય છે, થયા છે અને થશે.”

આટલું કહી તે દરેકનું યથાર્થ સ્વરૂપ કહી બતાવ્યું. અને કહ્યું કે:—

“ હે ભવ્ય ! આ તેર રત્નોનું યથાર્થ સ્મરણ કરી ગ્રહણ કરજે. તારા આત્માની ઉન્નતિ આ માર્ગથી થવાની છે. તારૂં જીવન આ તેર રત્નના મહિમાથી પ્રતિદિન ઉચ્ચ થશે. ગૃહવાસમાં અને ત્યાગાવસ્થામાં પણ યથાયોગ્ય આ તેર રત્નનું સેવન કરવાથી અનંત સુખની ખુમારી પ્રગટે છે. હે ભવ્ય ! આ તેર રત્નોનો અપાર મહિમા છે.” ઇત્યાદિ સદુપદેશ આપી શ્રી સદ્દગુરુ તિરોહીત થઈ ગયા. ઘણું જોયું તો પણ દેખાયા નહિ, તેમના ઉપદેશાનુસાર, (વિનય, વિવેક, મૈત્રી, દયા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, સંતોષ, શ્રદ્ધા, ભક્તિ, દાન, આત્મજ્ઞાન અને સમાધિ) પ્રત્યેક રત્નનું સ્વરૂપ વિચારવા લાગ્યો

## વિનય રત્ન

ધર્મનું મૂળ વિનય છે. વિનય વિનાનું જીવન સુખપ્રદ થતું નથી. મનુષ્યો જગતમાં વિનયથી સુખની લીલાને પામે છે.

માતાનો વિનય, પિતાનો વિનય, વિદ્યાગુરુનો વિનય, મોટાનો વિનય, ઉચિત વિનય, ધર્મગુરુ વિનય વગેરે વિનયના અનેક ભેદ છે.

સંતાનો ઉપર માતાનો અપૂર્વ ઉપકાર છે. પ્રથમનાં સમયમાં માતા એક પૂજ્ય મનાતી હતી તેથી પૂર્વકાલમાં ભારતવર્ષ ઉન્નત હતું. હાલમાં

પુત્ર-પુત્રીઓ માતા પ્રત્યે જોઇએ તેવો વિનય રાખતા નથી તેથી તેઓ માતાના આશીર્વાદને પાત્ર થતાં નથી.

કેટલાક પુત્ર પુત્રીઓ સ્વાર્થ હોય છે ત્યાં સુધી માતાનો વિનય કરે છે અને જ્યારે સ્વાર્થ હોતો નથી ત્યારે માતાને બોલાવતા પણ નથી. આવા સ્વાર્થ સાધક અધમ પુત્ર પુત્રીઓથી પોતાનું તેમ જ દેશનું કલ્યાણ થતું નથી.

શેઠ યા રાજાને ઝુકી ઝુકીને સલામ કરો છો ત્યારે શું તેઓના કરતાં



મ્હાત્રે પેન એન્ડ પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રિઝ પ્રા. લિ.

તમારી માતા ગઈ કે? જો તમે માતાની પ્રસન્નતા મેળવવા નસીબવાન નથી તો તમે પ્રભુની કૃપા શી રીતે મેળવી શકશો? યાદ રાખો જે માણસ જનનીને હીન ગણે છે તેનો આત્મા પણ હીન થાય છે.

પૂર્વકાળમાં પુત્રો માતાનો વિનય વિશેષતઃ કરતાં હતાં ત્યારે તે સમયનાં આર્ય પુત્રો મહાસમર્થ થતાં હતાં. તમે સત્તાવાન બનો, લક્ષ્મીવાન બનો, વિદ્વાન બનો તો પણ તમારી માતાથી તમે ઉચ્ચ બનવાના નથી.

માતાના પ્રતિ જેઓ વિનય કરે છે તેઓ પ્રભુનો વિનય કરે છે અને જે પુત્રો માતાનો વિનય સેવીને કાર્ય કરે છે તેઓ દરેક કાર્યમાં જય મેળવે છે.

માતાની નિંદા કરવી, તેના સામે બોલવું ઇત્યાદિ અવિનયથી પરમાત્માની પ્રાપ્તિ થતી નથી. આમ જેણે માતાની ઉપકાર બુદ્ધિ જાણી નથી તે બીજાની ઉપકાર બુદ્ધિ શી રીતે જાણી શકશે?

માતાના વિનયથી પુત્ર પુત્રીઓનાં હૃદય નિર્મળ બને છે. આથી પુત્ર પુત્રીઓએ માતાને સવારમાં પગે લાગવું જોઇએ અને મન, વચન કાયાથી માનો વિનય કરવો જોઇએ. મા ગાંડી હોય તો પણ તેનો વિનય ચૂકવો જોઇએ નહિ. કારણ માતાનો વિનય એ તો આત્મોન્નતિનાં દ્વારભૂત છે.

માતાની પેઠે પિતાનો વિનય કરવાનું પણ ચૂકવું જોઇએ નહિ.

## પિતાનો વિનય

પિતાનો સ્નેહ કંઇ તોલ્યો તોળાતો નથી. પિતાનો ઉપકાર સંભારીને પુત્ર પુત્રીઓએ પિતાનો વિનય કરવો જોઇએ.

કેટલાક પુત્રો સ્વાર્થ સિદ્ધ થાય એટલે પિતાને યાદ પણ કરતાં નથી. અને સ્ત્રીને વશ થઇ પિતાને જુદા રાખે છે તેમજ વૃદ્ધાવસ્થામાં તેમને સારી રીતે ખવરાવતાં પણ નથી. અને તેમને હલકા માણસની પેઠે રાખે છે. કેટલાક તો ગાળો પણ દે છે અને ઉદ્ધતાઇથી બોલે છે અને લક્ષ્મી તેમજ સત્તા આગળ તેમને તણખલા બરાબર ગણે છે, બીજા કેટલાક એવા પણ છે કે જે પોતાના પિતાને પિતા તરીકે ઓળખાવતાં પણ શરમાય છે. આવા પુત્રો પોતાનું તથા પરનું કલ્યાણ કરી શકતા નથી.

હે પુત્ર પુત્રીઓ! વિનય સર્વમંત્ર શિરોમણિ છે. પિતાનો વિનય કરશો તો તમે વિદ્યાગુરુ તથા ધર્મગુરુનો પણ વિનય કરી શકશો.

## વિદ્યાગુરુનો વિનય

વિદ્યાગુરુનો વિનય કરવાથી અનેક મનુષ્યો ઇચ્છિત સિદ્ધિને પામ્યા છે.

કેટલાક શિષ્યો એમ સમજે છે કે વિદ્યાગુરુ ધન લઇને અમને ભણાવે છે

તો અમારે શા માટે તેમનો વિનય કરવો જોઇએ? કિંતુ તેઓ વિચારશે તો માલુમ પડશે કે ગમે તેટલું ધન આપવામાં આવે તો પણ વિનય વિના વિદ્યા પ્રાપ્ત થતી નથી.

એક ભિલ્લે વનમાં માટીના દ્રોણ-ગુરુ બનાવ્યાં અને તેમના વિનય કર્યો. તેથી ભિલ્લના આત્મામાં રહેલી ગુપ્ત શક્તિયો ખાલી નીકળી. અને તે ભિલ્લ અર્જુન કરતાં ધનુર્વિદ્યામાં વિશેષ કુશળ થયો. આમ વિનયથી વિદ્યાની પ્રાપ્તિ સારી રીતે થાય છે. તેમજ વિદ્યાગુરુનો યથાયોગ્ય વિનય સાચવવાથી વિદ્યાર્થી ઘણું મેળવી શકે છે.

## મોટાનો વિનય

પોતાનાથી ઉંમરમાં, જ્ઞાનમાં તેમજ સદાચરણમાં મોટા હોય તેમનો ઘટતો વિનય કરવો જોઇએ કારણ મોટાઓનો વિનય કરવાથી તેઓ હૃદયની વાત આપે છે.


દિપાવલીના અભિનંદન

હાઈડ્રોલીક પ્રેસરથી બનાવેલ

Hind FLOORING TILES

નોજ આગ્રહ રાખો........

જે સુંદર અને ટકાઉપણા માટે પ્રખ્યાત છે. આર. સી. સી. મ્યુનિસિપાલિટી, પી. ડબલ્યુ. ડી., રેલ્વે, મીલો તેમજ લોકલબોર્ડને લગતી દરેક વસ્તુ ઓર્ડરથી બનાવી આપીશું.

હિન્દુસ્તાન સીમેન્ટ પાઈપ એન્ડ કોન્ક્રિટ કન્સ્ટ્રકશન કું.

ઓફિસઃ—ઓચ્છવલાલ ગોરધનદાસ શાહ

ટાઇલ્સ, સનેટરી, વેર્સ અને પાઇપ ફીટીંગના વેપારી.

(ગ્રામ : ઉત્સવ) ખાડીયા, ચાર રસ્તા અમદાવાદ ટે. નં. ૫૨૨૯૨

ફેક્ટરી : સુવેઝફાર્મ રોડ, કેલીકો મીલ પાસે, અમદાવાદ ટે. નં. ૫૧૬૩૬

સીમેન્ટ કોન્ક્રીટ કામની અમારી ફ્રી સર્વિસનો લાભ લો.

મોટાઓની આજ્ઞા પાળવાથી અનેક પ્રકારની સિદ્ધિ થાય છે. આજ્ઞા પાળવી એ પણ વિનય જ છે.

શબ્દ માત્રથી વિનય કંઈ ફળ આપતો નથી પણ વિનયનો જે બહોળો અર્થ થાય છે તે પ્રમાણે વર્તવાથી જ આત્માનું હિત થાય છે. તે પ્રમાણે મોટાઓની સાથે ઉચિત વિનયથી વર્તનાર જીવ દુઃખમય જીવન પણ સુખમય કરી શકે છે.

## પતિનો વિનય

સ્ત્રીને શાસ્ત્રોમાં અર્ધાંગના કહી છે. સ્ત્રીએ પતિનો મન, વચન અને કાયાથી સાચવવો જોઇએ.

કેટલીક સ્ત્રીઓ અણસમજથી ઘરેણાં તથા મૂલ્યવાન વસ્ત્રોને માટે પતિને પજવે છે, છણકા કરે છે, મહેણાં મારે છે અને કંટાળીને કહે છે કે "ભોગ લાગ્યા કે આવો ધણી મળ્યો ? પણ તેઓ વિચારશે તો માલુમ પડશે કે જેવું કર્મમાં હતું તેવું થયું માટે હવે ખરાબ વિચારો કરવાથી ફાયદો નથી. અને ગમે તેવો પતિ હોય તેથી શું થયું ? સ્ત્રીએ તો પતિનો વિનયધર્મ છોડવો જોઇએ નહિ.

તેવી રીતે પુરૂષે પણ સ્ત્રી તરફ શુભ લાગણીથી જોવું જોઇએ. જેવો પોતાનો આત્મા છે તેવો સ્ત્રીનો આત્મા છે. પુરુષ પણ શિવપદ પ્રાપ્ત કરે છે અને સ્ત્રી પણ શિવપદ પ્રાપ્ત કરે છે.

કેટલાક પુરુષો એમ વિચારે છે કે સ્ત્રીએ પતિવ્રતાના ધર્મ પાળવા જોઇએ. પતિ તો ગમે તે ચાલ ચાલે પણ સ્ત્રીને તેવો હક્ક નથી. કેટલાક તો એક સ્ત્રી છતાં બીજી સ્ત્રી પરણે છે ત્યારે નવી સ્ત્રીના પ્યારમાં મશગુલ બની જુનીને અનેક પ્રકારે દુઃખ આપે છે અને વિચારે છે કે જુની મરી જાય તો ઠીક. આવા આવા અર્ધાંગનાના સંબંધમાં પાપ વિચારો કરે છે તે હૃદયથી નિર્દય જાણવા.

કેટલાક પુરુષો સ્ત્રીઓને પતિવ્રતા ધર્મ સાચવી રાખવા પડદામાં પુરે છે પણ તે પતિવ્રતા ધર્મ રક્ષણ માટે પ્રબલ સાધન નથી. જ્ઞાનથીજ પતિવ્રતા ધર્મનું પાલન થાય છે પણ પડદામાં ગુંગળાવી પુરી રાખવાથી કંઈ તેના મનમાં પ્રગટતા કામના ખરાબ વિચારો રોકી શકાતા નથી. જો કે આ સ્થળે સ્ત્રીએ પતિનો કેવી રીતે વિનય કરવો તેનું વર્ણન છે અને તેથી વિષયાંતર થયો છે તો પણ પ્રસંગોપાત કેટલુંક વિવેચન કર્યું છે.

## ધર્માચાર્યનો વિનય

દરેક મનુષ્યના ધર્મગુરુ એક નથી હોતા, જગતમાં ધર્મગુરુ કોણ છે અને કોના આત્મતત્ત્વની સમ્યક્ શ્રદ્ધા થઇ તે વિચારવાની જરૂર છે.

ધર્માચાર્યના અપૂર્વ બોધથી આત્મ જીવનમાં અપૂર્વ તેજ પ્રગટે છે. અંત-

રની ચક્ષુ ઉઘડે છે, જીવનો શિવ બનાવનાર ધર્મગુરુ છે અનાદિકાળની અશુદ્ધ પરિણતિથી આત્માને દૂર કરાવનાર શ્રી સદ્ગુરુ છે.

જે ભવ્ય પુરુષો ધર્માચાર્યનો ચઢતે ભાવે વિનય કરે છે અને આત્મ-સ્વરૂપ રમણતાની ખુમારીમાં મગ્ન રહે છે મને નમસ્કાર થાઓ.

આચાર્ય તથા ઉપાધ્યાય આદિ સંત મુનિવરોનો વિનય દેવદર્શનની પેઠે અમોઘ ફળ આપનારો થાય છે.

સંત પુરુષો સદ્ગુણો આપવા તૈયાર છે પણ તમે તમારા આત્માને વિનય યોગ્ય કરશો તો તમને મહાત્માઓ સર્વ વિદ્યાઓ આપશે.

આમ ભક્તિ અને બહુમાનથી કરેલો વિનય સત્યફળને આપે છે.

વિનય વશીકરણ કરતાં બીજી વશીકરણ વિદ્યા જેવી મોટી નથી. યોગ્ય ક્ષેત્ર કાલમાં જ્યાં જેનો જેવો ઘટે તેવો વિનય કરવો જોઇએ. હે ભવ્યો! વિનયનો ઉત્તમ મહિમા જાણી તેનું હમેશા સેવન કરો.

### વિવેક રત્ન

સત્પુરુષોએ વિવેકને દશમો નીધ કહ્યો છે. જગતમાં હેય શું છે, ઉપાદેય


## નૂતન વર્ષાભિનંદન

કાપડની ખરીદીએ નીકળતાં આ સ્થળની અવશ્ય મુલાકાત લો

કારણ

એકજ વખતની મુલાકાતે આપ અમારા કાયમી ગ્રાહક બની જશો.

## શાહ બચુભાઇ નંદલાલ

**ધોતીયાવાળા**

**A Binny Registered Seller.**

મૂળજી જેઠા મારકીટ, દાદર ગલીના નાકે, ઝવેરી બજાર, મુંબઇ ૨.

**અમારે ત્યાંથી**

હરેક મિલોના ધોતીયા, સાડીઓ, પોપલીન શર્ટીંગ, મલમલ, લોંગકલોથ વિગેરે કાપડ મિલના છાપેલા ભાવે મળશે.

**Govt. Approved Cloth Shop. No. C/22**

શું છે, જ્ઞેય શું છે તેનું યથાર્થ જ્ઞાન થયા વિના વિવેક પ્રગટયો એમ કહેવું તે હાસ્યજનક છે.

વિવેકી મનુષ્ય સત્યા સત્યનો વિચાર કરી શકે છે. યોગ્ય અને અયોગ્ય કૃત્ય સમજી શકે છે. દેવ, ગુરુ અને ધર્મનું યથાર્થ સ્વરૂપ તે જાણી શકે છે. મનુષ્યનાં હૃદયમાં વિવેકરૂપ સૂર્યનો ઉદ્‌ભવ થતાં અજ્ઞાનરૂપ અંધકાર રહેતો નથી.

વિવેકી મનુષ્ય અમૃતને અમૃત ગણે છે અને ઝેરને ઝેર ગણે છે. જ્યારે અવિવેકી તેથી ઉલ્ટું ગણે છે. આમ વિવેકી અને અવિવેકીની દૃષ્ટિમાં મહાન ભેદ છે.

વિવેકના બે ભેદ પડે છે. સાંસારિક વિવેક અને ધાર્મિક વિવેક.

સંસારમાં અનેક પ્રકારનો વિવેક સાચવવો પડે છે, આથી માણસે સાંસારિક વિવેક રાખવો જરૂરી છે.

ધાર્મિક વિવેક પ્રગટયા વિના ખરી શાંતિ મળતી નથી. કયો ધર્મ ખરો છે અને તે કઈ અપેક્ષાએ તેનો પૂર્ણ ખ્યાલ ધાર્મિક વિવેક વિના થતો નથી. ચિલાતી પુત્ર સદ્‌ગુરુના ઉપદેશથી ઉપશમ, સંવર અને વિવેક એ ત્રણ રત્ન પામી પરમાત્મપદને પામ્યા. આ દૃષ્ટાંતથી સમજવાનું કે જ્યારે વિવેકની પ્રાપ્તિ થાય છે ત્યારે પરમાત્મ દશા પ્રગટે છે.

## મૈત્રી રત્ન

સર્વ જીવો મારા સમાન છે. જે જીવો પશુ પંખીનામાં પોતાના સમાન અન્ય આત્માઓનો વાસ છે એમ માને છે તે જ પશુ પંખીઓના મિત્ર થઈ શકે છે. અન્ય જીવોનો નાશ કરતાં પોતાના આત્માને પાપકર્મ લાગે છે. આ સિદ્ધાંત જ્યારે અનુભવવામાં આવશે ત્યારે બીજા જીવોની દયાના પરિણામ હૃદયમાં પ્રગટશે. બીજા જીવો પર દયાના પરિણામ મૈત્રી ભાવનાના યોગે થાય છે. માટે મૈત્રીભાવનાની ઘણી જરૂર છે.

ભવ્યો ! તમે જો મૈત્રીભાવનાને ઇચ્છશો તો મૈત્રીભાવના તમને પ્રાપ્ત થશે.

મૈત્રીભાવના મારા આત્મામાં છે અને તે ભાવના હું ખરેખર ધારણ કરીશ. મૈત્રીભાવનાથી હું વ્યાપ્ત છું કારણ પ્રસંગે મૈત્રીભાવનાના ઉપયોગમાં રહીશ—આ પ્રમાણે દૃઢ સંકલ્પ કરવો. તેમ કરવાથી મૈત્રીભાવનાની પુષ્ટિ થશે અને ક્ષણે ક્ષણે જીવન આનંદમય અને વિકાસ પામતું જણાશે.

જો કે મૈત્રી એ બે અક્ષરની જ બનેલી છે પરંતુ તે બે અક્ષરમાં એટલી શક્તિ છે કે તે માનવીને મુક્તિપુરીમાં લઈ જાય છે.

અને આ મૈત્રી માટે પરદેશ જવાનું નથી ટાઢ તડકામાં પડી રહેવાનું નથી તેમજ તેના માટે ધન પણ ખર્ચવું પડે તેમ નથી. ગમે ત્યાં અને ગમે

તેવી અવસ્થામાં પણ તમે મૈત્રીભાવના રાખી શકો છો તો હે ભવ્યો! તમે પરમ પ્રેમથી આ મૈત્રીભાવના દિલમાં રાખો.

### દયા રત્ન

દયા ધર્મની માતા છે. જેમ માતા પુત્રને ઉછેરે છે તેમ દયા પણ ધર્મરૂપ પુત્રને પાળીને ઉછેરે છે. ખરેખર ત્રણ ભુવનમાં દયા સમાન કોઈ ઉત્તમ ધર્મ નથી.

દરેક માણસની નિર્મળ બુદ્ધિ કરનાર દયા છે. દયા વિના કોઈ યોગ-માર્ગમાં પ્રવેશ કરી શકતો નથી. દયાવાન સર્વ શાશ્વત સુખના સંયોગો મેળવી શકે છે. સર્વ જીવોની દયા પાળનાર અવશ્ય પરમાત્મપદ પ્રાપ્ત કરી શકે છે.

સર્વ જીવોનું ભલું કરવું, કોઈ જીવનું બૂરું ઈચ્છવું નહિ તે દયામાં સમાય છે.

પરમેશ્વરના નામના પોકારો કરી કરીને સ્તુતિ કરો પણ જ્યાં સુધી દયા નથી ત્યાં સુધી તે પોકારો અરણ્યમાં રૂદન સમાન છે. પરમેશ્વરના નામની માળાઓ ગણો પણ જ્યાંસુધી હૃદયમાં દયાદેવીએ વાસ કર્યો નથી ત્યાં સુધી માળાઓના ઢગલાથી કંઈ થઈ શકતું નથી. માટે આડા અવળા શા માટે ભટકવું જોઈએ. દયા કરો તો તમારા આત્મામાં જ મુક્તિ છે.

દયાના મુખ્યતાએ બે ભેદ પડે છે. દ્રવ્યદયા અને ભાવદયા. તેમાં જીવોના પ્રાણોનું રક્ષણ કરવું તેને દ્રવ્યદયા કહે છે અને જીવોના જ્ઞાન દર્શનાદિ ભાવ પ્રાણોનું રક્ષણ કરવું તેને ભાવદયા કહે છે. દ્રવ્યદયાથી જીવ પુણ્યાદિક પ્રાપ્ત કરી ઉત્તમ ગતિ પ્રાપ્ત કરે છે જ્યારે ભાવદયાથી જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ લક્ષ્મી પામી જીવ મોક્ષ પ્રાપ્ત કરે છે.

ભાવદયા બે પ્રકારની છે. સ્વભાવદયા અને પરભાવદયા. પોતાના આત્માની જ્ઞાનાદિ ગુણથી ઉન્નતિ કરવી આત્માના સહજ રૂપમાં રમણતા કરવી,

*Phone : 76956*　　*Gram :* **HOODCOVER**

# K. Hiralal & Co.

**Dealers in :—**

Motor body fittings, Upholstery material, Water-proof canvas and All Sorts of P. V. C. Leather cloth & Etc.

228–30, Maulana Azad Road, **Bombay–8.**

તે સ્વકીય ભાવદયા કહેવાય છે. અને અન્ય આત્માઓને તત્ત્વબોધ આપીને સમ્યકત્વનો લાભ આપવો તે **પરભાવ દયા** કહેવાય છે.

દ્રવ્યદયા તો ઘણીવાર થઇ પણ ભાવદયા વિના ભવનો અંત આવ્યો નહિ. દ્રવ્યદયા અત્યંત ઉપયોગી છે પણ ભાવ દયાની પ્રાપ્તિ થાય તો જ ભવનો અંત આવે.

જીવાદિક નવતત્ત્વ, ષડ્દ્રવ્ય, અને સાત નય વગેરે સૂક્ષ્મ તત્ત્વોનું પરિપૂર્ણ જ્ઞાન થતાં દયાનું સ્વરૂપ સમજાય છે. જે જે અંશે જેવા જેવા પરિણામની ધારાએ દયા થાય છે તે તે અંશે તેનું ફળ પ્રાપ્ત થાય છે.

દયાની ભાવના પોતાના આત્માને પરમાત્મા બનાવે છે. જે પોતાના આત્માને જ્ઞાન સમાધિથી ભાવે છે તે પરમાત્મા થાય છે અને તે સર્વ જીવોની પરમદયા કરે છે. એવી દયા સર્વ જીવોને પ્રાપ્ત થાઓ.

### સત્ય રત્ન

સત્યથી મોટો બીજો કોઇ ધર્મ નથી. સત્યમાં જગત આખાનો સમાવેશ થાય છે.

આત્મા જ્ઞાનથી સત્ય અને અસત્ય સમજી શકે છે. સર્વજ્ઞ થયા વિના સર્વથા સત્ય સમજાતું નથી. આથી માણસમાં જેટલા અંશે જ્ઞાન હોય છે તેટલા અંશે તે સત્ય સમજી શકે છે.

જેમ જેમ સત્ય સમજવામાં આવે છે તેમ તેમ માણસ સત્યને સત્ય તરીકે સ્વીકાર કરે છે. દા. ત. જેમ કોઇ માણસને ઘડાનું જ્ઞાન થતાં ઘડાને ઘડો જ કહેશે. પછી તેને તે પટ નહિ કહે, તેમજ જીવનું જ્ઞાન થતાં જીવને તે જીવ જ કહેવાનો પુણ્યને પુણ્ય જ કહેવાનો, અને પાપને પાપ તરીકે જ તે સમજવાનો.

સત્ય બોલવાથી પોતાને તેમજ બીજાને લાભ થાય છે જ્યારે અસત્ય બોલવાથી બંનેને—પોતાને અને બીજાને નુકશાન થાય છે. સત્ય બોલવાથી પુણ્ય થાય છે અને અસત્ય બોલવાથી પાપ થાય છે. સત્ય બોલવાથી ધર્મની ઉત્પત્તિ થાય છે અને અસત્ય બોલવાથી ધર્મનો નાશ થાય છે.

પ્રિય, પથ્ય અને તથ્ય વચન બોલવું તે સત્ય વ્રત કહેવાય છે. અપ્રિય અને અહિત બોલવું તે સત્ય હોય તો પણ તે અસત્ય જ કહેવાય છે. કાણાને કાણો કહેવો અને વ્યભિચારીને વ્યભિચારી કહેવો તે સત્ય વચન હોવા છતાં પણ તેનાથી સામાની લાગણી દુભાતી હોવાથી તે અસત્ય વચન કહેવાય છે.

સત્ય બોલનારને પ્રારંભમાં અનેક જાતની મુશ્કેલીઓ ભોગવવી પડે છે. અસત્ય બોલવાની અણી ઉપર આવવું પડે છે. કયારેક આત્મધૈર્ય તેમજ

વિશ્વાસ પણ ડગી જાય છે. તો પણ જે ધીર પુરૂષો છે તે દુ:ખના અનેક પ્રસંગોમાં પણ સત્ય જ બોલે છે.

સત્ય ભાષા દશ પ્રકારની છે. ૧ જનપદ સત્ય, ૨ સમ્મતસત્ય, ૩ સ્થાપનાસત્ય, ૪ નામસત્ય, ૫ રૂપ સત્ય, ૬ વ્યવહાર સત્ય, ૭ ભાવ સત્ય, ૮ યોગ સત્ય, ૯ પ્રતીત્ય સત્ય, અને ૧૦ ઔપમ્ય સત્ય.

તેમજ અસત્ય ભાષાના પણ દશ પ્રકાર છે. ૧ ઉત્પન્ન મિશ્રિત, ૨ વિગત મિશ્રિત, ૩ ઉત્પન્ન વિગત મિશ્રિત, ૪ જીવ મિશ્રિત, ૫ અજીવ મિશ્રિત, ૬ જીવાજીવ મિશ્રિત, ૭ અનંત મિશ્રિત, ૮ પરીતમિશ્રિત, ૯ અદ્ધામિશ્રિત, ૧૦ અદ્ધાદ્ધા મિશ્રિત.

આ પ્રમાણે સત્યને સત્ય તરીકે જાણી તેમજ અસત્યને અસત્ય તરીકે ઓળખી હે ભવ્યો! તમે પ્રાણાંતે પણ અસત્ય બોલશો નહિ. અને ઉત્સર્ગ તેમજ અપવાદ માર્ગને સમજી સત્ય વ્રતમાં સ્થિર રહેશો.

### અસ્તેય

ચોરી કરવાથી પોતાને અને બીજાને શાંતિ મળતી નથી. જે જીવો ચોરી કરે છે તે પારકાના પ્રાણનો નાશ કરે છે.

ચોરી કરતાં ચોરના આત્માનું ધન લૂંટાય છે. દુર્ગુણોરૂપી ચોરો ચોરના ઘરની જ ચોરી કરે છે. ચોરના મનમાં જે જે ખરાબ વિચારો થાય છે તે ખરાબ વિચારો પોતે જ

With Best Compliments From :

**SHAH METAL PRESSING WORKS**

Manufacturers and Dealers in :—

**Non-Magnetic Stainless Steel**
**Household Utensilwares,**
**Spoon cutleries and Metal Novelties.**

**Regd. Office :**
*201, Khetwadi Main Road,*
*Opp. Moti Mansion, B, Block,*
**BOMBAY-4.**

**Factory :**
*Amin Ind Estate*
*Sonawala Cross Road,*
*Goregaon (East)*
**BOMBAY-62.**

ચોરના આત્માની જ્ઞાન, દર્શન, અને ચારિત્રરૂપી ઋદ્ધિને લૂંટે છે. પરંતુ ચોર આ દુર્ગુણોરૂપી ચોરોને જોઈ શકતો નથી. આમ ચોર બીજાની ચોરી કરે છે એમ માને છે પણ વાસ્તવમાં તો તે પોતે જ છેતરાય છે.

ચોરીનો ત્યાગ કરવાથી સુખી થવાય છે તેના શાસ્ત્રોમાં અનેક દૃષ્ટાંતો છે. માટે હે ભવ્યો! મન, વચન અને કાયાથી ચોરી કરવી નહિ, કરાવવી નહિ અને ચોરી કરતો હોય તેની પ્રશંસા કરવી નહિ.

**બ્રહ્મચર્ય રત્ન.**

પુરુષો અને સ્ત્રીઓએ પરસ્પરના સંભોગનો ત્યાગ કરવો તેને સામાન્યતઃ બ્રહ્મચર્ય કહે છે.

બ્રહ્મચર્યના બે ભેદ છે. દેશથકી બ્રહ્મચર્ય અને બીજું સર્વથકી બ્રહ્મચર્ય પોતાની સ્ત્રી સિવાય બીજી સ્ત્રીઓની સાથે મૈથુનનો ત્યાગ કરવો તેને દેશથકી બ્રહ્મચર્ય કહે છે અને પોતાની તેમજ બીજી પરસ્ત્રીઓ સાથેના મૈથુન ત્યાગ ભાવને સર્વથકી બ્રહ્મચર્ય કહે છે.

બ્રહ્મચર્ય રાખવાથી મંત્ર સાધતાં મંત્રો ફળ આપે છે. અને દેવતાઓ પણ સહાય કરે છે. જે પુરુષો બ્રહ્મચર્ય ધારણ કરે છે તે નવનિધિ પામે છે. બ્રહ્મચર્યથી દેશ તેમજ ધર્મનો ઉદ્ધાર થાય છે. આ બ્રહ્મચર્ય પાળવામાં કંઈ ખર્ચ કરવું પડતું નથી.

હે ભવ્યો યાદ રાખો કે સોનાનાં દેરાસરો કરાવવા કરતાં પણ બ્રહ્મચર્યના પાલનથી વધુ પુણ્ય બંધાય છે.

**સંતોષ રત્ન**

સંતોષ સમાન સુખ નથી. આ સંતોષથી મોક્ષના સુખનો અનુભવ થાય છે.

જગતમાં પ્રાણીઓ અસંતોષી વૃત્તિથી કદીને સુખ પામી શકતાં નથી. જ્યાં જુઓ ત્યાં અસંતોષ (લોભ) ફેલાયેલો માલુમ પડે છે. પરંતુ સંતોષરૂપ અમૃતના પાન વિના જગતના જીવો કદી શાંત થયા નથી અને થવાના પણ નથી.

હે મનુષ્ય! જો તું કંઈ સમજતો હોય તો અસંતોષમાં શા માટે પડી રહે છે? અને આટલું યાદ રાખજે કે જ્યાં સુધી તું સંતોષને ધારણ કરીશ નહિ ત્યાં સુધી તારી બધી વિદ્યા, ચતુરાઈ, હુશીયારી, પંડિતાઈ અને બહાદુરી બધી નકામી છે. માટે જે મળ્યું તેટલામાં સુખ માની લે. તારા કર્મમાં હશે તેટલું જ તને મળનાર છે. વધારે મળનાર નથી. ગમે ત્યાં જાઓ પણ તમને જેટલું મળવાનું હશે તેટલું જ મળશે. માટે હે ભવ્ય! તું સંતોષ ધારણ કર! અને 'હું સંતોષમય છું, મારામાં સર્વ છે અને સંતોષથી હું પરમ સુખ મેળવી શકું એવી મારામાં

શકિત છે'–એવો દૃઢ સંકલ્પ કર. આમ થવાથી શરીર છતાં પણ મુક્તિના સુખ તું ભોગવી શકીશ.

### શ્રદ્ધા રત્ન

કોઈ પણ પદાર્થ સંબંધી મનની નિશ્ચલતાને શ્રદ્ધા કહે છે. આમ અમુક પદાર્થ આમ જ છે એમ મનમાં જે નિશ્ચય થાય છે તે શ્રદ્ધાના અનેક ભેદ છે. પરંતુ આજે નિશ્ચય કરવામાં આવે છે તે નિશ્ચય પરિપૂર્ણ અંશે સત્ય છે કે કેમ તે પરિપૂર્ણ જ્ઞાન વિના (કેવળજ્ઞાન વિના) તે સંપૂર્ણ અંશે સત્ય છે, એમ કહી શકાય નહિ. આથી કેવળજ્ઞાનીએ જે કહ્યું છે તે જ સત્ય છે. માટે તેમના વચનોમાં અશ્રદ્ધા કરવી નહિ.

કારણ શ્રદ્ધા ન હોય તો પાયા વિનાની ઇમારતની જેમ વ્રતો ટકી શકતાં નથી તેમજ શ્રદ્ધા વિનાનું ચારિત્ર મોક્ષપદ પણ આપી શકતું નથી. આવી ઉત્તમને અમૂલ્ય શ્રદ્ધાને પામવા હે ભવ્યો! તમે અહર્નિશ પ્રયત્ન કરો.

### ભક્તિ રત્ન

ભક્તિ અર્થાત્ સેવા એ નામ બધે જ પ્રસિદ્ધ છે. ભક્તિથી મુક્તિ થાય છે, એમ અનેક જ્ઞાનિયો જયડિંડિમ વગાડીને કહે છે.


WITH BEST COMPLIMENTS
FROM :—

**Amritlal Jagdish Parekh**

Proprietor

# Pritam Agencies

DEALERS IN :

**Dyes, Chemicals & Sizing Materials.**

Tele. :
325513.

165, Samuel Street,
**Bombay–9.**

જગતમાં અનેક ધર્મ પાળનારાએ અનેક રીતે પરમાત્માની ભક્તિ કરે છે. ખરેખર પરમાત્માને પ્રાપ્ત કરવા માટે ભક્તિ સમાન બીજો કોઈ ઉપાય આ જગતમાં નથી. આ માટે એક વિદ્વાન તો એટલે સુધી જણાવે છે કે જેણે ભક્તિનો આનંદ ચાખ્યો નથી તે પરમાત્માને લુખા ભાવથી પ્રાપ્ત કરી શકે નહિ.

આ ભક્તિને દરેક ધર્મવાળાએ પોતાની માનેલી ભક્તિને જ શ્રેષ્ઠ માને છે અને બીજાએ માનેલી ભક્તિનું ખંડન કરે છે તેથી જ આર્ય દેશમાં ધર્મના નામે લોહીની નદીઓ વહે છે અને ખરું પૂછો તો તેથી જ આ આર્ય દેશની પાયમાલી થઈ છે.

જે ભક્તિ પરમાત્માના ગુણો પ્રાપ્ત કરાવનારી હોય, જેનાથી મોહમાયાનો નાશ થતો હોય, આત્મા પોતાનું સહજ સ્વરૂપ પ્રાપ્ત કરતો હોય, જગતમાં શાંતિ સ્થપાતી હોય, કામ-ક્રોધાદિ અનેક દુર્ગુણોનો નાશ થતો હોય, મનની નિર્મળ દશા થતી હોય, પરમાત્માના સ્વરૂપમાં મન ચોંટયું રહેતું હોય, કોઈપણ પ્રાણીનું ખરાબ કરવાની ઇચ્છા થતી ન હોય, પાંચ ઇન્દ્રિયોના વિષય વિકારોનો નાશ થતો હોય, આત્માનું સુખ અનુભવાતું હોય, પોતાનું તેમજ બીજાનું કલ્યાણ થતું હોય, પરમાત્માનું દર્શન તથા પરમાત્મપદની પ્રાપ્તિ થતી હોય, જન્મ-જરા અને મરણનો નાશ થતો હોય, જ્ઞાન, શ્રદ્ધા, દયા, પ્રેમ, ઉપશમ આદિ સદ્ગુણોની વૃદ્ધિ થતી હોય એવા પ્રકારની ભક્તિ કરવી જોઈએ.

## દાન રત્ન

દાન દેવું એટલે પોતાની શક્તિ અનુસારે બીજાઓને કંઈક આપવું. બીજાને દાન આપવાથી પોતાને શો ફાયદો? આમ સ્વાભાવિક પ્રશ્ન થશે. આના ઉત્તરમાં કહેવાનું કે બીજાઓને દાન દેવામાં આપણે જે વસ્તુઓ આપીએ છીએ તેના બદલામાં આપણે ઉત્તમ સુખમય વસ્તુઓ પ્રાપ્ત કરીએ છીએ. માટે જ દાન આપવાની ખાસ જરૂર છે.

દાન દેવાથી માનસિક, વાચિક અને કાયિક સર્વ દોષો ઉત્તરોત્તર નાશ પામતા જાય છે. દાન દેનાર દાનના પ્રતાપથી ધર્મનું બીજ વાવે છે.

સૂત્રમાં આ દાનના પાંચ પ્રકાર કહ્યાં છે—અભયદાન, સુપાત્રદાન, ઉચિત-દાન, અનુકંપાદાન અને કીર્તિદાન.

આ પાંચ પ્રકારનાં દાનોમાં અભય-દાન જેવું બીજું કોઈ દાન નથી. દ્રવ્ય અને ભાવ અભયદાન સમજવું જોઈએ. જીવોના પ્રાણ બચાવવા તે અભયદાન છે અને સ્વ અગર અન્ય જીવોના જ્ઞાન, દર્શન અને ચારિત્ર ગુણો ખીલે તેમજ તે ગુણોનું રક્ષણ થાય તેમ બોલવું, તેવો ઉપદેશ દેવો,

તેવી પ્રવૃત્તિ કરવી, આત્માના ગુણોનું રક્ષણ કરવું, અનંત ભવના દુઃખોથી આત્માને તેમજ અન્ય આત્માઓને છોડાવવા, સમકિત તથા ચારિત્રનો ઉપદેશ આપવો, શ્રી વીરપ્રભુનાં તત્વો ઉપદેશવા આત્મજ્ઞાન, ધ્યાન કરવું ઇત્યાદિ ભાવ અભયદાન જાણવું. ધર્મનું મૂળ અભયદાન છે. દ્રવ્ય અભયદાનથી દેવલોકનાં સુખ અને ઉત્તરોત્તર સિદ્ધનાં સુખ મળે છે અને ભાવ અભયદાન પૂર્ણ હોવાથી તુર્ત જ મોક્ષનાં સુખ મળે છે.

### આત્મજ્ઞાન રત્ન

આત્મજ્ઞાનની મહત્તાની અવધિ નથી. સર્વ વસ્તુમાં સારમાં સાર હોય તો તે આત્મજ્ઞાન છે.

આત્માનું જ્ઞાન કરવા માટે શ્રી સદ્‌ગુરુની ઉપાસના-કરવાની જરૂર છે. ગુરુની કૃપાથી તેઓ પોતે જે બોધ આપે છે અને તેનાથી જે કંઇ અસર થાય છે તેવી અસર પોતાની મેળે પુસ્તકો વાંચવાથી થતી નથી.

આત્માના ત્રણ ભેદ છે. બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા. આ ત્રણ આત્માઓનું સ્વરૂપ સમજવાથી પોતે કયો આત્મા છે તેનો અનુભવ થાય છે.

મન-વાણી અને કાયાને આત્મા

For Every Type of
ART SILK AND NYLON

**R. C. Fabrics**

★ Contact ★

R. CHIMANLAL & CO.

240, Gandhi Galli,
Swadeshi Market, Kalbadevi,
**BOMBAY-2.**

Phone : 29183 : 23169.

માનનાર તેમજ મિથ્યાત્વ દશામાં વર્તનારને બહિરાત્મા કહેવામાં આવે છે.

શરીર, પાણી અને મનથી આત્માને ભિન્ન માનનારને અંતરાત્મા કહેવામાં આવે છે.

જ્યારે જે અંતરાત્માઓ તેરમા ગુણઠાણે જઇ કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે તેઓ સયોગી પરમાત્મા કહેવાય છે અને જે અયોગી થઇ મુક્તિમાં જાય છે તેઓ અયોગી, સિદ્ધ, બુદ્ધ પરમાત્માઓ કહેવાય છે.

જે અંતરાત્માઓ કર્મનો ક્ષય કરે છે તે સર્વ પરમાત્માઓ થાય છે. આવી સિદ્ધદશા પ્રાપ્ત કરવા માટે આત્માની જરૂર છે.

આંધળા અને દેખતાં મનુષ્યોમાં જેમ ફરક છે તેમ જ્ઞાનિયો અને અજ્ઞાનિયોમાં ફરક છે. આત્મજ્ઞાની આત્માના ગુણોને અભ્યાસબળ વડે ખીલવે છે. ક્રોધાદિક દુષ્ટ શત્રુઓનો જ્ઞાનથી તેઓ ક્ષય કરે છે. આત્મજ્ઞાનિયો પરમાત્મપ્રતિ સાધ્યબિંદુ કલ્પે છે. જગતના પદાર્થો ઉપર તેઓની ઉદાસીનવૃત્તિ રહે છે. બાહ્યની ઉન્નતિમાં તેઓનું ચિત્ત લાગતું નથી. તેઓ મનના ધર્મોને વશ કરે છે માટે માનવ બંધુઓએ આત્મજ્ઞાન મેળવી મુક્તિ તરફ પ્રયાણ કરવું જોઇએ.

## સમાધિરત્ન

જે દશામાં મનના વિકલ્પોનો નાશ અને આત્માની સહજપણે સ્થિરતા અનુભવાય છે તેને સમાધિ કહેવાય છે.

સમાધિની પ્રાપ્તિ માટે અધ્યાત્મજ્ઞાનની અત્યંત જરૂર છે. આ સમાધિ દશામાં ધ્યાતા, ધ્યેય અને ધ્યાન એ ત્રણેયની એકતા અનુભવાય છે. પોતાના જ્ઞાનાદિ ગુણોમાં તન્મયતા અનુભવાય છે રાગદ્વેષના સંકલ્પ વિકલ્પના અભાવે નિર્વિકલ્પદશાનો અનુભવ થાય છે.

જેમ જેમ આત્મજ્ઞાનની ઉચ્ચ દશા થતી જાય છે, બાહ્યમાં થતો અહંમમત્વ ભાવ ઉતરતો જાય છે, રાગ અને દ્વેષની પરિણતિ મંદ પડતી જાય છે તેમ તેમ સમાધિ દશામાં વિશેષ વખત સુધી કહેવાય છે,

આવી સમાધિ પામવા ધ્યાન કરો. ઉદ્યમ કરો, મનની એકાગ્રતા કરો અને સહજાનંદના ભોક્તા બનો. એ જ હિતાશીઃ

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

—ગુણવંત શાહ

# સમાલોચના

# છાસ નહિ માખણ

**જગદુદ્ધારક ભગવાન મહાવીર**

**શ્રી અંબેલાલ નારણજી જોશી**

બી. એ. એલએલ. બી.,
લેખક અને પ્રકાશક

પ્રાપ્તિ સ્થાનઃ—ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રસ્તો, **અમદાવાદ**

**કિંમત : ત્રણ રૂપિયા.**

શ્રી અંબેલાલ જોશી આપણા ગુજરાતી સાહિત્યના એક ખ્યાતનામ લેખક છે. જીવન ચરિત્રો લખવાની તેમને સારી એવી હથોટી છે. આપણા રાષ્ટ્રના મહાન નેતાઓના તેમણે વિસ્તૃત તેમજ સંક્ષિપ્ત જીવન ચરિત્રો લખ્યાં છે. (ગાંધીજી, સરદાર, મોરારજી દેસાઇ, રાજેન્દ્રપ્રસાદ વગેરે.) શ્રી જોશીના એકરાર પ્રમાણે (પ્રસ્તાવનામાં) જગદુદ્ધારક ભગવાન મહાવીરનું **"સંક્ષિપ્ત જીવન ચરિત્ર"** આજ સુધી અન્ય લેખકોએ લખેલા ભગવાનના જીવન ચરિત્રોમાં એક આગવું સ્થાન મેળવે છે.

આ આખું પુસ્તક વાંચી ગયા પછી મને ન થવો જોઇતો સવાલ થયો કે આ જીવન ચરિત્ર શું શ્રી જોશીએ લખ્યું છે? કારણ જીવન ચરિત્રને પોષક એવી મબલખ ઘટનાઓ ને હકીકતો ભગવાન મહાવીરના જીવનમાં બની છે છતાં પણ એ હકીકતો અને ઘટનાઓને સાંકળીને, ભગવાનનું એક સંપૂર્ણ ચિત્ર જે ઉપસી આવવું જોઇએ તેવું સંપૂર્ણ ચિત્ર શ્રી જોશી આ પુસ્તકમાં ઉપસાવી શકયા નથી. તેમણે પોતે જ લખેલ અન્ય ચારિત્રોમાં જે ચારિત્ર નાયકની સળંગ જીવન કથા વાંચવા મળે છે તેવી સળંગ કથા ભ. મહાવીરની તેઓ અહીં આપી શકયા નથી. તેથી જ સવાલ મારે કરવો પડયો છે.

આ વિધાનને વિગતે જોઇએ. પ્રથમ તો આ પુસ્તકનો ઉઘાડ જ ભગવાનના કોઇ જીવન પ્રસંગને બદલે— **શ્રી મહાવીર પ્રભુઃ એક સંસ્કાર**

દર્શન-એ સંક્ષિપ્ત નિબંધથી થાય છે. અને ઉપસંહારને બાદ કરતાં પુસ્તકનું પૂર્ણવિરામ પણ 'ધર્મચક્ર પરિવર્તન અને જયજયકાર' ના લેખથી આવે છે. તેમજ સળંગ પુસ્તકની વિષય વહેંચણી (કુલ ૧૧ પ્રકરણો છે.) પણ એવા પ્રકારની છે કે તે વાંચતાં આ પુસ્તક ભ. મહાવીરનું– **'સંક્ષિપ્ત જીવન ચરિત્ર'** છે એવી જરાય છાપ પડતી નથી.

પરંતુ કોઈ રખે માની લે કે આ જીવન ચરિત્ર નથી એટલે તેમાં કંઈ જ માલ નથી. આ પુસ્તકમાં ભલે સળંગ ઘટનાઓ નથી પરંતુ શ્રી જોશીએ ભગવાનના જીવનને જે જે વિવિધ દૃષ્ટિકોણથી વિચાર્યું છે તેનું મૂલ્ય જીવન ચરિત્ર કરતાં પણ સવિશેષ છે. **મહાવીર પ્રભુ: એક સંસ્કાર દર્શન, મહાવીર પ્રભુના જીવન ઉપરથી ઉપજતા વિચારો, ભગવાન મહાવીરે સર્જેલી મૌલિક ક્રાંતિ**–આ વિષયોમાં શ્રી જોશીએ ભગવાનના જીવન વિષે ઘણી જ ઝીણવટભરી. તટસ્થ અને ઉદાર છણાવટ કરી છે. ભગવાનના જીવન પ્રસંગોનો અભ્યાસ રાખીને શ્રી જોશીએ જે વિશ્લેષણ કર્યું છે તે ખરેખર નોંધપાત્ર અને વિચારણીય છે. અને તેનાથી આપણને ભગવાનના વિરાટ વ્યક્તિત્વનો જે પરિચય થાય છે તે ખરેખર જ હૃદયંગમ છે.

જો કે ભગવાનના વિવિધ પાસાઓને રજુ કરતાં એકની એક વાતને પ્રસંગ બીજા વિષયમાં સામેલ થઈ જાય છે છતાં પણ દરેક વિષયમાં તે નવીનતા જ આણે છે.

આ સિવાય ઉપસર્ગોવાળુ આખુ પ્રકરણ ઘટના તત્ત્વોનું વાર્તારૂપે રૂપાંતર પામેલું હોઈ, વાર્તા શોખીનો માટે વધુ વાંચન ક્ષમ બને છે. આ ઉપસર્ગો વાંચતી વખતે આ. મ. શ્રી વિજયેન્દ્રસૂરિએ લખેલ હિંદી 'તીર્થંકર


**આગામી અંકે વાંચો**

**શ્રી ફતેહચંદ ઝવેરભાઈ લિખિત**

**'શ્રી જૈન દર્શન મીમાંસા**

**અને અન્ય લેખોની'**

**સમાલોચના**

મહાવીર ' નું ચરિત્ર યાદ આવી ગયું, અને એ યાદ આવતાં જ એ બે ચરિત્રો–શ્રી જોશીનું આ પુસ્તક ને તે હિંદી ચરિત્ર બંને સાથે રાખીને વાંચ્યા, એ સહવાંચનથી લાગ્યું કે શ્રી જોશીના આ પ્રકરણ ઉપર એ તીર્થંકર ચરિત્રની ઘેરી અસર પડેલી છે.

સરખાવો તીર્થંકર ચરિત્ર ભા. ૧ પાનુ ૧૩૮ સારી રાત ભટક કર... ભગવાનકો મારને દૌડા...ઉસ સમય ઇંદ્ર અપની સભામેં બેઠા વિચાર કર રહા થા કિ દેખૂં તો સહી કે ભગવાન પ્રથમ દિન કયા કરતા હૈ...

હે દુરાત્મન ! યહ તૂ કયા કરતા હૈ, કયા તુઝે યહ નહિ માલુમ કિ યહ મહારાજા સિદ્ધાર્થ કે પુત્ર "વર્ધમાન કુમાર હૈ ?" ગ્વાલા લજ્જિત હોકર ચલા ગયા.

હવે જુઓ શ્રી જોશીનું પ્રસ્તુત પુસ્તક, પાન નં. ૫૭ આખી રાત ભૂખ્યું ભૂખ્યું ભટકયો...આ પ્રસંગે દેવોના અધિપતિ ઇન્દ્ર પોતાની સભામાં બેસીને વિચાર કરી રહ્યા હતા કે ભગવાન વિહારના પ્રથમ દિવસે શું કરી રહ્યા છે ?...

"હે મૂર્ખ ! આ તું શું આચરી રહ્યો છે ? તને શું એટલીય ખબર નથી કે જેને તું મારવા તૈયાર થયો


# યાદ રાખો

બુદ્ધિપ્રભાના પાંચમા વરસનો આ છેલ્લો અંક છે. ડીસેંબર ૧૯૬૪ માં છઠ્ઠા વરસનો પ્રથમ અંક પ્રગટ થશે.

**નવા વરસનો પ્રથમ અંક મેળવવા માટે આપનું લવાજમ તા. ૧ લી ડીસેમ્બર ૧૯૬૪ સુધીમાં મોકલી આપો.**

જેઓએ નવા વરસનું લવાજમ ભરપાઈ કર્યું છે તે સૌના સહકાર માટે આભારી છીએ. અને અમે આશા રાખીએ છીએ જે વાંચકોનું લવાજમ નવેમ્બર ૧૯૬૪ માં પૂરું થાય છે તે વાંચકો અમને જરૂરથી સમયસર લવાજમ મોકલી આપી આભારી કરશે.

છે તે મહારાજા સિદ્ધાર્થના પુત્ર વર્ધમાન કુમાર છે?" આ સાંભળી ભરવાડ શરમિંદો બનીને તે સ્થળ છોડી ચાલ્યો ગયો.

પાનાની મર્યાદાને લીધે વધુ ઉદ્ધરણ નથી કરતો. પરંતુ હિંદી ચરિત્રનું પાનુ ૨૦૫ ને પ્રસ્તુત પુસ્તકનું પાનુ ૬૭, હિંદી ચરિત્રનું પાનુ ૨૩૨ તેના સામે પ્રસ્તુત પુસ્તકનું પાનું ૭૪, હિંદી પાનું ૨૪૧ અને આ પુસ્તકનું પાનું ૭૯, એ બધા સાથે વાંચવાથી ક્યાંક ક્યાંક લાગશે કે હિંદીનો સીધો અનુવાદ જ આપવામાં આવ્યો છે. એવા થોડા અનુવાદ બાદ કરતાં આ ઉપસર્ગોની લખાવટમાં જેની મૌલિકતા છે, શૈલીની જે પ્રાસાદિકતા છે, શબ્દોનું જે સુંદર સંયોજન છે તેમજ એ પ્રસંગો સાથે છૂટુ છવાયું થોડું ચિંતન છે તે વાંચતાં ખરેખર અસર કરી જાય છે. અને તે આખુંય પ્રકરણ વાંચતાં આપણને ભગવાનના ક્ષમામૂર્તિ, પ્રેમમૂર્તિ, તેમજ વૈરાગી પ્રતિમાના દર્શન થાય છે.

હવે થોડી નોંધપાત્ર ને બીજી આવૃત્તિ વખતે દૂર કરવા જેવી થોડી વિગતો જોઇએ.

(૧) પાન નં. ૧૪ ઉપર સાડાબાર વરસ તપનો ઉલ્લેખ છે પણ ત્યાર પછી એ જ ફકરામાં તેને શબ્દ સંખ્યામાં લખતાં અગીઆર વરસ

**Phone :** 60071/72. Gram : **'SHAPARIA'** Bombay-15.

SHAPARIA

SHIPBUILDERS & ENGINEERS

Registered Office :

**Shaparia Dock & Steel Co. Private Ltd.**

SEWREE, BOMBAY-15.

નોંધાયા છે. પછી ૪૮ માં પાના પર બાર વરસનો ઉલ્લેખ છે જ્યારે પાન નં. ૯૬ પર સાડાબાર વરસનો ઉલ્લેખ છે.

આમ આ તપ વિષે દુનિયા ગોળ છે તેના જેવું બનવા પામ્યું છે. કદાચ મુદ્રણ દોષ કે પ્રુફ ભુલ પણ હોય!
હોય તે, સાડાબાર વરસ તપનો ઉલ્લેખ જોઈએ.

(૩) પાન નં. ૭૬ પર ભ. મહાવીરે ભીષ્મ પ્રતીજ્ઞા (અભિગ્રહ) કરી હતી તેના સંદર્ભમાં આ પ્રમાણે લખાણ છેઃ—

"કોઈ પતિવ્રતા રાજકુમારી દાસીપણાને પામી હોય..."

પતિવ્રતાનો ઉલ્લેખ ખોટો છે. રાજકુમારીનો જ ઉલ્લેખ બધે નોંધાયેલ છે.

(૨) પાન નં. ૪૫ પર—"કૌંડિન્ય ગોત્રની યશોધરા નામે એક રાજકન્યા સાથે તેમના લગ્ન થયાં."

યશોધરા સાથે નહિ પણ **યશોદા** સાથે લગ્ન થયાં હતાં તેમ જોઈએ.

આ ત્રણ મુદ્દા બીજી આવૃત્તિ વખતે ખાસ સુધારો માંગી લે છે.


**'વાઘ' છાપ વાસણ વાપરો.**

**મોટાની મોટી વાતો, નાનાની નાની વાતો,**
**રાજાની રાણી આખું રાજ માંગે છે,**
**રસોડાની રાણી મારી 'વાઘ' માંગે છે.**

આ વાઘ કરડતો નથી, ઘૂરકતો નથી. એ તો પનાલાલ બી. શાહના સ્ટીલના વાસણોનો માર્કો છે.

સ્ટેનલેસ સ્ટીલના વાસણ ખરીદતી વખતે યાદ રાખો—**વાઘ છાપ વાસણ**

**પનાલાલ બી. શાહ** ૨૧, કંસારા ચાલ, **મુંબઈ ૨.**

# શાસન સમાચાર

## આભાર અને અભિવાદન

પરમ પૂજ્ય આચાર્ય દેવેશશ્રી પ્રેમસૂરીશ્વરજી મ. સા. તથા પૂજ્ય મુનિરાજ **શ્રી લબ્ધિવિજયજી** મ. સા. ની શુભ પ્રેરણાથી, શ્રી સાગર ગચ્છ જૈન ઉપાશ્રય પાટણ તરફથી રૂા. ૧૦૧–૦૦

પરમ પૂજ્ય પંન્યાસ પ્રવરશ્રી **સુબોધસાગરજી** મ. સા. તથા પૂજ્ય **મુનિરાજ શ્રી મનોહરસાગરજી** મ. સા.ની શુભ પ્રેરણાથી, શ્રી જૈન સંઘ (પુંધરા) તરફથી રૂા. ૫૧–૦૦

ઉપરોક્ત પ્રણેતાઓ તરફથી 'બુદ્ધિપ્રભા'ના વિકાસ અર્થે અમોને જે ઉપહાર મળ્યો છે તે માટે અમો તે તે શ્રી સંઘ અને પ્રણેતાઓનો આભાર માનીએ છીએ. —તંત્રીઓ

## ક્ષમાયાચના

જુનાઃ ડીસામાં પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ કીર્તિસાગરસૂરીશ્વરજી મ. સા.ની નિશ્રામાં, શ્રી **રાજેન્દ્રકુમાર સ. ધારુમી** (ઉ. વ. ૭) શ્રી **હીતેન્દ્રકુમાર જી. મોદી** (ઉ. વ. ૭) શ્રી **દિનેશચંદ્ર ર. શેઠ** (ઉ. વ. ૮) શ્રી **જીતેન્દ્રકુમાર બા. શાહ** (ઉ. વ. ૭) અને શ્રી **ભુપેન્દ્રકુમાર ર. શેઠ** (ઉ. વ. ૭) આ નાના બાળકોએ ચોષઠ પહોરી પૌષધ કર્યા હતાં. તેઓ તરફથી અમને પ્રગટ કરવા ફોટો મળ્યો હતો પરંતુ મશીનની ખરાબીને લઈ બ્લોક બગડી જવાથી તે અમે પ્રગટ કરી શક્યા નથી. આ માટે અમને તેઓ સૌ ક્ષમા કરે એ વિનંતી.

એજ મશીન ખરાબીના કારણે બોડેલીના ૬૧ ઉપવાસના તપસ્વી પૂજ્ય **મુનિરાજ શ્રી ઓમકારવિજયજીનો** બ્લોક પણ અમે પ્રગટ કરી શક્યા નથી. પૂજ્ય મુનિરાજશ્રી તે માટે અમને ક્ષમા કરે એ જ વિનંતી.

## ડીસા

પરમ પૂજ્ય પ્રશાંતમૂર્તિ, આચાર્ય-દેવેશ શ્રીમદ્ **કીર્તિસાગરસૂરિશ્વરજી**, મ. સા. તથા પૂજ્ય મુનિરાજ **શ્રી ત્રૈલોકયસાગરજી**, મ. સા. આદિ શ્રમણ ભગવંતોની નિશ્રામાં અત્રે પર્યુષણ પર્વની આરાધના થતાં ૧૨૫ ભાઇઓએ ચોસઠ પહોરી પૌષધમાં જોડાયા હતાં. જેમાં સાત-આઠ વરસના બાળકો પણ હતાં. જ્યારે તે બધા મળી વિદ્યાર્થીઓની સંખ્યા સીત્તર જેટલી હતી. **શ્રી પોપટલાલ ધનજી-ભાઇના** ધર્મપત્નિ તેમજ તેમના **પુત્રવધુએ** અઠ્ઠાઇ કરી હતી. આ નિમિત્તે તેઓએ સકલ સંઘનું સાધર્મિક વાત્સલ્ય કર્યું હતું. **શ્રી વાડીલાલ સોભાગચંદ** ચૈત્ય પરિપાટીનો લહાવો લીધો હતો. આ પર્વમાં **જૈનેતર** રબારીભાઇએ પણ અઠ્ઠાઇ કરી હતી.

## મહુડી

પૂજ્ય આચાર્ય ભગવંત **શ્રી ઋદ્ધિસાગરસૂરિશ્વરજી** મ. સા. તથા પૂજ્ય મુનિરાજ **શ્રી મનોજ્ઞસાગરજી** મ. સા.ની શુભ નિશ્રામાં પર્યુષણ પર્વની


PHOTO Emporium

For

Your Photograpic Requirement
Little Rollfilm, Colourilm,
Albums, Papers Chemical,
Equipments & Accessories

Also For

Developing, Printing, Enlarging
and Colouring.

Contact

**Photographic Sales and Services**
19/21, Bora Bazar Street,
**Fort, BOMBAY-1.**

આરાધના થતાં પાંચ જૈનેતર ભાઈ-બેનોએ તેમજ ત્રણ જૈન બેનોએ અઠ્ઠાઈ તપની આરાધના કરી હતી. **શ્રી લલ્લુભાઈ ખેમચંદએ** વરઘોડો ઉતર્યા બાદ પતાસાની પ્રભાવનાનો લહાવો લીધો હતો.

## પુંધરા

પૂજ્ય પંન્યાસ પ્રવર **શ્રી સુબોધ-સાગરજી** ગણિવર્યશ્રી તથા પૂજ્ય મુનિરાજ **શ્રી મનહરસાગરજી** મ. સા.ની પુનિત છાયામાં અત્રે પર્યુષણ પર્વની આરાધના થતાં ૮૫ અઠ્ઠાઈઓ થવા પામી હતી. અઠ્ઠમના તપસ્વીઓની સંખ્યા લગભગ ૨૦૦ જેટલી હતી. **શેઠશ્રી ચંદુલાલ ગોકળદાસ-ભાઈએ** તપસ્વીઓનું ઉમળકાથી બહુમાન કર્યું હતું. ભા. સુ. ૬ના રોજ **શેઠશ્રી લીલાચંદ કંકુચંદે** સાધર્મિક વાત્સલ્યનો લાભ લીધો હતો. ભા. સુ. ૭ થી ૧૨ સુધી લોદ્રા, આમેલ, પીલવાઇ, રણાસણ, વિજાપુર તથા મહુડી ચૈત્યપરિપાટી કાઢવામાં આવી હતી.

## સમી

અત્રે બિરાજમાન અનુયોગાચાર્ય પૂજ્ય પંન્યાસ પ્રવરશ્રી **મહોદયસાગરજી ગણીવર્ય** તથા પૂજ્ય **મુનિરાજ શ્રી અમરેન્દ્રસાગરજી** મ. સા. ની પુનિત છાયામાં પર્યુષણ પર્વની આરાધના થતાં આ ક્રમાણે તપસ્યાઓ થઇ હતી. ૭ સોળ ઉપવાસી, ૧. પંદર ઉપવાસી, ૮. અગીઆર ઉપવાસી, ૧૧. દસ ઉપવાસી, ૨. નવ ઉપવાસી, ૧૬, અઠ્ઠાઇવાળા. ૬. ૭ ઉપવાસી. અને ચાર તેમ જ પાંચ ઉપવાસવાળા પાંચ ભાઈ બેનો હતાં. ભા. સુ. ૧ ના રોજ **શેઠ બચુભાઇ ચતુરભાઇ** તેમના

*With Best Compliments From :*

**JAYANTILAL & CO.**

79 C. P. Tank Road, **Bombay-4.**

**Manufacturers of :**

Colourcem : Fasronate : Ironate

and ask for

**Colour Contracts**

ધર્મપત્ની **સવિતાબેને** સોળ ઉપવાસ કર્યાં હતાં તે નિમિત્તે ભગવાનનું પારણું, સારી ઉછામણી બોલી ઘરે લઇ ગયા હતા. કલ્પસૂત્રનો લહાવો, શ્રી **રમણીકલાલ હરીચંદભાઇએ,** તેમના સુપુત્ર શ્રી **જસવંતલાલે** કરેલ અઠ્ઠાઇ નિમિત્ત લીધો હતો. **નાયકા નિવાસી શેઠશ્રી મુક્તિલાલ નેમચંદભાઈ** એ તપસ્વીઓના પારણાનો લાભ લીધો હતો. આ ઉપરાંત પૂજ્ય પંન્યાસજી મ. સા.ની નિશ્રામાં અભિઅહના અઠ્ઠમ, પંચરંગી તપ, સ્વસ્તીક તપ, ૮૧ આયંબિલ તેમ જ દીપક વ્રતની તપસ્યાઓ થઈ હતી. અત્રે બિરાજમાન આ. મા. નીતિસૂરિજી મ. સા.ના સમુદાયના સા. મ. પરમવિદુષી **મહિમાશ્રીજી, સુગુણશ્રીજી મ., ચંદ્રાશ્રીજી મ., સૂર્યોદયશ્રીજી મ., દક્ષાશ્રીજી મ., ચારૂલત્તાશ્રી મ.** આદિ સાધ્વીજી મહારાજોએ બેનોમાં ધર્મની સારી એવી આરાધના કરાવી હતી.

### ચાણસ્મા

અત્રે બિરાજમાન **મુનિરાજ શ્રી દુર્લભસાગરજી** મ. સા. ની શુભ નિશ્રામાં પર્યુષણ પર્વની આરાધના થતાં સારી સંખ્યામાં તપસ્વી ભાઈ–બહેનો સામેલ થયા હતા. જીવદયા,


With The Best Compliments
From
* Manmohandas Mohanlal & Co *
AND
Amul Traderes.
AGENT:
ASHOK SILK MILLS
DHARAWI ROAD,
SION.
SPECIALIST FOR ART SILK CLOTHS

સાધારણ ખાતાની ટીપ વગેરેમાં પણ લોકોએ સારો ઉત્સાહ બતાવ્યો હતો. અધ્યાપક શ્રી ગુણવંતલાલ મફતલાલે આ આરાધનાઓના આયોજનમાં સુંદર કામગીરી **બજાવી** હતી.

**લોદ્રા**

**શ્રી લોદ્રા જૈન સંઘની આગ્રહ-ભરી વિનંતીથી, બેન સુભદ્રા કોદર-લાલની અઠ્ઠાઈ નિમિત્ત** પૂજ્ય મુનિરાજ શ્રી **મનહરસાગરજી** મ. સા. અત્રે પધારી **ગુરુદર્શન અને** સેવાનો લાભ આપ્યો **હતો.**

**( પાલડી-શીવગંજ )**

આ ગામમાં લગભગ ૫૦ વરસ બાદ પૂજ્ય શ્રમણ ભગવંત પધાર્યા છે. પૂજ્ય પંન્યાસ પ્રવર શ્રી **સુભદ્ર-સાગરજી** મ. સા. તથા મુનિરાજ શ્રી **પ્રીતિસાગરજી** મ. સા. અત્રે પધારતાં અક્ષયનિધિ તપ તેમજ ચૌદ પૂર્વની તપસ્યા થઈ હતી પર્યુષણ પર્વમાં એક હરિજન ભાઈએ અઠ્ઠાઈ કરી હતી.

**લસુંદ્રા**

**શ્રી સુંદરલાલ નાથાલાલે** અત્રે પર્યુષણ પર્વના અનુષ્ઠાનો કરાવ્યા હતા. ભા. સુ. ૧ના રોજ શ્રી **કાંતિલાલ**


METHODEX BUSINESS SYSTEMS

LOTUS HOUSE

1st Marine Street, Near Liberty,

**BOMBAY-2.**

* MANUFACTURERS & SUPPLIERS *

(1) Visible Card Record Cabinets the Best instrument to preserve uptodate record.

(2) Latra Filing Folders the right Supstem for traceing correct files at a glance.

**નાથાલાલ** તરફથી સકળ સંઘને કપડવંજ દર્શનાર્થે લઈ જવામાં આવ્યો હતો. ભા. સુ. ૫ ની નોકારશી શ્રી **ચીમનલાલ નાથાલાલે** તેમજ ભા. સુ. ૬ ની નોકારશીનો લાભ શ્રી **નવીનચંદ્ર કેશવલાલે** લીધો હતો.

### કપડવંજ

અત્રે શેઠશ્રી મીઠાભાઈ કલ્યાણચંદના ઉપાશ્રયે પૂજ્ય મુનિરાજ શ્રી **વિકાસવિજયજી** આદિ તેમ જ જાટના ઉપાશ્રયે પૂજ્ય વિદુષી સા. મ. શ્રી **પ્રવીણાશ્રીજી** આદિ સા. મ. બિરાજમાન છે. આ પૂજ્ય શ્રમણ ભગવંતોની પ્રેરક દેશનાથી કર્મસુદન તપ, ગૌતમસ્વામી છઠ્ઠ, કોટી શીલા તપ, ખીરનાં એકાસણાં, એક ધાન્ય આયંબીલ, અક્ષયનીધિ તપ, સમેતશિખર નિમિત્તે અઠ્ઠમ તપ થતાં ઘણી મોટી સંખ્યામાં તે તે તપમાં તપસ્વીઓ જોડાયાં હતાં. પર્યુષણમાં બાવીસ અઠ્ઠાઈઓ થવા પામી હતી.

### આદર્શનો આરીસો

(ભડથ)

એક આદર્શ જૈન શિક્ષક ધર્મપ્રચાર માટે કેવું સુંદર કામ કરી શકે

WITH BEST COMPLIMENTS
FROM :

# Bipin Industries

*STAINLESS STEEL*
*MERCHANT.*

Bada Mandir Gaushala,
3 rd Bhoiwada, **Bombay – 3.**

છે તેનું સુંદર દૃશ્ય અત્રે ગામજનોને જોવા મળ્યું હતું. કોઈ શ્રમણ ભગવંતનું અત્રે સાન્નિધ્ય નહિ હોવાથી જુના ડીસાથી જૈન અધ્યાપક **શ્રી માણેકલાલ હરગોવનદાસ સોનેથા** (રાધનપુરવાળા) અત્રે પર્યુષણ પર્વની આરાધના કરવા ઉપસ્થિત થયાં હતાં. જો કે ગામમાં માત્ર ગણ્યા ગાંઠ્યાં જ ઘર છે. છતાંય આરાધના ખૂબ જ ઉલ્લાસપૂર્વક થઈ હતી. તેમાં એક ઠાકોર તો અઠ્ઠાઈ પણ કરી હતી. કુલ અઠ્ઠાઈ સાત થઈ હતી. શ્રી માણેકલાલે પ્રેરક પ્રવચનો કરી પાઠશાળા માટે મોટું ફંડ ઊભું કર્યું હતું. લગભગ દસ હજાર સુધી રકમ નોંધવા પામેલ છે. ટુંક સમયમાં આ પાઠશાળા શરૂ થનાર છે.

### ભાભર

પૂ. પં. પ્ર. શ્રી **કંચનવિજયજી** ગણિવર્ય તથા પૂ. પં. પ્ર. શ્રી **ભુવનવિજયજી** ગણિવર્ય તથા પૂ. મુનિરાજશ્રી **મહિમાવિજયજી** મ. સા. ની પુનિત છાયામાં પર્યુષણ પર્વની આરાધના થતાં લગભગ ૧૫૦ તપસ્વીઓએ વિવિધ તપશ્ચર્યાનો લ્હાવો લીધો હતો. પૂ. મુનિરાજ શ્રી **મહિમાવિજયજી** મ. સા. અઠ્ઠાઈ કરી હતી. જ્યારે , શ્રી **ગુ(સિલાશ્રીજી** મ. સા. માસક્ષમણની ભારે તપસ્યા નિર્વિઘ્ને પૂરી કરી હતી.

Grams : **"Fileboard"** Phone : 321543.

# Pimco Sales Agencies

*DISTRIBUTORS :*

**PAPCO MILLS**
**KHOPOLI**

★

**Shree Gopal Paper**
**Mills Ltd.**
**P. O. Yamunanagar**

102/104, Dhanji Street,
**BOMBAY-3.**

## બોટેલી.

વયોવૃદ્ધ મુનિરાજ શ્રી **જિનભદ્રવિજયજી** મ. સા. તથા પૂ. પં. પ્ર. શ્રી **ઇન્દ્રવિજયજી** ગણિવર્ય મ. ની શુભ નિશ્રામાં અત્રે પર્યુષણ પર્વની આરાધનાં થતાં ઘણા જૈન જૈનેતર ભાઇઓએ તપસ્યામાં ભાગ લીધો હતો. ૫૬ અઠ્ઠાઇ તપસ્વીઓ હતા. આ બધામાં પૂ. શ્રી **ઓંમકારવિજયજી મ. સા.** વિક્રમ તોડયો હતો. તેઓશ્રી વર્ધમાન તપની ઓળી છેલ્લા કેટલા વખતથી કરી રહ્યા છે. એ સાથેજ તેઓશ્રીએ ૬૧ ઉપવાસની મહાન સાધના કરી હતી. આ તપસ્યા નિમિત્તે વરઘોડો આદિ પણ યોજવામાં આવ્યાં હતાં.

## શતાબ્દિનું સંસ્મરણ

### અંબાલા

અંબાલામાં પૂ. આ. શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં તેમજ અતિથિ વિશેષ શ્રી બાબુ અમરચંદજીની હાજરીમાં જૈન કોલેજના વિશાળ સભાગૃહમાં એક જાહેર સભા યોજવામાં આવી હતી. સ્થાનકવાસી સમાજના મુનિ શ્રી જ્ઞાનમુનિજી પણ સમગ્ર સંઘ સાથે ઉપસ્થિત થયા હતા. રેડિયો ગાયક શ્રી હરબન્સલાલ શર્મા, પ્રો. પૃથ્વીરાજજી જૈન, પૂ. આચાર્યશ્રી અને પં. શ્રી જનકવિજયજીએ શ્રી ગાંધીના કર્તવ્યશીલ જીવનને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

આવા ધર્મ પરાયણ આત્માની કાયમી સ્મૃતિ માટે (૧) મહાવીર જયંતિ, (૨) સંવત્સરી, (૩) જન્માષ્ટમી, (૪) રામ નવમી, (૫) ગાંધી જયંતિ અને (૬) ગુરુ નાનક જયંતિ—એમ ૭ દિવસોએ કતલખાના બંધ રાખવાની સુધરાઇને વિનંતિ કરતા આ ઠરાવને બહાલી આપવામાં આવી હતી તેમજ બાળકોમાં ધાર્મિક સંસ્કાર સુદૃઢ થાય એ માટે પાઠશાળા શરૂ કરવામાં આવી છે.

તદુપરાંત લુધિયાના ઉજ્જૈન,

**WITH BEST COMPLIMENTS FROM :—**

# MASATER SHAH & Co.

211/23, ABDUL REHMAN STREET,

**BOMBAY-3.**

હોશિયારપુર, ભોપાલ, આગ્રા, બિકાનેર અને વડોદરા જેવા શહેરોમાં પણ સારી રીતે ઉજવણી થયાના સમાચાર મળે છે. સર્વત્ર રચનાત્મક કાર્ય કરવાની વિચારણા ચાલે છે.

## શ્રી ગાંધીની યાદમાં

### ( મહુવા )

શ્રી વીરચંદભાઈની જન્મભૂમિ મહુવામાં પણ જન્મ શતાબ્દિની ઉજવણી સારી રીતે થયેલ છે. શ્રી એ. ટી. દોશીના પ્રમુખસ્થાને યોજાયેલ સભામાં પાલીતાણાથી ખાસ ડૉ. બાવીશી અને શ્રી ફુલચંદ હરિચંદ દોશીએ અતિથિ વિશેષ તરીકે હાજરી આપી હતી. આ પ્રસંગે શ્રી વીરચંદભાઈના જીવન સંબંધી એક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

તદુપરાંત સંસદ સભ્ય શ્રી જશવંત મહેતા, ગુજરાત રાજ્ય વિધાન સભાના સભ્ય શ્રી છબીલદાસ મહેતા મહુવા શહેર સુધરાઈના સભ્યો સર્વશ્રી ઇબ્રાહીમ કલાણીયા, શશીકાન્ત વ્યાસ, ડોલરરાય વસાવડા, અનંતરાય ગાંધી, રૂપારેલ, ચંપકભાઈ વગડા, વગેરે પ્રતિષ્ઠિત કાર્યકરોએ શ્રી વીરચંદભાઈને શ્રદ્ધાંજલિ આપી હતી અને એમની સ્મૃતિમાં પુસ્તકાલય, હૉલ અને સાર્વજનિક સ્થાન પર એમની પ્રતિમા સ્થાપન કરવાનું વિચારવામાં આવ્યું હતું.

## જુનાડીસા ( બનાસકાંઠા ) માં દીવાળીની અનેરી ઉજવણી

આચાર્યશ્રી કીર્તિસાગરસૂરિ આદિની નિશ્રામાં ૧૨૩ બાળક-બાળિકાઓએ દારૂખાનાને આપેલી તિલાંજલી. અને તે દ્વારા મરતા અનેક જીવોને આપેલું અભયદાન.

દરેકે એકથી પાંચ વર્ષની સોગંદવિધિ કરેલ, દરેકને ઇનામ આપવા અભ્યાસના પુસ્તકોની યોજના કરવામાં આવેલ.

આવી રીતે અપૂર્વ ઉત્સાહથી દીવાળી ઉજવી હતી.

Gram : "Taperoller"  Phone : 72508.
With Best Compliments From :—
SHAH BROTHERS
Sandhurst Building,
524, Sandhurst Road,
BOMBAY-3.

## " વાર્તા-હરિફાઇ "

શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ-મુંબઈ સંચાલિત જૈન શિક્ષણ સાહિત્ય પત્રિકા (માસિક) દ્વારા વાર્તા હરિફાઈ યોજવામાં આવી છે. તેમાં પૂ. સાધુ-સાધ્વીજી મહારાજો, શિક્ષક-શિક્ષિકાઓ, વિદ્યાર્થીઓ, લેખકો વગેરે કોઈ પણ વ્યકિત ભાગ લઈ શકશે. પૂ. તીર્થંકર ભગવંતો, પ્રાભાવિક આચાર્યો, જૈનધર્મી રાજાઓ અને મંત્રીઓ આદર્શ શ્રાવક-શ્રાવિકાઓ વગેરે જૈનધર્મના મહાપુરૂષો અને મહાસતીજીઓના જીવનની બોધક અને પ્રેરક વાર્તા, સાદી, સરળ અને ટૂંકી, રોચક અને આધુનિક શૈલીમાં, શિક્ષણ અને ધર્મનું તત્વ આવે એ રીતની આશરે એકસો લીટી પ્રમાણમાં (કોઈપણ વાર્તા અગાઉ કોઈપણ પુસ્તક કે માસિકમાં પ્રગટ ન થયેલી એવી અપ્રગટ અને તદ્દન નવીજ વાર્તા) તા. ૩૧-૧૨-૬૪ સુધીમાં શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ, ઠે. શ્રી શાંતિનાથજી જૈન દહેરાસર, પાયધુની મુંબઈ-૩. એ સરનામે મોકલવી.

With Best Compliments From:

**P. M Shah & Co.**

144, Kalbadei Road, BOMBAY-2.

Contact For:—

Money-Purse : Diary Covers

Photo albam : Rain Coats

AND

**Plastic Novelties.**

અમારાબે

લે : ગુણવંત શાહ
સંપાદક
બુદ્ધિપ્રભા

અભિનવ શૈલી, આધુનિક ઉપમાઓ અને સરળ ભાષામાં ચરમ તિર્થંકર ભગવાન મહાવીરની સારીય જીવન ગાથા વણી લેતી એક અનોખી જ પુસ્તિકા

કિંમત પચાસ નયા પૈસા (ટપાલ ખર્ચ અલગ)

# આધુનિક મહાવીર

## અભિનવ

પ્રકાશન

આ અંકના પહેલા બે પાત્ર તમે વાંચ્યા ?

સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મહારાજે સંસ્કૃત ભાષામાં લગભગ છસો શ્લોક પ્રમાણ પ્રેમ ગીતા લખી છે.

તેનો રસળતી શૈલીમાં ભાવાનુવાદ કરવામાં આવ્યો છે. પ્રેમનું પૃથક્કરણ સમજવા માટે વાંચો.

કિંમત પચાસ નયા પૈસા (પોસ્ટેજ અલગ)

# પ્રેમ ગીતા

ભાવાનુવાદક :
ગુણવંત શાહ

—: લખો :—
બુદ્ધિપ્રભા
C/o શ્રી જે. એસ. ઝવેરી
૧૨/૧૬ ત્રીજો ભોઈવાડો,
૧ લે માળે, મુંબઈ ૨.

માલિક, મુદ્રક અને પ્રકાશક : ઇંદિરા ગુણવંતલાલ શાહ
મુદ્રણાલય : "જૈન વિજય" પ્રિંટિંગ પ્રેસ, ગાંધીચોક–સુરત.

[ અનુસંધાન મૂખપૃષ્ઠ બીજાનું ]

**મનોબળ વડે,** નવાં વર્ષમાં આવતાં સંકટોને તમે હસવામાં કાઢી શકશો, તમારી ત્વચા મગરની ત્વચા જેવી થશે કે જેથી તે સંકટો તેને ભેદી શકશે નહિ.

**મનોબળ વડે,** નવાં વર્ષમાં તમને થતાં સંશયોના ખુલાસા તમારી દૃષ્ટિ સમક્ષ વાતાવરણમાં લખાયેલાં તમે ભાળી શકશો અને તમે નિઃશંક-નિશ્ચિંત-દૃઢ-શ્રદ્ધાવાન મહાત્મા જેવા બની શકશો.

**મનોબળ વડે,** તમે દુનિયાની સારી ખોટી ટીકાઓની દરકાર વગરના બનશો, તમે સ્વાત્મ સંશ્રયી બની શકશો; જેઓ 'બળ'વાન હોય છે તેઓ જ સ્વાત્મસંશ્રયી થઇ શકે છે.

**મનોબળ વડે,** તમે તમારા પાડોશીઓ અને સ્નેહીઓ-તમારા મિત્રો અને શત્રુઓ-તમારા સ્વદેશીઓ અને વિદેશીઓ તરફ પ્રેમ ધરાવતાં થઈ શકશો અને પ્રેમ પાછો તમારા તે 'બળ'માં વૃદ્ધિ કરશે. એમ ઉત્તરોત્તર તમારું 'બળ' અને તજ્જન્ય આનંદ વધ્યાં જ કરશે.

**મનોબળ વડે,** તમારા મગજના એક નાના ખણામાં લાખો સોનામહોરો, કરોડો સુંદરીઓ, સિંહ જેવું બળ, ખ્યાતિ અને સમૃદ્ધિ ભાળી શકશો અને તે જોઇ જોઇને તેમનાથી તમે ધરાઈ જશો; તેથી તે ચીજો તમને કોડીની કિંમતની લાગશે. તમે જુદી જ જાતના અક્ષય ખજાનામાં આનંદ શોધશો અને તે ખજાના પણ ત્યાં જ દેખાશે.

ત્યારે [illegible]

મારા પ્રત્યેક વાચકને ( [illegible] )

**નવા વર્ષની સા[illegible]**
**"મનોબળ વડે [illegible]**

November 1964 **BUDDHIPRABHA** Regd. No. G. 472
(Jain Digest)

રખે વાંચવાનું ચૂકતા

# પ્રાસંગિક અંકો તો બુદ્ધિપ્રભાના જ

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી મહારાજ
ગુજરાતી સાહિત્ય અને સમાજના આદ્ય ઘડવૈયા છે
વિક્રમની ૨૦૨૧ ની કારતક પૂર્ણિમાએ તેમનો ૮૭૬ મો
જન્મ દિવસ આવે છે

એ પુનિત યાદમાં

બુદ્ધિપ્રભા જૈન ડાયજેસ્ટનો

ડીસેંબર માસમાં

# સર્વજ્ઞ સ્મૃતિ અંક

પ્રગટ થશે

| લેખકો | વિષયો |
|---|---|
| મુનિ શ્રી પુણ્યવિજયજી | મહાન આચાર્ય હેમચંદ્રસૂરિ |
| શ્રી જિનવિજય મુનિ | હેમ પ્રસંગો |
| શ્રી ક. મા. મુનશી | કુમારપાળની દિનચર્યા |
| શ્રી ધુમકેતુ | આ હેમચંદ્રસૂરિ: તેમની |
| શ્રી દિ. બા. કૃષ્ણલાલ મો. ઝવેરી | સર્વગ્રાહી વિદ્વત્તા |
| શ્રી કનૈયાલાલ [illegible] | હેમચંદ્રાચાર્યની અપભ્રંશ સેવા |
| શ્રી ચતુરભાઈ [illegible] પટેલ | સોલંકી યુગનો મહાત્મા |
| શ્રી ભાઈલાલ [illegible] | ગાંધીજી રાજર્ષિ કુમારપાળ |
| અને બીજા | અને બીજા લેખ વગેરે |

Cover printed at Kishore Printery - Crescent Chambers,
Tamarind Lane, Fort, Bombay I.